

**દેશના ૬ રાજ્યોએ રસીકરણ માટે હાથ ઊંચા કર્યા**

વાંચો પેજ નં. ૧૬

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



**વોશિંગ્ટનમાં વીકએન્ડમાં કોરોનાનાં નિયંત્રણો હળવા કરાશે**

વાંચો પેજ નં. ૧૮

FRIDAY, 30 APRIL, 2021 Vol. 18, No. 18 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## એક્ઝિટ પોલ : આસામમાં ફરી ભાજપ, કેરળમાં ડાબેરીઓનો ગઢ યથાવત્ રહેશે

# બંગાળમાં તૃણમૂલ-ભાજપ વચ્ચે રસાકસીનો વર્તારો

## કમલ હાસન સહિતના પક્ષો હાંસિયામાં ધકેલાશે, તામિલનાડુમાં રાહુલ ગાંધીનો જાદુ નહીં ચાલે

નવી દિલ્હી : ૪ રાજ્ય અને એક કેન્દ્ર શાસિત પ્રદેશની વિધાનસભાની મેરેથોન ચૂંટણી અંતર્ગત પશ્ચિમ બંગાળમાં અંતિમ આઠમા તબક્કાનું મતદાન પુરું થતાં જ વિવિધ સરવે એજન્સીઓ દ્વારા ગુરુવારે સાંજે ૭ કલાકથી એક્ઝિટ પોલ જાહેર કરાયાં હતાં. ઈન્ડિયા ટુડે-એક્સિસ માય ઈન્ડિયા, ટાઈમ્સ નાઉ, સી વોટર, ઈન્ડિયા ન્યૂઝ, જન કી બાત, ઈન્ડિયા ટીવી, ન્યૂઝ ૨૪, ટૂડેઝ ચાણક્ય જેવી એજન્સીઓ દ્વારા ગુરુવારે પશ્ચિમ બંગાળ, આસામ, તામિલનાડુ, કેરળ અને પોંડિચેરી વિધાનસબા ચૂંટણીના એક્ઝિટ પોલ જાહેર કરાયાં હતાં. મોટાભાગના એક્ઝિટ પોલે પશ્ચિમ બંગાળમાં સત્તા માટે તૃણમૂલ અને ભાજપ વચ્ચે રસાકસીનો હોવાનું અનુમાન આપ્યું છે. જ્યારે આસામમાં ભાજપ તેનો ગઢ જાળવી રાખે તેવી સંભાવના વ્યક્ત કરાઈ છે. તામિલનાડુમાં એઆઈએડીએમકેની સરકારની વિદાય સાથે ડીએમકે સત્તા હાંસલ કરે તેવી સંભાવના છે. કેરળમાં પી વિજયનના નેતૃત્વ હેઠળનો ડાબેરી મોરચો સતત બીજીવાર સત્તા પર આરૂઢ થાય તેમ છે. પોંડિચેરીમાં ભાજપનો કેસરિયો પહેલીવાર લહેરાય તેવો અંદાજ છે. પશ્ચિમ બંગાળમાં



રિપબ્લિક-સીએનએક્સે મમતાના અસ્ત અને ભાજપના ઉદયની સંભાવના વ્યક્ત કરી છે.એનડીટીવીના પોલ ઓફ એક્ઝિટ પોલ અનુસાર મમતા બેનરજીની તૃણૂલ કોંગ્રેસ ૨૯૪માંથી ૧૫૬ બેઠક મેળવશે પરંતુ ભાજપ ૧૨૧ બેઠક સાથે શક્તિશાળી વિપક્ષ બનીને ઉભરી આવશે. ૬ એક્ઝિટ પોલમાં મમતા બેનરજીને ભાજપ કરતા સહેજ વધારે બેઠકો આપવામાં આવી છે.

આસામમાં કોંગ્રેસને ફરી એકવાર હતાશા પ્રાપ્ત થઈ રહી છે. પશ્ચિમ બંગાળમાં પણ કોંગ્રેસ અને ડાબેરીઓના સૂપડા સાફ થઈ રહ્યાં છે. કેરળમાં સત્તાધારી ડાબેરી મોરચો ૧૪૦માંથી સરેરાશ ૮૮ બેઠક સાથે ફરી એકવાર સત્તામાં આવી રહ્યો છે. કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુડીએફને ૫૦ જેટલી બેઠક મળશે. તામિલનાડુમાં ડીએમકે ૨૩૪માંથી ૧૭૧ બેઠક જીતી શકે છે.

# ભારતમાં કોરોનાના કેસ સર્વોચ્ચ સપાટીએ વધુ ૩.૭૯ લાખ દર્દી, ૩,૬૪૫નાં મોત

નવી દિલ્હી : ભારતમાં કોરોનાના દૈત્યે હવે પ્રચંડ સ્વરૂપ ધારણ કરી લીધું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા અનુસાર ગુરૂવારે સાંજ સુધીના ૨૪ કલાકમાં દેશમાં કોરોના સંક્રમણના નવા ૩,૭૯,૨૫૭ કેસ સામે આવ્યાં હતાં અને રેકોર્ડ ૩,૬૪૫ દર્દીઓએ જીવ ગુમાવ્યા હતાં. આ સાથે દેશમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા ૧,૮૩,૭૬,૫૨૪ ઉપર પહોંચી ગઈ હતી. કોરોના મહામારીમાં અત્યાર સુધીમાં ૨,૦૪,૮૩૨ દર્દીઓ જીવ ગુમાવી ચૂક્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૬૯,૫૦૭ દર્દી રિકવર થયાં હતાં તો તેની સામે એક્ટિવ કેસમાં ૧,૦૯,૭૫૦નો ઉછાળો આવ્યો હતો. આ સાથે દેશમાં કોરોનાના કુલ એક્ટિવ કેસની સંખ્યા ૩૦,૮૪,૮૧૪ થઈ હતી. દેશમાં અત્યાર સુધીમાં ૧,૫૦,૮૬,૮૭૮ દર્દી કોરોના મહામારીને માત આપી ચૂક્યાં છે. છેલ્લા એક સપ્તાહથી ભારતમાં દરરોજ કોરોના સંક્રમણના નવા ૩ લાખથી વધુ કેસ નોંધાઈ રહ્યાં છે. એક્ટિવ કેસમાં સતત વધારાની સાથે રિકવરી રેટ ઘટીને ૮૨.૧૦ ટકા પર આવી ગયો છે. સંખ્યાબંધ રાજ્યોમાં પોઝિટિવિટી રેટ ૧૫ ટકાથી ઉપર રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા નવા કેસમાં ૭૨ ટકા હિસ્સો ૧૦ રાજ્યોનો છે. જેમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, ઉત્તરપ્રદેશ, દિલ્હી, પશ્ચિમ બંગાળ, તામિલનાડુ, રાજસ્થાન, છત્તીસહઢ અને આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે.



## દેશમાં કુલ કોરોના મોત પૈકીના ૨૦ ટકા એપ્રિલમાં

ભારતમાં કોરોના સંક્રમણના કારણે અત્યાર સુધીમાં નોંધાયેલા કુલ મોતના ૨૦ ટકા એકલા એપ્રિલ ૨૦૨૧માં નોંધાયાં છે. ૨૯ એપ્રિલ સુધીમાં ૪૨,૩૬૪ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. પબ્લિક હેલ્થ રિસર્ચર ઓમેન જહોન કહે છે કે આ આંકડો મોતનો સાચો આંકડો પ્રતિબિંબિત કરતો નથી. કોરોના મહામારીના બીજા મોજાએ ગામોને પણ પોતાનો શિકાર બનાવ્યાં છે.

## ભારતીય સેનાએ કોરોનાના દર્દીઓ માટે હોસ્પિટલો ખોલી

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કોવિડ મેનેજમેન્ટ માટે સેનાની તૈયારીઓની સમીક્ષા કરી હતી. ભારતીય સેનાધ્યક્ષ જનરલ નરવણેએ પીએમ મોદીને જણાવ્યું હતું કે, દેશના વિવિધ ભાગોમાં સેના હંગામી હોસ્પિટલો શરૂ કરી રહી છે. રાજ્ય સરકારોને મેડિકલ સ્ટાફ ઉપલબ્ધ કરાવી રહી છે.

**વિશ્વના ૧૭ દેશો ભારતની મદદે દોડી આવ્યા**

વાંચો પેજ નંબર. ૧૭


















# પીપીઈ કીટના કાળાબજાર બદલ પાંચ કેનેડીયનો સામે ગુનો

## ટોળકીએ અમેરિકામાં જુદાં જુદાં ૨૧ ઈમેલ આઈડી અને બાવન જેટલા ચોરેલા ક્રેડીટ કાર્ડથી ખેલ કર્યો

ટોરોન્ટો : કોરોનાની મહામારી દરમિયાન અમેરિકામાં પીપીઈ કીટ અને ઈવેન્ટ ટીકીટસના મોંઘા ભાવે વ્યાપારના એક રેકેટમાં એક અમેરિકન અને પાંચ કેનેડીયનો સહિત છ વ્યકિતઓ સામે ગુનો દાખલ થયો હોવાનું યુ.એસ.ગ્રાન્ડ જયુરીએ જણાવ્યું હતું. વેસ્ટર્ન ડીસ્ટ્રીકટ ઓફ ઓકલાહોમાની યુ.એસ.એટોની ઓફિસની અખબારી યાદીમાં જણાવાયું હતું કે, કેલિફોર્નયિાના લોસ એન્જલીસના એક વ્યકિત અને ઓન્ટેરિયો, કેનેડાના પાંચ વ્યકિતઓ સામે મહામારી દરમિયાન પીપીઈ કીટ અને ઈવેન્ટ ટીકીટસ મેળવી એનું મોંઘાભાવે વેચાણ કરાતું હોવાનું બહાર આવ્યું હતુ. આ લોકો અમેરિકા સ્થિત મહામારી સંબંધિત ચીજોના વ્યાપાર કરનારાઓને ફસાવીને તેમની પાસેથી નાઈટ્રેલ ગ્લોવ્સ, માસ્ક અને ગાઉન ચોરેલા ક્રેડીટ કાર્ડથી ખરીદી લેતા હતા અને પછીથી એ જ ચીજો મોંઘા ભાવે વેચતા હતા. આ લોકોએ માર્ચ ૨૦૨૦માં ઓકલાહોમા



સીટીના પેપર સપ્લાયર પાસેથી ૧૮૦૦૦ યુએસ ડોલરની કિંમતના ટોઈલેટ પેપર્સ ખરીદ્યા હોવાનો પણ આક્ષેપ છે. આ ટોળકી મહામારી પહેલા પણ છેતરપીંડીના કામો કરતી હોવાનું પણ બહાર આવ્યું છે. કેમ કે, આ ટોળકીએ જુદાં જુદાં ૨૧ ઈમેલ આઈડી અને બાવન જેટલા ચોરેલા ક્રેડીટ કાર્ડની મદદથી ઈવેન્ટ ટીકીટો ખરીદીને મોંઘા ભાવે વેચી હતી. એક સમયે તેમણે ઓકલાહોમા સ્ટેટ યુનિવર્સિટીની સ્પોર્ટીંગ ઈવેન્ટની ૧૮૦૦ ટીકીટો નવેમ્બર, ૨૦૧૯ અને જાન્યુઆરી, ૨૦૨૦ દરમિયાન ખરીદી હતી. જેમાં તેમણે કેનેડા, ડોમિનીક રીપબ્લીક, સ્પેન, ગ્રીસ અને દુબઈ જેવા દેશોનો પણ ઉપયોગ કર્યો હોવાનું પણ યાદીમાં જણાવાયું હતું. આ કેસની તપાસમાં પાંચ ફેડરલ અથવા રીજિયોનલ ઓર્ગેનાઈઝેશન્સ જેમાં એફબીઆઈ, હોમલેન્ડ સિકયુરીટી અને ન્યુયોર્ક સીટી પોલીસ વિભાગ સંકળાયેલા હતા. જે છ વ્યકિતઓ સામે ગુનો દાખલ કરાયો હતો તેમાં ૨૯ વર્ષીય સ્ટીવન મસ્ત્રોપ, ૨૪ વર્ષીય મિરના માહરોસ હબીબ, ૨૬ વર્ષીય રોબર્ટ વિનીક, ૨૪ વર્ષીય કટાયુન ઓસ્કોઈ, ૨૩ વર્ષીય કેરોલિના મેસ્ત્રોપ જે કેનેડાના વતની હતા અને એક માત્ર અમેરીકન ૨૭ વર્ષીય ડીજોન કોર્નેલિયસ શેપર્ડનો સમાવેશ થાય છે.

# નવા ઈમિગ્રન્ટસને બાળકોને પ્રવેશની પ્રક્રિયા છ માસમાં કરવા એડવોકસી ગૃપની ભલામણ

• કોવિડ-૧૯ની મહામારીને કારણે ઈમિગ્રેશનની પ્રક્રિયા ધીમી પડી

ઓટાવા : ઓટાવાએ કેનેડામાં નવા આવનારા ઈમિગ્રન્ટને એમના બાળકો સાથે મેળવવા માટેની પ્રક્રિયાને ઝડપી કરવી જોઈએ અને ઈમિગ્રન્ટસના પરિવાર સાથે મળવામાં વર્ષોની રાહ ન જોવી પડે એવી પ્રક્રિયા બનાવવી જોઈએ એમ નેશનલ ઍડવોકસી ગૃપના એકઝીકયુટીવ ડાયરેકટર જેનેટ ડેન્ચે કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે, ઘણાં વાલીઓના સંતાનોને રેફયુજી તરીકે રહેવું પડે છે અથવા તો દાદા-દાદી સાથે વરસો સુધી રહેવું પડે છે અથવા તો વતનના પાડોશીઓને ત્યાં રહેવું પડે છે.

આ સ્થિતિ ઘણી દયાજનક છે. ઘણીવાર તો બાળકોએ એવા દાદા દાદી સાથે રહેવું પડે છે, જેઓ ઓછું સાંભળી શકતા હોય છે અને બિમાર રહેતા હોય છે. ગૃપે જણાવ્યું હતું કે, કેનેડા યુનાઈટેડ નેશન્સના કન્વેન્શન ઓન ધી રાઈટસ ઓફ ચાઈલ્ડ ટુ ડીલ વિથ ફેમલી રીયુનિફિકેશનની અરજીઓ પર યોગ્ય ધ્યાન આપવા બંધાયેલું છે. ટોરોન્ટોના ઈમિગ્રેશન લોયર જેનિફર વાને કહ્યું હતુ કે, જેમના માતા પિતા રેફયુજી તરીકે કેનેડા આવ્યા હોય તે ફરીથી પોતાના વતન જતાં રહેતા હોય છે.

તેમણે એવા બે રેફયુજીઓના કેસને ટાંકતા કહ્યું હતું કે, તેઓ વર્ષોથી પોતાના ભારતમાં રહેતા સંતાનોને પોતાની સાથે રાખવા માંગે છે અને ઈમિગ્રેશનની પ્રક્રિયા ઝડપથી પુરી થાય એની રાહ જોઈ રહ્યા છે. તેમને જુલાઈ ૨૦૧૯માં કેનેડામાં રેફયુજીનું સ્ટેટસ મળ્યું હતું અને ત્યારથી તેમણે સંતાનોને બોલાવવા માટેની અરજી કરી છે જેનો હજુ નિકાલ આવ્યો નથી. હાલમાં તો કોવિડ-૧૯ની મહામારીને કારણે ઈમિગ્રેશનની પ્રક્રિયા ધીમી પડી છે.

# કોવિડથી મૃત્યુ પામનારી બ્રામ્પટનની કિશોરી સૌથી નાની વયની કેનેડીયન

• પરિવારની મદદ માટે ૮૦,૦૦૦ યુએસ ડોલરનું ફંડ એકત્ર થયુ

ઓન્ટેરિયો : કેનેડામાં કોવિડ-૧૯થી મૃત્યુ પામનારાઓમાં સૌથી ઓછી વયના દર્દી તરીકે ઓન્ટેરિયોના બ્રામ્પટનની એમિલી વિકટોરીયા વાઈગાસ નામની ૧૩ વર્ષની કિશોરીનું નામ આવે છે.

એના પરિવારના જણાવ્યા મુજબ એ ત્રીજા વેવના વાઈરસથી ગ્રસિત થઈ હતી. એનું મૃત્યુ ૨૨મી એપ્રિલે થયું હોવાનું એક ઓનલાઈન ફન્ડ રેઈઝર લોન્ચ થવાથી જાણવા મળ્યું હતું. જે એના પરિવારે એની સ્મૃતિમાં એમના પરિવારના મિત્ર એડ્રીયાન ગોડાર્ડે લોન્ચ કર્યું હતું અને એમાંથી એના પરિવારની મદદ માટે ૮૦,૦૦૦ યુએસ ડોલરનું ફંડ એકત્ર થયું હતું. એડ્રીયાને મીડિયાને જણાવ્યું હતું કે, વાઈગાસને કોવિડ-૧૯ ઉપરાંત ન્યુમોનિયા પણ થયો હતો. એની માતા અત્યારે કોવિડ-૧૯ના આઈસીયુમાં છે અને એનો નાનો ભાઈ પણ અસરગ્રસ્ત હોવાથી આઈસોલેશનમાં છે. જેને હવે સારૂં છે. વિલીયમ ઓસ્લેર હેલ્થ સિસ્ટમ્સના વચગાળાના કોર્પોરેટ ચીફ ઓફ ઈમરજન્સી મેડીસીન ડો.ઍન્ડ્રુ હેલીએ સોમવારે જણાવ્યું હતું કે, એમની સિસ્ટમમાં ૧૯ વર્ષથી ઓછી વયના વ્યકિતનું મૃત્યુ થયું હોય તેવો આ પહેલો કેસ છે.

# કેનેડાએ ભારત માટે એક કરોડ ડોલરની મદદની જાહેરાત કરી

ઓટોવા : ભારતમાં કોરોનાની બગડતી જતી સ્થિતિ વચ્ચે હવે કેનેડાએ પણ મદદ માટે હાથ લંબાવ્યો છે. કેનેડાના ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ મંત્રી કરીના ગાઉલ્ડે જણાવ્યું કે કેનેડા ભારત માટે ૧૦ મિલિયન એટલે કે એક કરોડ ડોલર (૭૪.૩૯ કરોડ રૂપિયા)ની મદદ કરવાની જાહેરાત કરી છે. તેનાથી તેઓને કોરોના વિરૂદ્ધની લડાઈમાં સહાયતા મળશે.



પેસિફિક દેશ ફિઝીમાં કોરોનાના ઈન્ડિયન વેરિએન્ટ મળ્યાં બાદ હડકંપ જોવા મળી રહ્યો છે. મહામારીની ચેન તોડવા માટે ફિઝીની રાજધાની સુવામાં હાલમાં જ ૧૪ દિવસનું લોકડાઉન લગાડવામાં આવ્યું હતું. જેના માત્ર એક જ દિવસ બાદ ભારતીય વેરિએન્ટની પુષ્ટી થવાથી હેલ્થ ડિપાર્ટમેન્ટ ચિંતામાં પડી ગયા છે. તેઓને તે વાતનો ડર છે કે ક્યાંક આ વેરિએન્ટ મળ્યાં બાદ દેશમાં કોરોનાના કેસની સુનામી ન જોવા મળે.

# ઓન્ટેરિયોના વેપારીઓને સિક લીવની ચુકવણી કરવા ફેડરલ સરકારનો આગ્રહ

ટોરોન્ટો : ઓટાવાએ ઓન્ટેરિયોની ફેડરલ પેઈડ સિકલીવ પ્રોગ્રામની મર્યાદાને ૧૦૦૦ યુએસ ડોલર પ્રતિ સપ્તાહ કરવાના પ્રસ્તાવને નકારી કાઢી સિકલીવની ચુકવણી વ્યાપારીઓ જ કરે એવો આગ્રહ રાખ્યો હતો.

મીડિયામાં પ્રસિદ્ધ અહેવાલોમાં નોંધવામાં આવ્યું છે કે, ઓન્ટેરિયોના નાણાંમંત્રી પીટર બેથેનફાલ્વીએ ૨૨મી એપ્રિલે કેનેડાના નાણાંમંત્રી ક્રિસ્ટીયા ફ્રીલેન્ડને પત્ર લખીને જણાવ્યું હતું કે, પ્રાંતિય સરકાર તો કેનેડા રીકવરી સિકનેસ બેનીફીટની રકમને બમણી કરીને ૧૦૦૦ યુએસ ડોલર પ્રતિ સપ્તાહ કરવા તૈયાર છે. પરંતુ ફેડરલ સરકાર કહે છે કે, સિકલીવની રકમની ચુકવણી સ્થાનિક વ્યાપારીઓ તરફથી જ કરાવવી જોઈએ. જેની સાથે અમે સહમત નથી, અમે માનીએ છીએ કે, આપણે આપણી યોજનાઓને એવી બનાવવી જોઈએ. જેનો સર્વાધિક લાભ લોકોને પહોંચી શકે અને ખરેખર જે લોકો બિમાર છે અને તેમના કોઈ કાયમી નોકરીદાતા નથી એમને નાણાંકિય સહાય સમયસર મળી શકે જેને માટે સરકારે એવી યોજના બનાવવી જોઈએ.

સામાપક્ષે ફેડરલ સરકારના નાણા મંત્રાલયના પ્રવકતા કેથેરીન કયુપલિન્સકાસ કહે છે કે, સરકારે નોકરી દાતાઓ માટે કામદારોને માંદગીની રજાનો પગાર ચુકવવા માટે વેજ સબસીડી આપવાનું શરૂ કર્યું છે. કેનેડા રીકવરી સિકનેસ બેનીફીટ એવા કામદારો માટે છે, જેમના કોઈ કાયમી નોકરીદાતા નથી અથવા કામચલાઉ ધોરણે જ કામ કરતા હોય તેમને તેમના નોકરીદાતાએ ફરજિયાતપણે આ ચુકવણી કરવાની રહે છે.

# કોવિડને કારણે સતત બીજા વર્ષે પણ કેનેડીયન ગ્રાં પ્રિક્સ રદ થઈ

• આરોગ્ય વિભાગે વ્યક્ત કરેલી ચિંતાને પગલે સરકારે નિર્ણય કર્યાની જાહેરાત



કોવિડ-૧૯ને કારણે સર્જાયેલી જાહેર આરોગ્યની સ્થિતિ ગંભીર બની ગઈ છે. તેથી સતત બીજા વર્ષે મોન્ટ્રીયલમાં યોજાનારી કેનેડીયન ગ્રાં પ્રિક્સ રેસ રદ કરવામાં આવી હોવાનું પોલ પોઝીશન એન્ડ લા પ્રેસે મેગેઝીને જાહેર કર્યું હતું. કયુબેકના નાણાંમંત્રી પીયરે ફીટઝીબોને મોન્ટ્રીયલના મેયર વાલેરી પ્લાનેટ, રેસના પ્રમોટર્સ અને અન્ય ફેડરલ તથા પ્રાંતિય અધિકારીઓ સાથેની સંયુકત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, આ વર્ષ ૧૩મી જુનથી શરૂ થનારી આ રેસ રદ કરવામાં આવી છે. વર્તમાન મહામારીના સમયમાં જાહેર આરોગ્ય વિભાગે દર્શાવેલી ચિંતાઓને ધ્યાનમાં રાખીને સરકારે આ નિર્ણય લીધો છે. જેમાં કયુબેક અને ફેડરલ સ્તરનો સમાવેશ થાય છે. જો કે, રેસ રદ કરવાના કોઈ વિશેષ કારણો મિનીસ્ટરે સ્પષ્ટ કર્યા ન હોતા. પરંતુ આવતા વર્ષ ૨૦૨૨માં આ રેસ જરૂરથી યોજાશે એવી ખાતરી તેમણે આપી હતી.

# કેનેડામાં સમર કેમ્પસ કોવિડ-૧૯ની માર્ગદર્શિકાના પાલન સાથે યોજાશે

• કેમ્પ માટે મોટા ટેન્ટની ખરીદી, દરેક સહેલાણીના કોરોના ટેસ્ટ પણ કરાશે



ટોરોન્ટો : કેનેડામાં યોજાતા સમર કેમ્પ હવે ફરીથી કેમ્પર્સને આવકારવા તૈયાર છે અને એ પણ કોવિડ-૧૯ના ધારાધોરણો મુજબ કેમ્પસ યોજાશે. આ ધારાધોરણો દરેક પ્રાંતની સ્થિતિના આંકલન બાદ નક્કી કરવામાં આવ્યા છે.

કેનેડીયન કેમ્પસ એસોસિયેશનના પ્રમુખ અને ન્યુ બ્રુન્સ્વીક સ્થિત કેમ્પ કન્સલ્ટન્ટ સ્ટીફન રીચાર્ડ કહે છે કે, પુરી સાવચેતી સાથે યોજાનારા કેમ્પ આ સિઝનમાં જોવા મળશે. તેમણે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, પાનખર પુરી થતાં જ કેનેડામાં તમામ સમર કેમ્પસ પુરતી સલામતી સાથે યોજાવાનું શરૂ થશે.

આ બધા કેમ્પના આયોજનમાં કોવિડ સામેના સલામતીના બધા પગલા લેવાશે. જેનું ધ્યાન કેમ્પના આયોજકોએ રાખ્યું છે. જે મુજબ દરેક કેબિનને બબલ તરીકે રખાશે. જયાં કેમ્પમાં ભાગ લેનાર સામાજિક અંતર આસાનીથી જાળવી શકશે.

# ૫૪૪૫ કેનેડિયન કોરોનાની ચપેટમાં, ૪૯ મોત

## ઓન્ટેરિયોમાં સૌથી વધુ ૩૮૭૧ કોરોના પોઝિટિવ કેસ નોંધાવા સાથે ૪૧ લોકોએ જીવ ગુમાવ્યા, ૧૩૫૫ની હાલત નાજૂક

ઓન્ટેરિયો : કેનેડામાં કોરોનાની કૂચ જારી રહેતા ગુરુવારે સાંજ સુધીના ૨૪ કલાકમાં ૫૪૪૫ સેમ્પલના રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યા હતા. આ સાથે જ વધુ ૪૯ દર્દીઓએ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. આજ ન્યુ બ્રુન્સવીકમાં સૌથી ઓછા ૧૦ કેસ નોંધાયા હતા.

કેનેડામાં પણ કોરોના વાયરસનું સંક્રમણ અટકવાનું નામ ન લેતું હોય તેમ ગુરુવારે ઓન્ટેરિયોમાં સૌથી વધુ ૩૮૭૧ નાગરિકો કોરોનાથી સંક્રમિત થયા હોવાનું બહાર આવ્યું હતુ. આ સાથે જ અહીં ૪૧ દર્દીના મોત નોંધાયા હતા. ઓન્ટેરિયોમાં આજે ૪૨૨૫ દર્દીઓ સાજા થતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

ક્યૂબેકમાં નવા ૧૦૪૨ લોકો વાયરસની ચપેટમાં આવી જવા સાથે વધુ ૧૦ દર્દીઓએ કોરોનાને કારણે જીવ ગુમાવ્યા હતા. જયારે નોવા સ્કોસીયામાં નવા ૭૦ દર્દી કોરોનાગ્રસ્ત હોવાનું બહાર આવ્યું હતુ. અહીં ગુરુવારે ૧૧ દર્દીઓ રિકવર થયા હતા. મોનીટોબામાં નવા ૨૩૦ કેસ કોરોનાના મળી આવ્યા હતા. જયારે દિવસ દરમિયા બે લોકોના મોત નોંધાયા હતા.



એ જ રીતે સાસ્કેચવાનમાં વધુ ૨૦૫ દર્દી કોરોના વાયરસથી સંક્રમિત હોવાની પૃષ્ટિ સેમ્પલના પરિક્ષણ દરમિયાન થઈ હતી. સાસ્કેચવાનમાં ગુરુવારે માત્ર એક દર્દીનું મોત કોરોનાને કારણે થયાનું નોંધાયું હતુ. બ્રીટીસ કોલમ્બીયામાં પણ વધુ ૮૭૪ દર્દી કોરોનાગ્રસ્ત નીકળવા સાથે એક દર્દી મોતને ભેટ્યો હોવાનું જાણવા મળ્યું હતુ. ગુરુવારે સાંજની સ્થિતિએ દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૮૩૦૩૩ નોંધાય હતી. જે પૈકી ૧૩૫૫ દર્દીઓ જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા હતા. ગુરુવારે વધુ ૪૯ મોત સાથે દેશમાં કુલ મૃતાંક ૨૪૧૬૬ ઉપર પહોંચ્યો હતો.

# ઓન્ટેરિયોમાં કોવિડના કેસ વધતાં સેનાની મેડિકલ ટીમો તૈનાત કરાશે



ટોરોન્ટો : ઓન્ટેરિયો પ્રાંતની વિનંતીને પગલે કેનેડીયન સશસ્ત્રદળ પોતાની ત્રણ મેડીકલ ટીમોને ઓન્ટેરિયોની હોસ્પિટલમાં મદદ માટે મોકલશે, એવી જાહેરાત ફેડરલ સરકારે મંગળવારે સાંજે કરી હતી. અખબારી યાદીમાં જણાવાયું હતું કે, ઓન્ટેરિયોના સોલીસીટર જનરલ સિલ્વીયા જોન્સે આ અગાઉ ઈન્ટેન્સીવ કેર યુનિટ માટેની નિષ્ણાંત નર્સો અને અન્ય તબીબી કર્મચારીઓની માંગણી કરી હતી. તેને ધ્યાને લઈને આ નિર્ણય લેવાયો છે.

**સોલીસીટર જનરલ સિલ્વીયા જોન નર્સ અને અન્ય તબીબીની અછત નિવારવા માંગ કરી હતી**

યાદીમાં પબ્લીક સેફટી એન્ડ ઈમરજન્સી પ્રીપેરેડન્સીસ મિનીસ્ટર બિલ બ્લેરે કહ્યું હતું કે, સેના પોતાની મલ્ટી પર્પઝ મેડીકલ આસિસ્ટન્સ ટીમો ઓન્ટેરિયોની હોસ્પિટલમાં તૈનાત કરી શકે છે. જેમાં નર્સિંગ ઓફિસર્સ, મેડીકલ ટેકનીશીયન્સ અને અન્ય કેનેડીયન દળોનો સમાવેશ થશે. ફેડરલ સરકારે જણાવ્યું હતુ કે, આ ટીમો રોટેટ થતી રહેશે. જે પ્રાંતોમાં ફરતી રહેશે અને સીએએફને મદદરૂપ થશે. બ્લેરે કહ્યું હતુ કે, અમે કેનેડાના તમામ પ્રાંત અને વિસ્તારોમાં કોવિડ-૧૯ સામેની લડાઈમાં મદદ કરવા હંમેશા તૈયાર છીએ.

આ એક સહિયારો પ્રયાસ છે. જેમાં કેનેડાના સશસ્ત્રદળો, કેનેડીયન રેડ ક્રોસ અને આરોગ્ય વ્યવસાયીઓનો પુરો સહકાર મળી રહ્યો છે. આવી કટોકટીના સમયમાં ઘણાં સંગઠનો સરકારના આદેશના પાલન માટે આગળ આવીને મદદ કરી રહ્યા છે. દરેક કેનેડીયનને સુરક્ષિત રાખવાની અમારી જવાબદારી છે. એટલે તબીબી સેવાઓ માટે પણ સૈન્યની તબીબી ટીમોની મદદ લેવામાં આવી રહી છે. ઓન્ટેરિયોની સરકારે આવી માંગણી કર્યાના ગણતરીના કલાકોમાં ફેડરલ સરકારે આ નિર્ણય લીધો હતો. જેમાં કેનેડાના સશસ્ત્રદળો અને કેનેડીયન રેડક્રોસ જેવી સંસ્થાઓ સહભાગી થઈ રહી છે.

# કેનેડામાં ઈનકમટેક્ષ ભરવાની મુદત વધારવા સી.એ. અને નેતાઓની માંગ

ટોરોન્ટો : કેનેડામાં ઈનકમટેક્ષ ભરવાની છેલ્લી તારીખ નજીક આવી રહી છે ત્યારે કરદાતાઓ, એકાઉન્ટન્ટસ અને કેટલાક રાજકારણીઓએ એજન્સીને આ મુદત લંબાવી આપવા વિનંતી કરી છે. તેમણે કહ્યું છે કે, મહામારીને કારણે આવેલા શટડાઉનથી તેમને વધારાના સમયની જરૂર છે. આ મહિનાના આરંભે કન્ઝર્વેટીવ સભ્યોએ લિબરલ્સ ઉપર દબાણ લાવી મુદત જુનના અંત સુધી લંબાવવા કહ્યું હતું.

જયારે કયુબેકે પ્રાંતીય ટેક્ષ માટેની મુદત મે માસના અંત સુધી લંબાવી આપી હતી. ગયા વર્ષે કોવિડ-૧૯ના પહેલા વેવ વખતે એજન્સીએ ૨૦૧૯નો ઈન્કમટેક્ષ ભરવાની મુદત પહેલી જુન સુધી લંબાવી આપી હતી.

**ડેડલાઈન ચુકી જનારા નાગરિકોએ બાકી રકમ ઉપર પાંચ ટકાના દરે પેનલ્ટી ભરવી પડશે**

મીડિયા સાથેની વાતચીતમાં પ્રોફેશનલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ટીફની સ્ટીવર્ટે કહ્યું હતું કે, અમે તો અમારા બધા પ્રયાસો કરી રહ્યા છીએ, જેથી સમયસર રીટર્ન ફાઈલ થઈ શકે. આમ છતાં જો વિલંબ થાય તો અમારા કલાયન્ટસને પેનલ્ટી ન ભરવી પડે, એટલા માટે રજુઆત કરી છે.

કયુબેકે એવી રાહત આપી છે. આ ઉપરાંત કેનેડીયનો એવી મુંઝવણ અનુભવી રહ્યા છે કે, તેમણે કેનેડા ઈમરજન્સી રીસ્પોન્સ બેનીફીટ ઉપર ટેક્ષ ભરવાનો છે કે નહીં એ વિશે કોઈ સ્પષ્ટતા નથી. મોટાભાગના લોકો અત્યારે આર્થિક અને માનસિક તાણથી પીડાઈ રહ્યા છે. ત્યારે પેનલ્ટીનો બોજ તેઓ સહન નહીં કરી શકે. અત્યારે તો જેમને ૭૫૦૦૦ યુએસ ડોલર કે એથી ઓછું કમાયા હોય અને તેમણે કોવિડ-૧૯ના લાભો મેળવ્યા હોય, તેમણે ટેક્ષની રકમ ઉપરનું વ્યાજ ૨૦૨૨ સુધી નહીં ભરવું પડે એવી જોગવાઈ છે.

પરંતુ જો તેઓ ડેડલાઈન ચુકી જશે તો તેમણે બાકી રકમ ઉપર પાંચ ટકાના દરે પેનલ્ટી ભરવી પડશે. અને ત્યારબાદ દર મહિને એ પેનલ્ટીમાં એક ટકાનો વધારો થતો રહેશે.

કેનેડા રેવન્યુ એજન્સી (સીઆરએ) પોતાના કરદાતાઓને લોકઆઉટ કર્યા હતા અને સાઈબર સિકયુરીટીની ચિંતાને કારણે આ પગલું લીધું હતું. જેને કારણે લાખો કેનેડીયનો સીઆરએમાંથી લોકઆઉટ થઈ ગયા હતા.

એમની સામે હવે નવો પડકાર ઉભો થયો છે. કેટલાક કલાયન્ટસ તો માન્ય ઈન્ટરનેટ કનેકશન કે કમ્પ્યુટરનો ઉપયોગ કરી નથી શકતા. હવે સીઆરએ કહે છે કે જો કેનેડીયનોએ ભવિષ્યમાં કોવિડ-૧૯ને લગતા લાભો મેળવવા હોય તો આ વર્ષે સમયસર ટેક્ષ ભરી દેવો પડશે.






# કોરોનાથી ભારત બેહાલઃ ઓક્સિજન, ઈન્જેકશ બાદ હવે રસીના પણ વાંધા

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ભારતમાં કોરોનાની બીજી લહેરની ઘાતક અસરોથી હાહાકાર મચી ગયો છે. સ્થિતિ એટલે હદે પહોંચી છે કે, હોસ્પિટલમાં દવા, ઓક્સિજન અને ઈન્જેકશન વિના ટળવળતા લોકો મોતને ભેટવા માંડ્યા છે. રાજ્યોને ઓક્સિજન અને દવા પહોંચાડવાની વ્યવસ્થા સુદ્ધા કેન્દ્ર સરકારે નિભાવવી પડી રહી છે. હોસ્પિટલોએ ઓક્સિજન ન પહોંચવાના કારણે કોર્ટના દરવાજા ખટખટાવવાની જરૂર પડી છે. ઓક્સિજનની તંગીએ દેશની સ્વાસ્થ્ય વ્યવસ્થાને હચમચાવી દીધી છે. ઓક્સિજન સમયસર ન મળવાના કારણે અનેક કોરોના સંક્રમિતોએ જીવ ગુમાવવા પડયાં છે. ગુરુવારે ઉત્તર પ્રદેશમાં ઓક્સિજનની અછતને કારણે મુરાદાબાદની એક ખાનગી હોસ્પિટલમાં કોરોનાના ૧૧ દર્દીઓનાં મોત થયા હતા. આ જ સમયે કોરોનાના કારણે લખનઉ-ચંડીગઢમાં એક-એક વ્યક્તિએ આત્મહત્યા કરી હતી. લગભગ દેશના દરેક રાજ્યોમાં દરરોજ ચાર પાંચ ઘટનામાં દર્દીઓ આત્મહત્યા કરી રહ્યા છે.

ભારતમાં કેન્દ્ર અને રાજય સરકારોને ટપારવા માટે ખુદ કોર્ટ પણ આગળ આવી રહી છે. મદ્રાસ હાઈકોર્ટ અને દિલ્હી હાઈકોર્ટે તો કેન્દ્ર સરકારને ખખડાવી નાંખતા કહ્યું હતુ કે, હવે દેશની આ સ્થિતિમાં અમારાથી ચૂપ બેસી શકાય તેમ નથી. છેલ્લાં ૧૪ મહિનાથી કેન્દ્ર સરકાર શું કરી રહી છે. દિલ્હી હાઈકોર્ટે પણ કડકાઈ સાથે કેજરીવાલ સરકાર અને મોદી સરકારને સોંસરા સવાલો પુછ્યા છે. જયારે સુપ્રિમ કોર્ટે તો મોદી સરકારને તેનો આગામી એક્શન પ્લાન રજૂ કરવા સુધીનો આદેશ કર્યો છે. આવા સંજોગોમાં સરકાર માટે રસીકરણ પણ મહત્વનું અભિયાન છે. પરંતુ કોરોના સામેની આ લડાઈમાં ભારત પાસે હવે રસીનો પર્યાપ્ત જથ્થો નથી. જેને કારણે ૮ રાજ્યોએ તો ગુરુવારે હાથ ઉંચા કરીને તે આ અભિયાન હાલ ચલાવશે નહીં તેવી જાહેરાત કરી હતી. જયારે અન્ય રાજ્યોમાં પણ રસીકરણની ગતિ મંદ પડી ચુકી છે. જે આવનારા દિવસોમાં કોરોનાની સ્થિતિને વધુ વકરાવી શકે છે. ગુજરાત, દિલ્હી, મહારાષ્ટ્ર અને બિહાર ઉત્તરપ્રદેશમાં તથા મધ્યપ્રદેશમાં આજે ઓક્સિજનની સમસ્યા સૌથી મોટી છે. સરકાર આ રાજ્યોમાં નિયમિત અને માંગ સામે ઓક્સિજન પહોંચાડી શકતી નથી. આ ઉપરાંત રેડીસમેવેર ઈન્જેકશન તથા અન્ય દવાની પણ ભારે તંગી પડી રહી છે. છેલ્લાં અઠવાડિયામાં તો દેશની કેટલીક સરકારી હોસ્પિટલોએ નવા દર્દીને લેવા માટે પોતાના દરવાજા સુદ્ધા બંધ કરી દેવાની નોબત આવી. આ સ્થિતિ વર્તમાન દારુણ પરિસ્થિતિનો ચિતાર આપી રહી છે.

મેડિકલ ઓક્સિજન આશરે ૮૨ ટકા શુદ્ધ ઓક્સિજન હોય છે અને સંક્રમણમુક્ત હોય છે. પૃથ્વીના વાતાવરણમાં ઓક્સિજનનું પ્રમાણ ૨૧ ટકા જેટલું હોય છે. વાતાવરણમાં ઓક્સિજન સાથે બીજા વાયુઓનું પણ મિશ્રણ હોય છે. સામાન્ય રીતે મેડિકલ ઓક્સિજનનું ઉત્પાદન હવામાં ભળેલા જુદાં જુદાં વાયુઓને અલગ કરતા એકમ એટલે કે એર સેપરેશન યુનિટમાં થાય છે. આ પ્રક્રિયામાં વાતાવરણમાંથી લેવામાં આવેલી હવાને સેપરેશન અને ડિસ્ટીલેશનના જુદાં જુદાં તબક્કામાંથી પસાર કરવામાં આવે છે. ઓક્સિજનના ઉત્પાદનનો બીજો એક પ્રકાર પ્રેશર સ્વિંગ એબ્સોર્પ્શન કહેવાય છે. આ પ્રક્રિયામાં પ્લાન્ટને હોસ્પિટલોમાં જ ગોઠવવામાં આવે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના નિષ્ણાંતોના મતે કોવિડ-૧૯ના અત્યંત ગંભીર કેસોમાં ઓક્સિજનનું લેવલ ઝડપથી ઘટવા લાગે છે. જો ઓક્સિજનની આ કમીને સમયસર પૂરી કરવામાં ન આવે તો શરીરના અંગો બગડવા લાગે છે અને છેવટે દર્દીનું મૃત્યુ નીપજે છે. દર્દીમાં ઓક્સિજનનું લેવલ જાળવી રાખવા માટે મેડિકલ ઓક્સિજન આપવાની જરૂર પડે છે. કેટલાંક રિપોર્ટ પ્રમાણે કોરોના મહામારી ફેલાઈ એ પહેલા ભારતમાં દૈનિક ૭૦૦ ટન ઓક્સિજનની જરૂર પડતી હતી. પરંતુ મહામારી દરમિયાન ગયા વર્ષે ઓક્સિજનની માંગ ચાર ગણી વધીને પ્રતિ દિન ૨૮૦૦ ટને પહોંચી ગઈ હતી. જો કે, આજે ભારતમાં કોરોના રોકેટ ગતિએ આગળ ધપી રહ્યો હોવાથી દૈનિક ૫૦૦૦ ટન ઓક્સિજનની જરૂર પડી રહી છે. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડના જણાવ્યા અનુસાર ગયા અઠવાડિયે ઓક્સિજનની માંગ કુલ ઉત્પાદનના ૬૦ ટકા કરતા વધારે એટલે કે ૭૨૦૦ મેટ્રિક ટન થઈ ગઈ છે. જોકે ૨૧ એપ્રિલે આ ખાતાના એક અધિકારીએ દિલ્હી હાઈકોર્ટમાં જણાવ્યું કે હવે દૈનિક ૮ હજાર મેટ્રિક ટન ઓક્સિજનની જરૂર પડી રહી છે.

મહામારી પહેલા ૭૦ ટકા ઓક્સિજનનો ઉપયોગ જુદાં જુદાં ઉદ્યોગોમાં થતો હતો. પરંતુ હવે સરકારે ૯ આવશ્યક ઉદ્યોગોને છોડીને બાકીના તમામ ઉદ્યોગોમાં ઓક્સિજનનો સપ્લાય બંધ કરીને એ હોસ્પિટલોને આપવાનો આદેશ આપ્યો છે. હવે માત્ર ૧૫ ટકા ઓક્સિજન જ ઉદ્યોગોને આપવામાં આવી રહ્યો છે. માત્ર સ્ટીલ પ્લાન્ટ્સ, પેટ્રોલ રિફાઈનરીઓ, ફાર્માસ્યૂટિકલ્સ, વેસ્ટવૉટર ટ્રીટમેન્ટ જેવા આવશ્યક ઉદ્યોગોમાં ઓક્સિજનનો ઉપયોગ થઈ રહ્યો છે. ચિકિત્સા માટે ઉપયોગમાં લેવાતા ઓક્સિજન માટે ભારતમાં કોઈ નિયંત્રિત ઉત્પાદન નથી થતું. માત્ર એના ભાવ નેશનલ ફાર્માસ્યુટિકલ્સ પ્રાઈસિંગ ઓથોરિટી નક્કી કરે છે. જોકે હાલ મહામારીના કારણે જે પરિસ્થિતિ ઊભી થઈ છે એમાં મેડિકલ ઓક્સિજનનો સપ્લાય કેન્દ્ર સરકારે પોતાના હાથમાં લઈ લીધો છે. કેન્દ્ર સરકારનો એક મજબૂત સમૂહ તેની દેખરેખ રાખે છે અને કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડના સચિવ તેના અધ્યક્ષ છે.

દરેક રાજ્યને ઓક્સિજનનો કેટલો ક્વોટા મળશે તે આ સમિતિ નક્કી કરે છે. દેશમાં દૈનિક ૭ હજાર મેટ્રિક ટન ઓક્સિજનનું ઉત્પાદન થાય છે જ્યારે માંગ માત્ર પાંચ હજાર ટનની છે. એ દૃષ્ટિએ દેશમાં ઓક્સિજનની માંગ કરતા વધારે ઉત્પાદન થાય છે. જોકે હાલ જે સંકટ છે એ ઉત્પાદનનું નહીં પરંતુ સપ્લાયનું છે. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ઓક્સિજનનું સૌથી વધારે ઉત્પાદન થાય છે, જ્યારે મધ્યપ્રદેશમાં ઓક્સિજનનું ઉત્પાદન થતું નથી. મહારાષ્ટ્ર અને ગુજરાત શરૂઆતથી કોરોનાથી અસરગ્રસ્ત રાજ્યો રહ્યાં છે. એટલા માટે આ રાજ્યો બીજા રાજ્યોમાં ઓક્સિજન સપ્લાય કરવાની સ્થિતિમાં નથી. જાણકારોના મતે આંધ્રપ્રદેશ, ઓડિશા અને ઝારખંડ જેવા રાજ્યોમાં વધારાનો ઓક્સિજન ઉપલબ્ધ છે પરંતુ આ રાજ્યોમાંથી ઓક્સિજન બીજા રાજ્યોમાં પહોંચાડવાની મુસીબત છે.

હવે રેલવેએ વિશેષ માલગાડીઓમાં ઓક્સિજનના મોટા ટેન્કર એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડવાની શરૂઆત કરી છે. દેશમાં કોરોના સંક્રમણના કેસ દરરોજ નવા રેકોર્ડ બનાવી રહ્યા છે. બુધવારે દેશમાં કોરોનાના ૩.૮૦ લાખ કેસ નોંધાયા હતા. જે અત્યાર સુધીનો સર્વાધિક આંકડો છે. આ સાથે જ છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના કારણે ૩,૫૯૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. હાલ દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૩૦ લાખ નોંધાય છે. જે ખૂબ જ ચિંતાજનક છે. ગત વર્ષે વાયરસનો પ્રકોપ શરૂ થયો ત્યાર બાદ પહેલી વખત સક્રિય દર્દીઓનો આંકડો ૩૦ લાખે પહોંચ્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે તુલના કરીએ તો અમેરિકામાં સર્વાધિક આશરે ૭૦ લાખ જેટલા સક્રિય દર્દીઓ છે. ૩૦ લાખના આંકડા સાથે ભારત બીજા ક્રમે છે. બ્રાઝિલમાં આશરે ૧૦ લાખ જેટલા સક્રિય કેસ છે અને તે ત્રીજા નંબરે છે. દેશમાં કોરોનાને કારણે સ્થિતિ સતત વણસી રહી છે. તેથી ઉત્તરાખંડ સરકારે ચારધામ યાત્રા રદ કરી દીધી છે. આ સાથે જ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની વિનંતી છતાં શ્રમિકોનું મોટા પાયે પલાયન ચાલુ રહ્યું હતુ.



manoj1968@yahoo.ca






# ગોવર્ધનથાળ

## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 10 items +Tax

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૭૪૦, માર્ખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.




**Quarantine Special Package**

**$73 Per Day**



Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# રાજ્યમાં કોરોનાનો ઉછાળો, ૧૪૩૨૭ નવા કેસ, ૧૮૦ મોત

ગાંધીનગરઃ રાજ્યમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે. કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ભયાનક હોય તે પ્રકારે રોજેરોજ આંકઓ પોતાનો જ બનાવેલો રેકોર્ડ તોડી રહ્યા છે. રાજ્યમાં ગુરૂવારે ૧૪ હજારથી વધુ કોરોનાના કેસો નોંધાયા હતા. તો બીજી તરફ મોતનો આંકડો પણ તમામ રેકોર્ડ તોડી રહ્યો છે. જો કે હવે કોરોના તબક્કાવાર રીતે કાબુમાં આવી રહ્યો છે. આંકડો ૧૪ હજારની આસપાસ સ્થિર થઈ રહ્યો છે.

ગુરૂવારે રાજ્યમાં વધુ ૧૮૦ દર્દીના મોત કોરોનાનેકારણે થયા હતા. કેટલાક નિષ્ણાંતોનો દાવો છેકે સરકાર ટેસ્ટિંગ ઘટાડીને આંકડા કાબુમાં હોવાનાં દાવા કરી રહી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૩૨૭ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૯,૫૪૪ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૪,૦૮,૩૬૮ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. અત્યાર સુધીમાં ૯૬,૩૩,૪૧૫ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૨૨,૮૯,૪૨૬ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઇ ચુકી છે. આ પ્રકારે કુલ ૧,૧૯,૨૨,૮૪૧ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષનાં કુલ ૬૨,૦૨૬ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૬૨,૦૨૬૧ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૧,૩૭,૭૯૪ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૫૭૨ લોકો વેન્ટિલેટર પર છે અને ૧,૩૭,૨૨૨ લોકો સ્ટેબલ છે. ૪,૦૮,૩૬૮ લોકોને ડિસ્ચાર્જ અપાઇ ચુક્યું છે. ૭,૦૧૦ લોકોનાં મોત નિપજ્યાં છે.

## પાંચ દિવસમાં રિક્વરી રેટ ૫૩% વધ્યો

ગુજરાતમાં રાજ્યમાં ફેલાયેલા કોરોનાના આ અંધારયુગમાં આશાનું એક કિરણ જોવા મળ્યું છે. ભલે તે ઘટાડો ખૂબ સામાન્ય ૧.૬ ટકા જેટલો હોય પરંતુ ઘટાડો થયો તે મહત્વની વાત છે. તો સામે પક્ષે આ જ ૨૪ કલાકના સમય દરમિયાન ૮૫૯૫ લોકો સ્વસ્થ થઈને પરત ફર્યા છે. જે સાથે રાજ્યનો રિક્વરી રેટ ૬૧ ટકાએ પહોંચ્યો છે. જે પાંચ દિવસ પહેલા ૨૩ એપ્રિલના રોજ ૪૧ ટકા હતો. એબ્સોલ્યુટ ટર્મમાં વાત કરીએ તો દૈનિક ડિસ્ચાર્જ એટલે કે રિક્વરી થવાનો આંકડો ૫૬૧૮ અંક વધ્યો છે જે ૫૩ ટકા જેટલો વધારો છે. તો બીજી તરફ વધુ એક રાહતના સમાચાર એ પણ છે કે હાઈકોર્ટની ઝાટકણી પછી જાહેર કર્યું હતું કે કોઈપણ વાહનમાં પહોંચેલા દર્દીઓને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવશે.

## ગાંધીનગરઃ ઓક્સિજનની પળોજણ વચ્ચે સિવિલમાં એમ્બ્યુલન્સના ખડકલા થયા

ગાંધીનગરઃ હોસ્પિટલોમાં બેડની અછતને કારણે ગાંધીનગર સિવિલમાં એમ્બ્યલન્સની લાઈન ઓછી થવાનું નામ જ નથી લેતી ત્રણ દિવસથી સવારથી રાત સુધી એમ્બ્યુલન્સ અને કારમાં ઓક્સિજન તથા અન્ય સારવાર લેતા દર્દીઓ કોવિડ હોસ્પિટલની બહાર જોવા મળી રહ્યા છે. તો બીજીબાજુ કોલવડામાં ઓક્સિજન બેડ સહિતની સુવિધા કરવામાં આવી તેમ છતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની સ્થિતિ ઠેરની ઠેર જ છે.એટલે કે, વેઈટીંગ ઘટતું નથી અને સામે સંક્રમણ ખુબ જ ઝડપથી ફેલાઈ રહ્યું છે. સમગ્ર દેશમાં હાલ પ્રાણવાયુની પળોજણ છે. ઓક્સિજનની માંગ એટલી વધી ગઈ છે કે, જથ્થો વધારવામાં આવ્યો હોવા છતા કોરોના પોઝિટિવ દર્દીને પુરતો ઓક્સિજન મળતો નથી અને ઓક્સિજન નહી મળવાને કારણે દર્દીના મોત થયા હોવાના કિસ્સાઓ પણ હવે દિવસેને દિવસે વધી રહ્યા છે. ગાંધીનગરમાં પણ એક્સિજન બેડની અપેક્ષાએ સિવિલની કોવિડ હોસ્પિટલ બહાર લાઇનમાં રહેલા દર્દીઓના મોત થયા હોવાના બનાવો પણ બન્યા છે તેમ છતા ગાંધીનગર સિવિલ બહારની લાઇન બંધ થવાનું નામ નથી લેતી.જો કે, ત્રણ દિવસ કરતા બુધવારે એમ્બ્યુલન્સ અને વાહનોની સંખ્યામાં સુખદ ઘટાડો જોવા મળ્યો હતો.

## વડોદરા : ગાયક કલાકાર અને નિવૃત્ત પોલીસ કર્મચારી સહિત ૧૮૫ લોકોના મોત

શહેરમાં કોરોનાનો વિસ્ફોટ થયો છે. મંગળવારે સાંજ સુધીના ચોવીસ કલાક દરમિયાન કોરોનાના કારણે ગાયક કલાકાર સહિત ૧૮૫ લોકોના મોત થયા હતા . જોકે,સત્તાવાર આંકડો ૯ દર્શાવવામાં આવ્યો હતો. કોરોનાના સેમ્પલીંગની સંખ્યા વધારવામાં આવી છે. જેના પગલે પોઝિટિવ દર્દીઓની સંખ્યા વધીને ૭૬૭ થઈ ગઈ હતી. કોરોનાની સારવાર દરમિયાન રિકવર થતા દર્દીઓની સંખ્યામાં પણ મંગળવારે ૧૮૯નો ઘટાડો થયો હતો અને ઓક્સિજન તેમજ વેન્ટિલેટરના સપોર્ટ પરના દર્દીઓની સંખ્યામાં બુધવારે પણ વધારો થયો હતો કોરોના મહામારીએ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતો અને રોજ મોતનો આંકડો વધતો જાય છે. શહેરના ગાયક કલાકાર ભાવેશ વ્યાસ સહિત ૧૮૫ લોકોને એક જ દિવસમાં કોરોના ભરખી ગયો છે. તે ઉપરાંત એક રાજકીય પક્ષના કાર્યકરના પિતા જેઓ નિવૃત્ત પોલીસ કર્મચારી હતા.તેમનુ પણ કોરોનાની સારવાર દરમિયાન મોત થયુ છે. જ્યારે ચોવીસ કલાકમાં ૯,૮૬૬ લોકોના કોરોનાના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા હતા.જે પૈકી ૭૬૭ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે.જ્યારે બુધવારે ૭,૧૩૬ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા હતા.જે પૈકી ૭૫૪ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા.

## રાજકોટ ખાતે મોતનું તાંડવ, અંતિમવિધિ માટે લાઈનો, મનપાએ શબવાહિની વધારી

રાજકોટ : રાજકોટમાં ટેસ્ટ કિટ, ઓક્સીજન, ઈન્જેક્શનો , હોસ્પિટલમાં બેડ વગેરેની તીવ્ર તંગી વચ્ચે સમયસર સારવારના અભાવે અનેક લોકો મોતને ભેટી રહ્યા છે. તંત્ર મોતને તો અટકાવી શકતું નથી પરંતુ, સ્મશાનોએ લાંબી કતારોને ઓછી કરવા મનપાએ નવા સ્મશાનો વધાર્યા બાદ મંગળવારે મૃતદેહ લાવવા તાકીદે પાંચ શબવાહિનીઓની વ્યવસ્થા કરવામાં આવ્યાનું મેયરે જણાવ્યું છે. હાલ કોરોનાથી મૃત્યુ દરમાં વધારો થઈ રહ્યો છે, અવસાન પામનાર દર્દીના પરિવારજનોની પીડા અન્વયે હોમ આઈસોલેશન કે પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓના મૃત્યુના કેસમાં અંતિમવિધિમાં અડચણ ન થાય તે માટે આજે ડ્રાઈવર,હેલ્પર સાથે પાંચ નવી શબવાહિની મનપામાં શરુ કરાઈ છે તેમ મેયર પ્રદિપ ડવે જણાવ્યું હતું. હાલ કૂલ ૧૮ શબવાહિનીમાં ૧૩ શબવાહિની કોવિડ ડેથ માટે અનામત રખાઈ છે. શહેરમાં ૫ ઈલેક્ટ્રીક સહિત ૫૩ ખાટલા (ચિતા) ધરાવતા ૭ સ્મશાનો કોવિડ માટે રિઝર્વ્ડ રાખ્યા છે, ન્યારી ડેમ ,રામનાથપરામાં નવા સ્મશાનો શરુ કરવા સાથે ૧૧ સ્થળે કોવિડ સિવાયના મૃત્યુની અંતિમવિધિની વ્યવસ્થા કરાઈ છે. રાજકોટમાં કોરોના અને તેની અસરથી ગુરુવારે ૭૩, ગઈકાલે ૫૧ અને આજે ૬૨ના મોત સરકારી ચોપડે જાહેર થયા છે.



# સૌરાષ્ટ્રમાં પ્રાણવાયુની અછત અને તંત્ર અધ્ધર શ્વાસે

## જૂનાગઢને ૨૫ ટનની જરૂરત સામે માંડ ૧૬ ટન મળે છે, ચાર દિવસમાં જિલ્લાની હોસ્પિ. માટેનો ટ્રાફિક રાજકોટમાં

## રાજકોટને સાંજ સુધી ફક્ત ૭૦ ટન સ્ટોક મળ્યો, હોમ આઈસોલેટ દર્દીઓ માટે હવે એકને બદલે ૪ પ્લાન્ટને છૂટ

રાજકોટ : સૌરાષ્ટ્રની અનેક હોસ્પિટલોમાં સોમવારથી બુધવાર સુધી ઓક્સિજનની ભારે બુમ પડી હતી. ઓક્સિજન આપવામાં સમયઅવધિ નહીં જળવાતી હોવાથી તંત્રના પણ શ્વાસ અધ્ધર થઈ ગયા હતાં!

રાજકોટની પી.ડી.યુ. (સિવિલ) તથા ૪૨ ખાનગી હોસ્પિટલોની મળીને રોજીંદા ૧૧૦ મેટ્રિક ટન મેડિકલ ઓક્સિજનની જરૂરત રહે છે, જેમાંથી ૧૦ ટન ભાવનગરતી અને ૧૦૦ ટન જથ્થો જામનગરતી આવે છે. જામનગર જિલ્લાના પ્લાન્ટમાંથી રાજયના અનેક જિલ્લાઓ માટે સપ્લાય થતો હોવાથી ત્યાં રોજેરોજ ટેન્કરોની મોટી કતાર લાગે છે. રવિવારે પણ બપોર સુધી ૩૫ સાંજ સુધીમાં વદુ ૩૫ ટન સ્ટોક મળ્યો હતો, તો બીજો ૩૦ ટન રાતે પહોંચાડવાની ખાતરી અપાઈ હતી. કયારેક એક સાથે બે ગાડી આવે અને થોડા કલાક કોઈ ગાડી ન મળે એ મુખ્ય પ્રશ્ન છે. જો કે નોડલ ઓફિસર જે.કે. પટેલે જણાવ્યું કે, દર ચારે'ક કલાકે એક - એક ગાડી મળે એવી વ્યવસ્થા કાલથી ગોઠવાઈ જાય એટલે મેનેજમેન્ટનો પ્રશ્ન હલ થઈ જશે. શાપરની એક ઉપરાંત શાપરની જ અન્ય એક



અને મેટોડાની બે એજન્સીને હોમ આઈસોલેટ્સ માટે બાટલા ભરી દેવા છૂટ આપવામાં આવ્યાનું પણ તેમણે ઉમેર્યુ હતું.

જૂનાગઢની રોજીંદી ૨૫ ટનથી વધુ જરૂરત સામે માંડ ૧૫થી ૧૬ ટન મળે છે. જૂનાગઢ સિવિલમાં બનાવાયેલી ૨૦ હજાર લિટર ક્ષમતાવાળી ટેન્ક રોજ એક વાર ભરાય છે, જયારે ખાનગી ૨૫ હોસ્પિટલો માટે આજે ૧૮૧ જમ્બો સીલિન્ડર અપાયા હતાં. જામનગરની હોસ્પિટલો ફુલ છે ત્યારે દાખલ દર્દીઓના જીવ બચાવવા માટે પર્યાપ્ત ઓક્સિજન પૂરો પાડવા કલેકટર રવિશંકરે ટુકડીઓની રચના કરી છે.

## મારા ભાઈને ઇન્જેક્શન ના આપો તો પછી ઝેરી દવા આપી દો

ધોરાજી– ધોરાજીની સરકારી હોસ્પિટલમાં બે કોરોનાગ્રસ્ત દર્દીના સગાઓએ જાહેરમાં વેદના ઠાલવી હતી કે, 'અમારા બે ભાઈ મરી જશે, ઇન્જેક્શન ના આપી શકો તો ઝેરી દવા આપી દો..' જે ઘટનામાં ઉપલેટાના કોરોનાગ્રસ્ત દર્દીને બચાવવા માટે પૈસા ભરવા છતાં રેમડેસીવીર ઇન્જેક્શન નહીં અપાતા દર્દીના સગાઓએ હોબાળો મચાવ્યો હતો અને તાત્કાલિક પોલીસ બોલાવવી પડી હતી. પ્રાપ્ત માહિતી મુજબ ઉપલેટાની ખાનગી હોસ્પિટલમાં ૩૫ અને ૪૫ વર્ષના બે કોરોના પોઝિટિવ દર્દીઓ જીવન–મરણ વચ્ચે ઝોલા ખાઇ રહ્યા છે ત્યારે તેમના ડોક્ટરે રેમડેસીવીર ઇન્જેક્શન બાબતે જણાવતા ગઈ તા. ૨૨ના રોજ ઓનલાઈન નોંધણી કરી ઇન્જેક્શન માંટે પેમેન્ટ કરી દીધા પછી પણ ઇન્જેક્શન નહીં મળતા દર્દીના સગા સંદીપ ધમસાણીયા વિગેરે ઉપલેટાથી ધોરાજી સિવિલ હોસ્પિટલ ખાતે આવ્યા હતા. જ્યાં સિવિલ હોસ્પિટલના અધિકારીઓને બે ઈન્જેક્શન આપવા બાબતે રજૂઆત કરી, પરંતુ ના પાડી દેતા મામલો બિચક્યો હતો.

## ગોંડલમાં કોરોનાના ૨૫૦ દર્દીઓના જીવ તાળવે ચોંટી ગયા

ગોંડલ : ગોંડલ શહેરની સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં બુધવારના ઓક્સિજનની ઘટ વર્તાઈ રહી હતી. અનેક રજૂઆત કરવા છતાં પણ સરકારી બાબુઓના પેટનું પાણી હલતું ન હોવાથી મોડી રાત્રે ગંભીર પરિસ્થિતિ સર્જાતાં આશરે અઢીસો દર્દીઓ ઉપર મોતના વાદળો મંડરાવા લાગ્યા હતા. સરકારી હોસ્પિટલમાં ૫૪ બેડ ઉપર કોરોનાની સારવાર ચાલી રહી છે, આ ઉપરાંત ખાનગી હોસ્પિટલમાં ૨૦૦થી વધારે દર્દીઓ કોરોનાની સારવાર લઇ રહ્યા છે. બુધવારના સવારથી જ ઓક્સિજન ઘટી રહ્યો હોવાથી તબીબો દ્વારા રાજકોટ કંટ્રોલ રૂમ ખાતે અનેકવાર રજૂઆત કરાઇ હતી પરંતુ પરચુરણ ઓક્સિજનના બાટલાથી પૂરૂં પડે તેમ નહોતું. રાજકીય અગ્રણીને જાણ કરાતા તાકીદની મિટિંગ બોલાવાઈ હતી અને આગેવાનોએ ઘોડા દોડાવી કોલીથડ, શાપર, રાજકોટ ઘમરોળી ઓક્સિજનની વ્યવસ્થા કરી હોસ્પિટલમાં તાબડતોબ ઓક્સિજનના બાટલા પહોંચતા કર્યાં હતા.

# ભુજની જી.કે હોસ્પિટલમાં ચાર લાશ ગાયબ થયાની વાતે હોબાળો

ભુજ : કચ્છની ભુજ ખાતે અદાણી સંચાલિત સિવિલ હોસ્પિટલની સ્થિતિ અત્યતં કાથળી ગઈ છે. સારવાર માટે બેડ કે ઓક્સિજન તો નાથી મળતા પરંતુ દર્દીઓ મરી ગયા બાદ તેની બોડી ૭ થી ૮ કલાક સુધી પરીવારજનોને શોધવા છતાં મળતી ન હતી. શરમજનક બાબત એ છેકે, આજે ૪ કોરોના દર્દીઓના મોત બાદ કલાકો સુધી ડેડબોડી ક્યાં ગઈ તેની કોઈને ખબર ન હોતા ભારે હોબાળો થયો હતો. જ્યારે સ્નેહીજનો દર્દીની પુચ્છા કરવા આવ્યા ત્યારે દર્દીઓ ગાયબ હોવાની જાણ થઈ હતી. કલાકોની રઝળપાટ બાદ તેઓ મોતને ભેટયા હોવાની ખબર પડી હતી. પરંતુ તે બાદ દર્દીની લાશ ક્યાં ગઈ તેની કોઈને જાણ ન હોતા ચાર દર્દીના પરીવારજનોએ હોસ્પિટલમાં ભારે ડખ્ખો કર્યો હતો. રોજ શરમજનક ઘટનાઓની હારમાળા જી.કેમાં સર્જાઈ રહી છે. મળતી માહિતી મુજબ મંગળવારે જી.કેમાં ૪ કોરોના પોઝિટિવ દર્દીઓના રાતે કે વહેલી સવારે મોત થઈ ચુક્યા હતા. સવારે જ્યારે દર્દીઓના પરીવારજનો તેઓની ભાળ મેળવવા પહોંચ્યા ત્યારે નિયત વોર્ડના લીસ્ટમાં દર્દીનું નામ જોવા મળ્યું ન હતું . પરીણામે પરીવારજનોએ દર્દી ક્યાં ગયા તેની પુચ્છા કરતા સ્ટાફ,ડોક્ટર સહીતના કોઈને કશુ ખબર ન હતી. સતત ૪ કલાક સુધી દર્દીઓની ભાળ મેળવવા પરીવારજનો આખી હોસ્પિટલમાં ફર્યા પરંતુ દર્દી જીવીત છે કે મરી ચુક્યા તેની જાણ પણ થઈ ન હતી.

**વધુ એક વિવાદ : અદાણી સંચાલિત સિવિલમાં મેનેજમેન્ટના નામે મીંડું**

# ભાવનગર સર ટી. હોસ્પિટલમાં પોર્ટેબલ ક્રાયો લિક્વિડ ઓક્સિજન ટેંક લગાવાઈ

- ૭ થી ૧૦ લાખની પોર્ટેબલ ક્રાયો લિક્વિડ ઓક્સિજન ટેંકની ક્ષમતા ૧ હજાર લીટરની છે

ભાવનગર : કોરોના વાયરસની બીજી લહેરમાં લોકોને કુદરતી શ્વાસને બદલે કૃત્રિમ રીતે શ્વાસ આપીને અત્યારે કોરોનાના દર્દીઓનું અમૂલ્ય જીવન બચાવવામાં આવી રહ્યું છે. કોરોનાની આ સ્થિતિમાં દર્દીઓને શ્વાસ લેવાની ભારે તકલીફ હોવાની ફરિયાદ વધી છે. આ જરૂરિયાતને પહોંચી વળવાં માટે ભાવનગરમાં સર ટી. હોસ્પિટલમાં હયાત ૧૦ હજાર લીટર ક્ષમતાની લિક્વીડ ઓક્સિજન ટેંક ઉપરાંત પાંચ પોર્ટેબલ ક્રાયો લિક્વિડ ઓક્સિજન ટેંક લગાવવામાં



આવી રહી છે. રૂા. ૭ થી ૧૦ લાખની એક એવી પોર્ટેબલ ક્રાયો લિક્વિડ ઓક્સિજન ટેંકની ક્ષમતા ૧ હજાર લીટરની છે. આમ, તે સ્થાપિત થઈ જવાથી ૧૫ હજાર લિક્વિડ ઓક્સિજન મળતો થઈ જશે.






સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# મોડાસાની જીઆઈડીસીમાં ૨૧ લાખની ચોરીમાં વેપારીના પુત્ર સહિત છ ઝડપાયા

**• ગોડાઉનની બાજુની ઘઉંની મીલનો વેપારી જ રૂપિયાની ચોરીમાં પકડાયો**

મોડાસા : મોડાસાના હજીરા વિસ્તારમાં આવેલી જીઆઈડીસીમાંથી રૂ.૨૧.૬૬ લાખની ઘરફોડ ચોરીના ચકચારી ગુનામાં વેપારી પુત્ર સહિત છ તસ્કરોની ગેંગ ઝડપી પડાતા અને આ તસ્કર ગેંગે ચોરીનો ગુનો કબૂલતા જ જિલ્લાભરમાં ચકચાર મચાવનાર ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ગણતરીના કલાકમાં જ ઉકેલાયો હતો.

મોડાસા નગરની જીઆઈડીસી વિસ્તારમાં આવેલ એક ગોડાઉનમાંથી જુદાજુદા દિવસો દરમ્યાન ચણાના ૫૮૯ કટ્ટા અને એરંડાની ૧૨૦ બોરીઓ મળી કુલ રૂ.૨૧,૬૩,૪૯૬ની ચોરીનો ગુનો આચરાયો હતો.આ ચકચારી ઘરફોડ અંગે વેપારી સીરાજઉદ્દીન પટેલે ફરીયાદ નોંધાવી હતી અને ટાઉન પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરૂધ્ધ ઘરફોડનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસે ગોડાઉન જીઆઈડીસી અને માર્ગ પર ના સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવી ગણતરીના કલાકોમાં આ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો હતો.અને આ ચકચારી રૂ.૨૧,૬૬,૪૯૬ ના તસ્કરીના ગુનામાં તસ્કર ગેંગના મુખ્ય સૂત્રધાર એવા અને આ ગોડાઉનની બાજુમાં જ આવેલ ઘઉંની મીલના વેપારી પવન મહેશ્વરીને ઝડપી લીધો હતો. મોડાસા ટાઉન પોલીસે આ રૂ.૨૧ લાખથી વધુની ઘરફોડ ચોરીના ગુનામાં આરોપી પવનભાઈ અમૂલભાઈ મહેશ્વરી, રજાકભાઈ ઉસ્માનગની બાંડી, યુસુફભાઈ નાથાભાઈ બાંડી, લાલસિંહ વક્તુસિંહ ખાંટ,, દિનેશભાઈ પ્રતાપભાઈ, રાવળ અને ભરતભાઈ રાવળ સહિતનાઓને ઝડપી હવાલાતે કરી આરોપીઓની સઘન અને અન્ય ગુનામાં સંડોવણી માટે રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

# વડોદરા પુષ્ટિ સંપ્રદાયના કિર્તનકાર કિરીટ પટવાનું અમેરિકામાં નિધન

વડોદરા : કલ્યાણરાયજી મંદિર, નિઝામપુરા હવેલી અને એટલાન્ટાની ગોકુલધામ હવેલી સાથે સંકળાયેલા કિરીટપટવાનું કોરોનાને કારણે દુખદ નિધન થયું છે. આ સાથે જ વૈષ્ણવ સમાજના અગ્રણી એવા વડોદરાના ચિરાગપટવા અને તેજસપટવા (એટલાન્ટા-અમેરિકા)એ પિતાની છત્રછાયા ગુમાવી છે. ઘટનાનેપગલે વૈષ્ણવાચાર્ય દ્વારકેશલાલજી મહારાજે દુખ વ્યક્ત કરીનેપટવાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

કિરીટભાઈપટવા વડોદરાનાપુષ્ટિ સંપ્રદાયમાં કિર્તનકાર તરીકેની ઓળખ ધરાવતા હતા. કિરીટપટવાના આકસ્મિક નિધનથી વૈષ્ણવ સમાજમાં શોકની લાગણી વ્યાપી છે. ૭૯ વર્ષની ઉંમર ધરાવતા કિરીટભાઈપટવા છેલ્લા એક સપ્તાહથી કોરોનાથી સંક્રમિત થયા હતા. તેથી તેમને ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામા આવી રહી હતી. વડોદરાના માંડવી વિસ્તારમાં મહેતાપોળ ત્યારબાદ હાલ નિઝામપુરામાં રહેતા કિરીટભાઈપટવા જી.એસ.એફ.સી.માં સિનિયર એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયા હતા. તેઓએ યુવાકાળથી માંડવીના શ્રીકલ્યાણરાયજી મંદિરમાં શ્રી ઠાકોરજીના કિર્તનનું ગાન કરવાનું શરૂ કર્યું હતું.

# મોડોસામાં કોરોનાના કહેર વચ્ચે હનુમાન જન્મોત્સવનું પર્વ સાદગીથી ઉજવાયું

મોડાસા : ચૈત્ર સુદ પૂનમનું પર્વ અને હનુમાન જન્મોત્સવ જિલ્લાભરમાં શ્રધ્ધાભેર મનાવાયો હતો. જોકે વધતા જતા કોરોના સંક્રમણને લઈ જિલ્લામાં મોટાભાગના ધાર્મિક સ્થળો,મંદિરો હાલ બંધ છે. ત્યારે આ ધાર્મિક પર્વની ઉજવણી સાદગી પૂર્વક મંદિર ટ્રસ્ટ દ્વારા હાથ ધરાઈ હતી. મોડાસા નજીક સૂતેલા હનુમાનથી પ્રસિધ્ધ ભીડભંજન હનુમાન મંદિરે અન્નકૂટ અને મારૂતીયજ્ઞાનું સાદગી પૂર્વક આયોજન મંદિર ટ્રસ્ટ દ્વારા હાથ ધરાયું હતું. જિલ્લામાં છેલ્લા દોઢ વર્ષથી વકરેલા કોરોના વાયરસને લઈ વિવિધ પર્વ,તહેવારોની ઉજવણીઓ પ્રભાવીત થઈ છે.દિવાળી,નવરાત્રી અને ધુળેટી જેવા મહાપર્વે પણ જિલ્લાવાસીઓ સંક્રમણની સ્થિતિમાં ઉજવી શકયા નથી. અને વર્ષ દરમ્યાન મોટાભાગના મંદિર,આશ્રમો અને ધાર્મિક સ્થાનો દર્શન વગર બંધ જ રાખવાની ફરજ પડી છે.

# વડોદરામાં પાડોશમાં રહેતી શિક્ષિકાની હત્યા કરનારને આજીવન કેદની સજા

**• અગાશીમાં કચરો નાંખવા બાબતે ઝઘડો થતા ચાકુના ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા**

વડોદરા : ઘરની અગાશીમા વારંવાર કચરો નાંખનાર પાડોશીને ઠપકો આપતા તેણે ઉશ્કેરાઈને પાડોશમા રહેતા પરિવાર સાથે તકરાર કરી પેટમાં ચપ્પુના ઉપરાછાપરી ઘા ઝીંકી હત્યા કરી હતી.જે ગુનામાં સંડોવાયેલા આરોપીને કોર્ટે આજીવન કેદની સજા કરી છે.

ગોરવા રિફાઈનરી રોડ પર કાશીધામ સોસાયટીમાં રહેતો કુલદીપસિંહ સમીરસિંહ ચૌહાણ અવારનવાર તેના પાડોશીના ઘરની અગાશી તેમજ ઘર પાસે કચરો નાંખી હેરાન કરતો હતો.ગત તા.૦૬ -૦૬-૨૦૧૮ ના રોજ ફરીથી તેણે કચરો નાંખ્યો હતો.તે બાબતે મોડીરાતે પાડોશમાં રહેતા વિપ્લવ જરીવાલાને જાણ થતા તેણે મમ્મી માધુરીબેનને જાણ કરી હતી.જેથી,તેની મમ્મી અગાશી પર આવી હતી.તે દરમિયાન કુલદીપસિંહ પણ અગાશી પર આવી ગયો હતો.અને તેણે ઉશ્કેરાઈને માધુરીબેનને પેટમાં ચપ્પુના ઉપરાછાપરી ઘા ઝીંકી દેતા માધુરીબેનનું મોત થયુ હતુ.માધુરીબેન બાજવા કરોડિયા રોડ પર આવેલી પ્રેરણા હિન્દી વિદ્યાલયમાં શિક્ષિકા તરીકે નોકરી કરતા હતા.

# પ્રસિદ્ધ યાત્રાધામ ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિરે ચૈત્રી પુનમે જૂજ લોકો જ આવ્યા

ખેડબ્રહ્મા : ખેડબ્રહ્મા ખાતે આવેલ અંબિકા માતાજી મંદિર બંધ હોવાના કારણે ચૈત્રી પુનમો મેળો બંધ રહ્યો હતો અને ગણ્યા ગાંઠયા લોકોએ બહારથી દર્શન કર્યા હતા.

ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિરનો ચૈત્રી પુનમનો મેળો બહુ મોટો ગણાય છે. ગુજરાતભરમાંથી લાખોની સંખ્યામાં મા અંબાના દર્શન કરવા લોકો આવે છે. પરંતુ કોરોના મહામારીના કારણે મંદિરો બંધ હોવાથી ગત વર્ષની જેમ આ વર્ષે પણ મેળો બંધ રહ્યો હતો. અને બંધ દરવાજા બહારથી લોકોએ દર્શન કર્યા હતા. લાખોની સંખ્યામાં લોકો ચૈત્રી પુનમના મેળામાં આવતા હોય છે. પરંતુ મંદિર બંધ હોવાના કારણે ગણ્યા ગાંઠયા લોકો પુનમ ભરવા આવ્યા હતા અને બહારથી જ દર્શન કર્યા હતા. કોરોનાને કારણે આ વખતે પૂનમે યોજાતા કાર્યક્રમોમાં મોટું વિઘ્ન આવી ગયું હતું.

# મેઘરજની નવી ઇસરી ગામે તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી વૃદ્ધાની હત્યા

**• રાત્રિના સમયે અજાણ્યા શખ્સે હુમલો કરીને વૃધ્ધાને મોતને ઘાટ ઉતારતા ગુનો નોંધાયો**

મેઘરજ : વીઈસરી ગામે ૬૫ વર્ષીય વૃદ્ધ મહિલા મણીબેન કબાભાઈ ડામોર શુક્રવારે રાત્રે જમી પરવારીને પોતાના ઘરના આંગણામાં પોતાના પૌત્ર સાથે એક ખાટલામાં સુતા હતા તેવામાં મોડી રાત્રે કોઈ અજાણ્યો શખ્સ આવી મણીબેનના માથાના ભાગે તીક્ષ્ણ હથીયારનો ઘા મારી ફરાર થઈ ગયો હતો. મણિબેનને માથામાં તિક્ષણ હથિયારનો ઘા વાગતાં બેભાન હાલતમાં ખાટલામાંથી નીચે પડયા હતાં તેવામાં તેમનો પૌત્ર પાણી પીવા માટે ઉઠી તેની બાજુમાં સુઈ રહેલા બેનને ઉઠાડતાં બેને દાદી મણીબેનને જમીન ઉપર પડેલાં જોઈ ઘરના સભ્યોને ઉઠાડયા હતા. ઘરના સભ્યોએ આવીને જોતાં મણીબેનને માથાના ભાગેથી લોહી વહી રહ્યું હતું જેથી મણીબેનને ઈસરી સરકારી દવાખાને સારવાર માટે ખસેડાયા હતા ત્યાં સારવાર કરાવી પોતાના ઘરે લાવી બીજા દિવસે શામળાજી ખાતે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. હોસ્પિટલના તબીબે વધુ સારવાર માટે મોડાસા કે હિંમતનગર રીફર કરવાની સલાહ આપી હતી. પરંતુ મણિબેનનો પુત્રએ મોડાસા સારવાર કરાવી પોતાના ઘરે લઈ આવ્યો હતો જયાં રવિવારે મણિબેનનું મોત નીપજતાં મૃતકના પુત્ર શાંતિલાલ કબાભાઈ ડામોરે ઈસરી પોલીસ મથકે પોતાની માતાને કોઈ અજાણ્યા શખ્સે તિક્ષણ હથિયારથી મોતને ઘાટ ઉતાર્યાની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ પંચાલે ઘટના સ્થળનું પંચનામું કરી આગળની કાર્યવાહી કરી હતી.

# બહુચરાજી મંદિરે વર્ષોથી ભરાતો ચૈત્રી પૂનમનો મેળો બીજા વર્ષે મોકૂફ રખાયો

**• દર વર્ષે ૪ દિવસનો મેળો ભરાય છે: દરેક શ્રધ્ધાળુને ઘરે જ માતાજીની પૂજા-અર્ચના કરવા અપીલ કરાઈ**

ચાણસ્મા : મહેસાણા જિલ્લાના પવિત્ર યાત્રાધામ બહુચરાજી ખાતે તા.૨૭-૪-૨૧ને મંગળવારના રોજ ચૈત્રી પૂનમ હોઈ હાલની કોરોના મહામારીને ધ્યાને લઈ બેચર-બહુચરાજીના તમામ બજારો સંદતર બંધ રાખવાનો નિર્ણય ગ્રામ પંચાયત દ્વારા લેવામાં આવ્યો છે. આ અંગે સ્થાનિક ગ્રામ પંચાયતના સરપંચ દેવાંગ પંડયાએ જણાવ્યું કે, ચૈત્રી પૂનમે શ્રધ્ધાળુઓની ભીડ થતી હોઈ લોકોમાં કોરોના સંક્રમણ ફેલાવવાનું જોખમ રહેલું છે. આથી લોકોની સુરક્ષાને ધ્યાને લઈ ચૈત્રી પૂનમને મંગળવારના રોજ બેચર-બહુચરાજી ગ્રામ પંચાયત વિસ્તારની તમામ દુકાનો બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. જેમાં જમવા માટે હોટલ દ્વારા પાર્સલ સુવિધા આપી શકશે. જ્યારે દવાની દુકાનોને બંધમાંથી મુક્તિ અપાઈ છે.

બંધ દરમિયાન કોઈપણ વ્યક્તિ મંદિર પરિસર બાજુ જઈ શકશે નહી. પદયાત્રીઓ, સંઘ કે કોઈપણ જાતના રથ સાથે પૂનમે બહુચરાજી આવવું નહી. દરેક શ્રધ્ધાળુ ઘર આંગણે જ માતાજીની પૂજા-અર્ચના કરી કોરોના મહામારીથી વિશ્વનું રક્ષણ કરે તેવી પ્રાર્થના કરવા વિનંતી છે.ઉલ્લેખનીય છે કે ચૈત્રી પૂનમે મા બહુચરનો પ્રાંગટયોત્સવ હોઈ દર વર્ષે ચૈત્ર સુદ-૧૩થી વદ એકમ સુધી ભરાતા ચાર દિવસના મહામેળામાં ૧૫ લાખથી વધુ શ્રધ્ધાળુઓ દર્શન માટે ઉમટે છે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૨.૦૦ PM થી ૬.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો WE ARE RE-OPENING
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-બુધ : ૨.૦૦ PM થી ૬.૦૦ PM
ગુરૂ-શુક્ર : વીક ઓફ
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર : ૧૧.૦૦ AM થી ૫.૦૦ PM
શનિ-રવિ : વીક ઓફ
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com



## રશ્મિકા મંદાના હવે બોલીવુડમાં ચમકશે

દક્ષિણ ભારતીય ફિલ્મોની અભિનેત્રી રશ્મિકા મંદાના બોલીવૂડમાં એન્ટ્રી કરી રહી છે. ફિલ્મ મિશન મજનૂમાં તે કામ કરી રહી છે. આ ફિલ્મથી તે બોલીવૂડમાં આગમન કરશે. અલગ-અલગ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કામ કરવા બાબતે રશ્મિકાએ કહ્યું હતું કે દરેક નિર્દેશક, દરેક ટીમ અને ક્રુ મેમ્બર્સ અલગ રીતે કામ કરતાં હોય છે. એક જ ફિલ્મના કલાકારો કદાચ બીજી ફિલ્મમાં સાથે કામ કરતાં હોય છે. પરંતુ બીજી ટીમ સાથે તો તેમને પણ અલગ રીતે કામ કરવું પડે છે. કામ એક સરખુ નથી પણ ઇન્ડસ્ટ્રી એક સરખી રીતે કામ કરતી હોય છે. બોલીવૂડમાં એન્ટ્રી કરવાનો અત્યારે મારા માટે યોગ્ય સમય હતો.

## પ્રિયંકા ચોપરાએ વૈશ્વિક સ્તરે લોકોને ભારતની મદદ માટે કરી અપીલ

કોરોના વાયરસને કારણે દેશમાં આરોગ્ય સેવાઓ ખરાબ હાલતમાં છે. દેશભરના લાખો લોકો દરરોજ કોરોના ચેપનો ભોગ બની રહ્યા છે. આવી સ્થિતિમાં, દર્દીઓ હોસ્પિટલમાં પથારી, ઓક્સિજન અને દવાઓની તીવ્ર અછતથી પીડાઈ રહ્યા છે. આ મુશ્કેલ સમયમાં, વિશ્વના ઘણા દેશોએ મદદ માટે હાથ લંબાવ્યો છે. આ દરમિયાન હવે પ્રિયંકા ચોપરાએ વૈશ્વિક સ્તરે રાહત માટે આગળ આવવાની અપીલ કરી છે. પ્રિયંકાએ એક વીડિયો પોસ્ટ કરીને દુનિયાભરના લોકોને સંદેશ આપ્યો છે અને મદદ માટે વિનંતી કરી છે. પ્રિયંકા ચોપડાએ વીડિયોમાં કહ્યું છે કે, અમને કેમ ફરક પડે છે? આ સમય કેમ આટલો મહત્વપૂર્ણ છે? હું લંડનમાં બેઠી છું અને મારા કુટુંબીઓ અને ભારતમાં રહેતા મિત્રો પાસેથી સાંભળી રહી છું કે ત્યાંની હોસ્પિટલોની ક્ષમતા કેવી છે, આઇસીયુમાં જગ્યા નથી, એમ્બ્યુલન્સ વ્યસ્ત છે, ઓક્સિજનનો પુરવઠો ઓછો છે, સ્મશાન ઘાટમાં અંતિમ સંસ્કાર એક સાથે થઈ રહ્યા છે, કારણ કે મરનારાની સંખ્યા વધારે છે. ભારત મારું ઘર છે અને આ સમયે ઘાયલ છે.



## ઓસ્કાર : બેસ્ટ ફિલ્મ, બેસ્ટ એક્ટ્રેસ અને બેસ્ટ ડાયરેક્શનના એવૉર્ડ સાથે નોમાડલેન્ડ છવાઈ



લોસ એંજલ્સઃ કોરોનાના પ્રકોપ વચ્ચે પણ રવિવારે રાત્રે અમેરિકાના લોસ એંજલ્સમાં બે લોકેશનથી જોડાઈને હોલિવૂડ સ્ટાર્સે સૌથી મોટો એવૉર્ડ સમારોહ માણ્યો હતો. ૯૩મા ઓસ્કાર એવૉર્ડમાં બ્લેક બોટમ, નોમાડ લેન્ડ અને સાઉથ ઓફ મેટલને એવૉર્ડ પ્રાપ્ત થયો હતો. એંથની હોપકિન્સને ધ ફાધર માટે બેસ્ટ એક્ટરનો અને ફ્રાન્સિસ મેકડોરમાન્ડને નોમાડલેન્ડ માટે બેસ્ટ એક્ટ્રેસનો એવૉર્ડ પ્રાપ્ત થયો હતો. ફિલ્મ નોમાડલેન્ડ બેસ્ટ પિક્ચર સહિત ત્રણ કેટેગરીમાં એવૉર્ડ જીતી ગઈ છે. ૮૩ વર્ષના એંથની હોપકિન્સ બેસ્ટ એક્ટર એવૉર્ડ જીતવા સાથે સૌથી વયવૃદ્ધ એક્ટર બન્યા હતાં. એન રોથે પણ ૮૯ વર્ષની વયે ઓસ્કાર જીતીને ઈતિહાસ રચ્યો છે, સૌથી વધુ વયે ઓસ્કાર જીતનારી પ્રથમ એક્ટ્રેસ બની છે. ૭૩ વર્ષની સાઉથ કોરિયન એક્ટ્રેસ યૂહ-જુંગ યૂને ઈતિહાસ રચ્યો છે. આ વર્ષે નેટફિલક્સે ૩૬ નોમિનેશન સાથે પોતાનો દબદબો ઊભો કર્યા હતો.



## ઓસ્કાર વિજેતાઓની યાદી

- બેસ્ટ એક્ટર : એંથની હોપકિન્સ
- બેસ્ટ એક્ટ્રેસ : ફ્રાન્સિસ મેકડોરમન્ડ
- બેસ્ટ પિક્ચર : નોમાડલેન્ડ
- બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ : યૂહ-જૂંગ યૂન
- બેસ્ટ સપોર્ટિંગ એક્ટર : ડેનિયલ કાલુયા
- બેસ્ટ ડિરેક્ટર : ક્લો ઝાઓ
- બેસ્ટ ઓરિજિનલ સ્ક્રિનપ્લે : પ્રોમિસિંગ યંગ વૂમન
- બેસ્ટ એડપ્ટેડ સ્ક્રિનપ્લે : ધી ફાધર
- બેસ્ટ એનિમેટેડ ફીચર : સૌલ
- બેસ્ટ એનિમેટેડ ફિલ્મ : ઇફ એનિથિંગ હેપન્સ, આઈ લવ યુ
- બેસ્ટ રાઇટિંગ : ધી ફાધર
- બેસ્ટ લાઇવ એક્શન શોર્ટ ફિલ્મ : ટુ ડિસ્ટન્સ સ્ટ્રેન્જર્સ
- બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ સબ્જેક્ટ : કોલેટ
- બેસ્ટ ડોક્યુમેન્ટરી ફીચર : માય ઓક્ટોપસ ટીચર
- બેસ્ટ ઇન્ટરનેશનલ ફીચર : અનધર રાઉન્ડ
- બેસ્ટ ઓરિજિનલ સોંગ : ફિલ્મ જુડાસ એંડ ધી બ્લેક મસીહાનું ફાઇટ ફોર યુ
- બેસ્ટ ઓરિજિનલ સ્કોર : સૌલ
- બેસ્ટ સિનેમેટોગ્રાફી : મંક
- બેસ્ટ વિઝયુઅલ ઇફેક્ટ : ટેનેટ
- બેસ્ટ ફિલ્મ એડિટિંગ : સાઉન્ડ ઓફ મેટલ
- બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઇન : મા રેઇનીની બ્લેક બોટમ
- બેસ્ટ સાઉન્ડ : સાઉન્ડ ઓફ મેટલ
- બેસ્ટ પ્રોડક્શન ડિઝાઇન : મંક
- બેસ્ટ મેક-અપ એન્ડ હેરસ્ટાઇલિંગ : મા રેઇનીની બ્લેક બોટમ














હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર

નિહાળો નીત નવા રૂપરંગમાં !!

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.

23 Lyric Road, Brampton ON L6S 0B4.


## ૧૪૦૦ વર્ષ પછી મક્કા-મદિનાની મસ્જિદોની ડિઝાઈનમાં ફેરફાર કરવા નસીબ લઈને આવ્યા એન્જિનિયર કમાલ

# મક્કા-મદિનાની મસ્જિદના આર્કિટેકની રસપ્રદ વાતો

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

ડૉ. મોહમ્મદ કમાલ ઈસ્માઈલ એ દુનિયાના એકમાત્ર એવા આર્કિટેક હતા, જેમને ઈસ્લામના ઈતિહાસમાં પ્રથમ વખત મક્કા અને મદિનાની મસ્જિદોના વિસ્તરણનું કાર્ય કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. બંને મસ્જિદોમાં એકસરખાં વ્હાઈટ માર્બેલ લગાવવામાં નિયતિએ એવો ભાગ ભજવ્યો હતો કે એના સાક્ષી બનીને મોહમ્મદ કમાલ ધ્રુસકે ધ્રુસકે રડી પડયા હતા.

મોહમ્મદ કમાલનો જન્મ ઈજિપ્તમાં ૧૯૦૮માં થયો હતો. ઈજિપ્તના મોર્ડન ઈતિહાસમાં તેઓ સૌથી યુવા એન્જિયર હતા. વળી, યુરોપમાં અભ્યાસ કર્યો હોય, તેવા ઈજિપ્તના તેઓ પ્રથમ સ્ટૂડન્ટ હતા. ઈસ્લામિક સ્થાપત્યને લગતી ત્રણ-ત્રણ ડોક્ટરેટ ડિગ્રી મેળવીને તેઓએ પોતાની પ્રતિભાનો પરિચય આપી દીધો હતો. તેઓ ઈજિપ્તના રાજા દ્વારા મળતાં રેન્ક ઓફ આયરન મેળવનારા સૌથી યુવા નાગરિક હતા. આટલા બધા સન્માન મળવા છતાં તેઓમાં રંજભાર પણ અભિમાન ન હતુ. તેમના નસીબમાં વધારે મહત્વનું કામ કરવાનું લખાયું હતુ. એટલે જ સદીઓમાં એકવાર થતું હોય તેવું કામ તેમના ભાગે આવ્યું.

૧૪૦૦-૧૫૦૦ વર્ષમાં ક્યારેય નહોતું થયું એવું પવિત્ર કાર્ય તેમણે કર્યુ હતુ. સાઉદી અરેબિયાના રાજા અબ્દુલ્લ અઝીઝના કાર્યકાળમાં મક્કા અને મદીનાની પવિત્ર મસ્જિદોનો વિસ્તાર કરવાનું આયોજન કરાયું. એટલે આ યોજનાને પાર પાડવા માટે ઈસ્લામિક સ્થાપત્યના નિષ્ણાતોની શોધખોળ શરુ કરાઈ. તે વખતે ઈજિપ્તના સૌથી પ્રતિભાશાળી એન્જિનિયર ડૉ. મોહમ્મદ કમાલ ઈસ્માઈલનું નામ ઈસ્લામિક સ્થાપત્યમાં વિશ્વવિખ્યાત થઈ ચૂક્યું હતું. સાઉદી અરેબિયાના રાજાએ તેમને બોલાવીને મક્કાની પવિત્ર મસ્જિદની આસપાસ નવા ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું કામ સોંપ્યું.

ફલોર પર માર્બેલ લગાવવાનું સૌથી અગત્યનું કામ તેમણે ખૂબ જ કૂનેહથી પાર પાડયું હતું. તેમણે મનોમન એવો નિર્ધાર કર્યો હતો કે, મસ્જિદની આસપાસ જે માર્બલ લાગશે તે અદ્વિતીય હોવો જોઈએ. દુનિયાભરમાંથી આવતા મુસ્લિમ શ્રદ્ધાળુઓ જે સ્થળેથી નમાઝ અદા કરે છે ત્યાં એવો પથ્થર જ જડવો જોઈએ, જે બીજે ક્યાંય સહેલાઈથી જોવા ન મળતો હોય. વળી, સૂર્યતાપ શોષી લેતા માર્બલની પણ જરૂરિયાત હતી. એ માટે તેમણે દુનિયાભરમાં અદભૂત આરસની શોધ શરુ કરી હતી. તપાસ દરમિયાન ગ્રીસની ખાણમાં વિશેષ પ્રકારના માર્બલની જાણકારી તેમને મળી. ગ્રીસની એક નાનકડી પહાડીઓના પેટાળમાંથી અદભૂત વ્હાઈટ માર્બલ નીકળતો હતો, પરંતુ એની માત્રા ઘણી જ ઓછી હતી. વળી, મક્કામાં જે યોજનાનું કામ શરૂ કરાયું હતુ તે માટે આ માર્બલ યોગ્ય હતો. આખરે માર્બલનો કેટલોક જથ્થો ખરીદી કરાયો.

એ કુલ જથ્થામાંથી લગભગ અડધો જથ્થો થતો હતો. વર્ષોની મહેનત પછી મક્કાની મસ્જિદની આસપાસ વ્હાઈટ માર્બેલ લગાડાયો. આ વાતને પંદરેક વર્ષ વીતી ગયા પછી સાઉદીના રાજાએ ફરીથી મોહમ્મદ કમાલનો સંપર્ક કર્યો. એ વખતે મદિનાનો પ્રોજેક્ટ અપાયો, પણ શરત એટલી જ હતી કે, જે માર્બલ મક્કામાં જડાયો હતો એ જ માર્બલ મદિનામાં પણ લાગવો જોઈએ. આટલા વર્ષે ફરીથી એ જ માર્બલ મેળવવાનું કામ મોહમ્મદ કમાલ માટે લગભગ અશક્ય હતું. હવે આ પ્રકારનો માર્બલ દુનિયામાં બીજે ક્યાંયથી મળશે કે નહીં તે મોટો સવાલ હતો. જો કે, મોહમ્મદ કમાલ ફરીથી ગ્રીસ ગયા. જે કંપની પાસેથી અગાઉ માર્બલની ખરીદી કરી હતી તેનો સંપર્ક કર્યો. એ જ માર્બલનો બાકીનો હિસ્સો ખરીદવાનો પ્રસ્તાવ મૂક્યો અને મોં માગ્યા દામ આપવાની તૈયારી બતાવી.

પરંતુ કંપનીએ કહ્યું કે, અમે તો એ જ સમયગાળામાં માર્બલનો જથ્થો વેચી નાખ્યો હતો. હવે તો એ કોને આપ્યો એનો રેકોર્ડ પણ શોધવો મુશ્કેલ છે. કંપનીના માલિકે સ્ટોક અંગે તપાસ કરાવી તો ખબર પડી કે, એ પ્રકારનો એક ટૂકડો પણ અત્યારે કંપની પાસે નથી. જો રેકોર્ડ મળે તો તપાસ કરવાની વિનંતી કરીને મોહમ્મદ કમાલ ઓફિસની બહાર નીકળ્યા. જો કે, તે જ સમયે તેમને કંઈક યાદ આવતા તેઓ પાછા રિસેપ્શનમાં આવ્યા અને રિસેપ્શનિસ્ટને રેકોર્ડ શોધવાની વિનંતી કરી. જે ઓફિસમાં રોકાયા હતા તેનો નંબર આપ્યો. બીજા દિવસે બપોરે વળતી ફ્લાઈટ હતી. જો કંઈક જાણકારી મળે તો ફોન કરવાનું જણાવીને મોહમ્મદ કમાલ હોટેલમાં પાછા આવ્યાં. હવે માર્બલ મેળવવાની ચિંતામાં તેમણે ભારે અજંપા અને બેચેનીમાં રાત વીતાવી.

પણ રિસેપ્શનિસ્ટના હૃદયમાં કંઈક પ્રેરણા થઈ હશે. તેણે મહેનત કરીને જૂનો રેકોર્ડ ખોલાવ્યો અને આશ્ચર્ય વચ્ચે એ માર્બલ ખરીદનારની વિગતો મળી ગઈ. મોહમ્મદ કમાલ એરપોર્ટ જવા નીકળવાની તૈયારીમાં હતા. તે સમયે કંપનીમાંથી હોટેલમાં ફોન આવ્યો. તેમને ખરીદનાર કંપનીની જાણકારી આપવામાં આવી. સાઉદીની જ એક કંપનીએ એ જથ્થો લગભગ એ જ અરસામાં ખરીદી લીધો હતો. જે બાદ મોહમ્મદ કમાલ સાઉદી પહોંચ્યા. એરપોર્ટ પરથી જ સીધા કંપનીની ઓફિસે રવાના થયા. કંપનીના ડિરેક્ટરને મળીને આખી વાત જણાવી. કંપનીના ડિરેક્ટરે કહ્યું હતું કે, આટલા વર્ષો પહેલાં ખરીદેલો જથ્થો અત્યાર સુધી બચ્યો હોય એવી તો શક્યતા નથી. આમ છતાં સ્ટોર વિભાગનો સંપર્ક કરીને વિગતો મંગાવાઈ. ડિરેક્ટરના આશ્ચર્ય અને મોહમ્મદ કમાલના આશાવાદ વચ્ચે સ્ટોર વિભાગમાંથી વળતો ફોન આવ્યો. મેનેજરે વિગતો આપતા કહ્યું કે, જેટલો જથ્થો ખરીદ્યો હતો એ બધો જ જથ્થો યથાવત છે. આટલું સાંભળીને મોહમ્મદ કમાલ ત્યાં જ ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડ્યા.

તેમને જોઈને ત્યાં હાજર સાઉદીની કંપનીના ડિરેક્ટરની આંખોમાં પણ આંસુ આવી ગયા. કંપનીના ડિરેક્ટરે એક દિરહામ પણ વળતર તરીકે લેવાનો ઈનકાર કર્યો. તેણે મોહમ્મદ કમાલને કહ્યું કે, કદાચ અલ્લાહે જ મારા હૃદયમાં એવી સ્ફૂરણા મૂકી હશે કે હું આ માર્બલ ખરીદીને ભૂલી જાઉં. આ નિમિત્તે ઉપયોગમાં આવવાનું માર્બલ પર લખાયું હશે. માર્બલનો બધો જ જથ્થો મદિના પહોંચ્યો. થોડાંક વર્ષો કામ ચાલ્યું અને જે માર્બલ મક્કામાં લાગ્યો હતો એ જ માર્બલ મદિનામાં પણ લાગ્યો. આ પવિત્ર કાર્ય પૂરું થયું પછી જ્યારે સાઉદીના રાજાએ કરોડો રૂપિયાનો ચેક મોહમ્મદ કમાલને આપ્યો. આ સમયે કમાલે સાઉદીના રાજાને કહ્યું હતું કે, 'આજે હું આ ચેક લઈ લઉં તો અલ્લાહને શું મોઢું બતાવીશ' તેમણે વળતર લીધા વગર આ કાર્ય સંપન્ન કર્યું. ૧૦૦ વર્ષનું લાંબું આયુષ્ય ભોગવીને ૨૦૦૮માં મોહમ્મદ કમાલનું નિધન થયું હતું. બબ્બે પવિત્ર મસ્જિદ ડિઝાઈન કરનારા આ એન્જિનિયર આખી જિંદગી એનો પ્રચાર કરવાથી દૂર રહ્યા હતા. સૌથી આશ્ચર્યની વાત એ છે કે, મોહમ્મદ કમાલ તે પછી બાકીની જિંદગી તદન સાદગીભર્યું જીવન જીવ્યા હતા.



**ઈજિપ્તના ઈતિહાસમાં સૌથી યુવા એન્જિનિયરને અનેક સન્માન મળવા છતાં તેમનામાં રંજભાર પણ અભિમાન ન હતુ : સાઉદીના રાજાએ કામગીરીના વળતર રૂપે આપેલો કરોડો રૂપિયાનો ચેક પણ મોહમ્મદ કમાલે પરત કરી દીધો**

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

iccrc crcic

# CANADA IMMIGRATION

## GOOD NEWS FOR RECENTLY GRADUATED STUDENTS INSIDE CANADA

STUDENTS UNDER POST GRADUATION WORK PERMIT WITH IELTS 5 BAND CAN QUALIFIED TO APPLY FOR PERMANENT RESIDENCY RIGHT AWAY !!

Effective May 6, 2021, Immigration, Refugees and Citizenship Canada (IRCC) will begin accepting applications under the following 3 streams:

**20,000** applications for temporary workers in health care

**30,000** applications for temporary workers in other selected essential occupations

**40,000** applications for international students who graduated from a Canadian institution

FIRST COME FIRST SERVE BASIS !!

CONTACT US IMMIDIATELY



**AMI MEHTA**
IMMIGRATION PRACTIONER

BUSINESS IMMIGRATION TO CANADA REQUIRES 3 CR NET WORTH/ 1.5 CR INVESTMENT/ BUSINESS OWNERSHIP/ MANAGEMENT EXP

REJECTED CASES WELCOME

ONLINE IELTS
SPOKEN ENGLISH
CLASSES ON ZOOM

SUPER VISA INSURANCE / TRAVEL INSURANCE / PR 90 DAYS INSURANCE

94- 499 MAIN STREET SOUTH, SHOPPERS WORLD MALL, BRAMPTON, ONT
416-745-2466
905-230-7855

2/A WAGHESHWARI SOC, VADODARA GUJARAT INDIA
91-9428973911
91-9512157817

Email.: info@siis.ca
Website.: www.siis.ca



# તમે ખોટી રીતે નેલપેઈન્ટ નથી કરી રહ્યાને? આ રહી ટીપ્સ

હાથના નખ પર નેલપેઈન્ટ કરવામાં આવે તો હાથની સુંદરતા વધી જાય છે. તમારો હાથ ગમે તેટલો સુંદર હોય પણ યોગ્ય રીતે નેલપોલિશ ન લગાવી હોય તો તે અધૂરું જ લાગે છે. નેલ પેઈન્ટને યોગ્ય રીતે લગાવવી અને નખની કાળજી રાખવી ખૂબ જરૂરી છે. આ માટે સૌથી પહેલાં,

## નખને શેપ આપો

નેલ પેઈન્ટ લગાવતા પહેલાં નખને યોગ્ય રીતે કટ કરવા અને તેને શેપ આપવો ખૂબ જરૂરી છે. નહીં તો નેલ પેઈન્ટ લગાવ્યા પછી પણ તમારા નખ સારા લાગશે નહીં.

## નખને કરો સાફ

નખને કાપીને શેપ આપ્યા બાદ તેની સફાઈ કરવી ખૂબ જરૂરી છે. જો તમારા નખ ઉપર પહેલાંથી જ કોઈ પેઈન્ટ લાગેલો હોય તો નેલ રિમૂવરથી તેને સાફ કરો અને નખ કોરા કરો. નખ કોરા કર્યા બાદ જ તેના પર નવું નેલ પેઈન્ટ લગાવવો.

## બેઝ કોટ લગાવો

નેલપોલિશ લગાવતા પહેલાં નખ ઉપર ટ્રાન્સપરન્ટ બેઝ કોટ જરૂરથી લગાવવો. તેનાથી તમારા નેલ પેઈન્ટ સારી લાગશે અને નખ પીળા પડશે નહીં.

## આ રીતે સૂકવો નખને

નેલ પેઈન્ટ લગાવ્યા બાદ તેને જલદી સૂકવવા માંગતા હોવ તો સૌથી પહેલાં એક બાઉલમાં ઠંડું પાણી લો અને તેમાં ૧ – ૨ સેકન્ડ સુધી આંગળીઓને ડુબાડેલી રાખો. આમ કરવાથી તમારી નેલ પેઈન્ટ જલદી સુકાઈ જશે.

## નખની કિનારી પરની નેલ પેઇન્ટને કરો સાફ

જ્યારે પણ નેલ પેઈન્ટ લગાવીએ ત્યારે થોડીક નેલ પેઈન્ટ નખની કિનારીની આજુબાજુ પણ લાગી જાય છે. તેને સાફ કરવા માટે ટૂથપિક ઉપર રૂ લગાવીને અને તેના પર નેલ રિમૂવર લગાવીને નખની કિનારીઓને સાફ કરો.

# Apple ડિવાઈસ પર Ransomwareનો ખતરો




એપ્પલ કંપનીના સપ્લાયર ક્વોન્ટાએ જણાવ્યું કે હેકર/ રેન્સમવેર ગ્રુપ દ્વારા રેન્સમવેર એટેક થયો છે. આ ગ્રુપ એ iPhone ઉત્પાદકની સંવેદનશીલ માહિતી લીક કરવાની ધમકી આપી અને બદલામાં ૫૦ મિલિયન ડોલરની માંગણી કરી છે. રેન્સમવેર ગ્રુપએ Deep-Web (ડાર્ક-વેબ જેવી જ વેબસાઈટ) પર પોસ્ટ કરી છે કે તાઈવાની ઉત્પાદકના નેટવર્કમાં ઘૂસણખોરી કરીને US કંપનીના MacBook અને Apple Watch ની ઉત્પાદનની યોજનાઓ કબજે કરી છે. આ પોસ્ટના બદલામાં ક્વોન્ટાએ કોઈ અભિપ્રાય આપ્યો નથી અને રેન્સમ ચૂકવણીમાં કોઈ રસ દર્શાવ્યો નથી.

એપ્પલ જણાવે છે કે અમારી ટીમ અનેક મોટી બ્રાન્ડ્સ સાથે ગોપનીય ડ્રોઈંગ્સ અને પર્સનલ ડેટાના વેચાણની મોટા પ્રમાણમાં વાતાઘાટો કરી રહી છે અને તેઓ ભલામણ કરે છે કે ૧લી મે સુધીમાં ઉપલબ્ધ ડેટા પાછા ખરીદી લે. પરંતુ આ માહિતીને એન્ક્રિપ્ટ (રેન્સમવેર એટેકમાં રેન્સમવેર ગ્રુપ ડેટાને એન્ક્રિપ્ટ કરે છે) કરતા પહેલા કાચા ડ્રોઈંગ્સની માહિતીને Deep-Web પર પોસ્ટ કરી રેન્સમ ચુકવવામાં ન આવે તો વધુ ડેટા લીક કરવાની ધમકી આપી. વધુમાં ક્વોન્ટા જણાવે છે કે ક્વોન્ટા સર્વર પર કંપનીની હાલની કામગીરી પર કોઈ અસર થઈ નથી.

રશિયન ભાષાના સાયબર ક્રાઈમ ફોરમ્સ (UNKNOWN - UNKN) પર જાહેરાત આપી રેન્સમવેર એટેકને પ્રોત્સાહન આપવામાં આવે છે. જેમાં રેન્સમવેરને એક સેવા (Ransomware-as-a-Service) તરીકે ઓળખવામાં આવે છે. જેના ઓપરેટરને REvil તરીકે ઓળખવામાં આવે છે. જેમાં કોર્પોરેટ નેટવર્કમાં માલવેર ફેલાવી રેન્સમવેર એટેક કરવામાં આવે છે. જેમાં ડેટાને એન્ક્રિપ્ટ કરી દેવામાં આવે છે. જે-તે ડેટાને ડીક્રીપ્ટ કરવાનો કોડ REvil પાસે હોય છે. તેના બદલામાં તેઓ કંપની પાસે અમુક રકમની માંગણી કરે છે. આ રકમ બીટ-કોઈન, યુરો અથવા ડોલરમાં માંગણી કરે છે અને રકમ ચુકવવામાં ન આવે તો ડેટા લીક કરવાની ધમકી આપવામાં આવે છે. REvil ને રેન્સમવેર એટેકના બદલામાં મોટે ભાગે ૬૦% થી ૭૦% રકમ મળતી હોય છે. પરંતુ તે કંપનીને ડેટાને ડીક્રીપ્ટ કરવાનો કોડ આપતા નથી.

એક સાઈબર એક્સપર્ટ તરીકે મારી સલાહ છે કે આ રીતે રેન્સમ/ રકમ ચુકવવા છતાં ડેટા પરત મળતા નથી. જેથી કરીને રેન્સમવેર ગ્રુપ સાથે કોઈ પણ રીતે રૂપિયાની લેવડ-દેવડ કરવી નહિ. જો કોઈ રેન્સમવેર એટેક થાય તો ડેટાને ડીક્રીપ્ટ કરવા માટે અથવા તો રેન્સમવેર એટેકથી બચવા તમે મને ટ્વીટર પર સંપર્ક કરી શકો છો.

@beinghumanmj





LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
- CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits

Davinder Singh Chawla
Call For HONEST ADVICE
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS



# કોરોનાથી ફફડાટ : રાજ્યના ૨૯ શહેરોમાં મિની લોકડાઉન

## હિંમતનગર, પાલનપુર, નવસારી, વલસાડ, પોરબંદર, બોટાદ, વિરમગામ, છોટાઉદેપુર અને વેરાવળ-સોમનાથમાં પણ કરફ્યૂ

અમદાવાદ : કોરોનાનો કહેર વકરતા ગુજરાતના વધુ નવ શહેરમં આવતીકાલથી રાતના આઠથી માંડીને સવારના છ વાગ્યા સુધીનો કરફ્યુ લાદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતમાં પહેલા આઠ મહાનગરમાં રાત્રિ કરફ્યુ લાદવામાં આવ્યો હતો. ત્યારબાદ બીજા ૧૨ શહેરમાં રાત્રિ કરફ્યુ લાદવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આજે બીજા નવ શહેરોમાં કરફ્યુ લાદવામાં આવ્યો છે. આ સાથે ગુજરાતના કુલ મળીને ૨૯ શહેરોમાં કરફ્યુ લાગુ કરી દેવામાં આવ્યો છે. આ કરફ્યુ ૨૮મી એપ્રિલની સાંજથી લાગુ પડશે અને કરફ્યનો અમલ આગામી પાંચમી મે સુધી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કરફ્યુ હેઠળ આવરી લેવામાં આવેલા નવા નવ શહેરમાં હિંમતનગર, પાલનપુર, નવસારી, વલસાડ, પોરબંદર, બોટાદ, વિરમગામ, છોટાઉદેપુર અને વેરાવળ-સોમનાથનો સમાવેશ થાય છે. જાહેર જનતા



માટે ધાર્મિક સ્થાનો બંધ રહેશે.

ભારત સરકારના ગૃહ મંત્રાલયની ૨૬ એપ્રિલની માર્ગદશકા અંગે ચર્ચા કરવા માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ પદે આજે સવારે મળેલી આ તાકીદની બેઠકમાં પ્રસ્તુત નિર્ણય લેવામાં આવ્યો છે. આ અગાઉ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગરમાં રાતના ૮ થી સવારે ૬ વાગ્યા સુધી કરફ્યુ હતો. તેમાં બીજા ૨૧ શહેરોનો ઉમેરો કરવામાં આવ્યો હતો. આ સાથે જ ગુજરાતના કુલ ૨૯ શહેરોમાં વધારાના નિયંત્રણો મૂકવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. પાંચમી મે સુધી રાત્રિ કરફ્યુનો અમલ કરવામાં આવશે.

કરફ્યુ દરમિયાન અનાજ-કરિયાણાની દુકાન, શાકભાજી, ફળ-ફળાદિ, મેડિકલ સ્ટોર, મિલ્ક પાર્લર, બેકરી તથા ખાદ્યપદાર્થોની દુકાનો ચાલુ રહેશે. ૨૯ શહેરોમાં પણ તમામ ઉદ્યોગો, ઉત્પાદન એકમો, કારખાનાઓ અને બાંધકામ પ્રવૃત્તિઓ યથાવત ચાલુ રહેશે. આ તમામ એકમોએ તેમના કામકાજ માટ ેસરકાર દ્વારા કરવામાં ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.તમામ મેડિકલ અને પેરામેડિકલ સેવાઓ યથાવત ચાલુ રહેશે. ૨૯ શહેરોમાં તમામ રેસ્ટોરન્ટ બંધ રહેશે.

## ૧૫૦ એમ્બ્યુલન્સના કાફલાને મુખ્યમંત્રી રૂપાણીની લીલીઝંડી

ગાંધીનગર : કોરોના મહામારીના કપરા કાળમાં દર્દીઓની સેવામાં ૧૫૦ એમ્બ્યુલન્સ સેવાઓ એક જ સપ્તાહનાવિક્રમસર્જક સમયમાં સંપૂર્ણ સુવિધા સાથે મુખ્યમંત્રીએ કાર્યરત કરી હતી. મુખ્યમંત્રીએ કોર કમિટીમાં એક અઠવાડિયા પૂર્વે લીધેલા નિર્ણયનું ત્વરિત સઘન-પારદર્શી અમલીકરણ કરાયું છે. ત્રણ દિવસમાં ઓક્સિજન સુવિધા-તબીબી સુવિધા-તબીબી સાધનોથી સજ્જ થઈ જશે. ૧૫૦ એમ્બ્યુલન્સ સેવાઓ કચ્છથી ડાંગ સુધીના સમગ્ર જિલ્લાઓ માટે સેવારત થશે. મુખ્યમંત્રીના દિશાદર્શનમાં આરોગ્ય વિભાગે યુદ્ધના ધોરણે કામગીરી કરી રૂ. ૨૬ કરોડના કુલ ખર્ચે ૧૫૦ અદ્યતન એમ્બ્યુલન્સ સેવાઓ જનઆરોગ્ય સેવા કાફલામાં જોડી દેવાઈ હતી. એક અઠવાડિયામાં આવી સુવિધા શકય જ નથી તેવી તર્ક-દલીલો કરનારાઓને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વની નિર્ણાયક સરકારના પારદર્શી નિર્ણયથી સચોટ જવાબ આપ્યો છે.

## ગુજરાતમાં ૧.૩૭ લાખ એક્ટિવ કેસ : ૧૦ દિવસમાં ૧૧૦%નો વધારો

ગાંધીનગર : ગુજરાતમાં કોરોનાના કેસ સતત ત્રીજા દિવસે ૧૪ હજારની સપાટીએ યથાવત રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૩૨૭ નવા કેસ નોંધાયા છે જ્યારે સુરતમાં ૨૭-અમદાવાદમાં ૨૬ સહિત ૧૮૦ના મૃત્યુ થયા છે.

**૪૧૮ દર્દી વેન્ટિલેટર પરઃ ૬ જિલ્લામાંથી જ ૧૦ હજારથી વધુ નવા કેસ નોંધાયા**

રાજયમાં હવે ૧,૩૭,૭૯૪ એક્ટિવ કેસ છે અને ૫૭૨ દર્દી વેન્ટિલેટર પર છે. ૧૮ એપ્રિલના ગુજરાતમાં ૬૧,૬૪૭ એક્ટિવ કેસ હતા. આમ, ૧૦ દિવસમાં એક્ટિવ કેસમાં અંદાજે ૧૧૦%નો વધારો થયો છે. સૌથી વધુ એક્ટિવ કેસ ધરાવતા રાજ્યોમાં ગુજરાત હવે છઠ્ઠા સ્થાને છે. રાજ્યમાં કોરોનાના કુલ કેસનો આંક હવે ૫,૨૪,૭૨૫ જ્યારે કુલ મરણાંક ૬,૬૫૬ છે. આ પૈકી છેલ્લા ૨૭ દિવસમાં ૨,૧૭,૦૩૦ કેસ નોંધાયા છે અને ૨૧૩૭ના મૃત્યુ થયા છે. મંગળવારે ૨૪ કલાકમાં જે જિલ્લામાં કોરોનાના સૌથી વધુ કેસ નોંધાયા હોય તેમાં અમદાવાદ મોખરે છે. અમદાવાદ શહેરમાં ૫૬૬૯-ગ્રામ્યમાં ૫૬ સાથે ૫,૭૨૫ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે જ કુલ કેસનો આંક હવે ૧,૪૯,૭૦૯ છે. હાલ અમદાવાદ જિલ્લામાં પ્રતિ મિનિટે ૪ વ્યક્તિ કોરોના સંક્રમિત થઈ રહી છે.

## ધારપુરની કોવિડ હોસ્પિટલમાં સારવારને અભાવે ૧૭ના મોત

પાટણ : પાટણ ખાતે આવેલ ધારપુર કોવિડ હોસ્પિટલમાં છેલ્લા ૨૪ કલાકના સમયગાળામાં તંત્રની યોગ્ય વ્યવસ્થા અને સમયસર સારવાર ન મળવાના કારણે ૧૭ દર્દીઓએ પોતાના જાન ગુમાવ્યા છે. જે પૈકી ૫ જેટલા દર્દીઓ ૧૦૮ એબ્યુલન્સમાં હોવાનું સામે આવ્યું છે.જેમાં બેડ મળવાની આશાએ એમ્બ્યુલન્સ અને ખાનગી વાહનોમાં રાખવામાં આવેલા ૧૩ દર્દીઓએ ૧૨-૧૨ કલાક સુથી વેઈટીંગમાં રહેવા મંજબુર થવું પડયું હતું.હોસ્પિટલ તંત્ર દ્વારા સમયસર દાખલ કરવામાં નહી આવતા બહાર જ અંતિમ શ્વાસ લીધા હતા.વળી શનિવારે રાત્રે આ હોસ્પિટલમાં ખામી સર્જાતા લાઈટ ડુલ થઈ ગઈ હતી. જેના લીધે ઓક્સિજનની સારવાર લઈ રહ્યા દર્દીઓ સહિત સ્ટાફના જીવ તાળવે ચોટયા હોવાનું જાણવા મળે છે. જેમાં મોટાભાગે પાટણ આસપાસના બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાના મૃતકોનો સમાવેશ થાય છે.

## પાંચ લાખ કેસ થવાની શક્યતા, પરંતુ સરકાર પાસે કોઈ તૈયારી નથી : હાઈકોર્ટ

અમદાવાદ : કોરોનાની બીજી લહેર સામે ગુજરાત હાઈકોર્ટે હાથ ધરેલી સુઓમોટો સુનાવણીમાં આજે ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ ભાર્ગવ ડી. કારિયાની ખંડપીઠે સરકારની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. ખંડપીઠે સરકારને કહ્યું હતું કે આગામી પંદર દિવસમાં કેસની સંખ્યા પાંચ લાખ થાય તેવી શક્યતા છે, પરંતુ સરકાર પાસે કોઈ નક્કર તૈયારી નથી. 'આઈવરી ટાવર' પર બેસીને એટલે કે જ્યાં કોઈ ચિંતા કે મુશ્કેલીનો અનુભવ ન થાય તેવાં પદ પર બેસીને આયોજન કરવાથી કંઈ થતું નથી. અત્યારે જમીની વાસ્તવિકતાને સમજી મેદાનમાં ઉતરી કામગીરી કરવાની જરૂર છે.

**સરકારે મેદાન પર ઉતરી કામ કરવાની જરૂર : હાઇકોર્ટની તાકિદ**

સરકાર તેના સોગંદમામાં ફૂલગુલાબી ચિત્ર રજૂ કરી રહી છે પરંતુ વાસ્તવિક પરિસ્થિતિનો કોઈ ઉલ્લેખ નથી. અમે એવું નથી કહેતાં કે સરકાર કાંઈ કરી રહી નથી પરંતુ જે પ્રયત્નો થઈ રહ્યાં છે તે પારદર્શક અને સંતોષકારક નથી, તેથી મુશ્કેલીઓ સર્જાઈ રહી છે. સરકાર વધુ વિચારણીય, વાસ્તવિક અને અર્થસભર કામગીરી કરશે તો લોકો હોસ્પિટલોની બહાર લાઈનમાં સારવાર વગર મરશે નહીં. કોર્ટે આગામી સુનાવણી ચોથી મેના રોજ નિયત કરી છે.

## રૂપાણી સરકારનો નવો ખેલ: કોરોનાને કંટ્રોલમાં લાવવા ટેસ્ટ જ ઘટાડી દીધા

ગાંધીનગર : ગુજરાતમાં કોરોનાના કેસ ઘટવાનું નામ જ લઈ રહ્યા નથી. આ સ્થિતિમાં કોરોનાના સત્તાવાર ઓછા કેસ આવે માટે હવે ફરી એકવાર કોરોના ટેસ્ટ ઘટાડવાનું શરૂ કરી દેવાયું છે. છેલ્લા પાંચ દિવસની સરખામણીએ ગુજરાતમાં ૧૫% ટેસ્ટ ઘટાડી દેવામાં આવ્યા છે. બીજી તરફ મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં હાલ કેસમાં ભલે વધારો આવી રહ્યો હોય પણ ત્યાં ટેસ્ટમાં ઘટાડો કરાયો નથી. આ બંને રાજ્યોમાં છેલ્લા કેટલાક દિવસથી દરરોજના ૨.૨૫ લાખ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે જ્યારે ગુજરાતમાં ટેસ્ટની સંખ્યા હવે છેલ્લા ૩ દિવસથી ૧.૭૦ લાખથી નીચે થઈ ગઈ છે. કોરોનાના કેસમાં વધારો થવા લાગ્યો ત્યારે તેના પર નિયંત્રણ મેળવવા ગુજરાત સરકારે ટેસ્ટિંગ, ટ્રેકિંગ અને ટ્રિટમેન્ટ એમ '૩-ટી' ઉપર

**ગુજરાતમાં ટેસ્ટની સંખ્યા છેલ્લા ૩ દિવસથી ૧.૭૦ લાખથી નીચે થઇ ગઇ**

ભાર મૂકાશે તેવા સંકેતો આપ્યા હતા. પરંતુ હવે સ્થિતિએ સર્જાઈ છે કે ટ્રેકિંગ કરાતું નથી અને ટ્રિટમેન્ટ માટે સામાન્ય વ્યક્તિને ચક્રવ્યૂહના વિવિધ કોઠા ભેદવા પડે છે. હવે તેની સાથે ત્રીજો 'ટી' એટલે કે ટેસ્ટિંગને પણ હાંસિયામાં ધકેલવાનું શરૂ કરી દેવાયું છે. બરાબર પાંચ દિવસ અગાઉ ગુજરાતમાં દરરોજ ૧.૮૯ લાખના ટેસ્ટિંગ કરાતા હતા.

### અમદાવાદમાં સ્મશાનમાં અંતિમ સંસ્કાર માટે હેલ્પડેસ્ક શરૂ કરવા માંગ

અમદાવાદ શહેરમાં મૃતદેહોના સમયસર અંતિમ સંસ્કાર થાય અને લોકોએ ભટકવું ન પડે તે માટે શહેરના તમામ સ્મશાનગૃહો વચ્ચે સંકલન જળવાઇ રહે તે માટે એક હેલ્પડેસ્ક શરૂ કરવાની માંગણી શહેરીજનોમાં ઉઠી છે. અમદાવાદમાં તમામ ૪૨ જેટલા સ્મશાન ગૃહોમાં મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે હાલમાં ભારે વેઇટિંગ ચાલી રહ્યું છે. સ્વજનો શબવાહિની સાથે સ્મશાને સ્મશાને ફરી રહ્યા છે. સ્મશાનગૃહોમાં ૨૪ કલાક અગ્નિદાહ અપાઇ રહ્યા છે. સ્મશાનની બહાર શબવાહિનીઓ મૃતદેહોને લઇને લાઇનોમાં ઉભી છે.ડિઝાસ્ટર મનેજમેન્ટની આખી સિસ્ટમ ખાળે ગઇ હોવાની સ્થિતિ જોવા મળી રહી છે. ૧૦૮ બાદ હવે શબવાહિનીઓના પણ વેઇટિંગ ચાલી રહ્યા છે.

### બોન્ડેડ તબીબોને ફરજીયાત કોવિડ ડયુટી માટે હાજર થવા આદેશ

રાજ્યમા કોરોનાને લઈને કથળી ગયેલી આરોગ્ય સેવાઓ વચ્ચે સરકારે તમામ બોન્ડેડ તબીબોને આવતીકાલે સોમવાર સુધીમાં હાજર થવા આદેશ કર્યો છે. પીજી નીટ હવે મોકુફ થઈ છે ત્યારે ઈન્ટર્નશિપ પુરી કરી ચુકેલા તમામ એમબીબીએસ સ્ટુડન્ટસ–બોન્ડેડ ડોક્ટરોને કોવિડ ડયુટી સોંપાશે. એમબીબીએસના અભ્યાસ અંતર્ગત ઈન્ટર્નશિપ પુરી કરી ચુકેલા વિદ્યાર્થીઓને સરકારે હાજર થવા આદેશ કર્યો છે. નિયમ પ્રમાણે આમ તો ફેબ્રુઆરીમાં ઈન્ટર્નશિપ પુરી થઈ જતી હોય છે પરંતુ કોરોનોને લઈને ત્રણ મહિના વધારવામા આવ્યા હતા અને ૧૮મી એપ્રિલે પીજી નીટ લેવાનાર હતી ત્યારે સરકારે આ તમામ ઈન્ટર્ન ડોક્ટરર્સને ૨૨ એપ્રિલ સુધી હાજર થવા અગાઉ સમય આપ્યો હતો.

### કોરોના દર્દી માટે બનાવાયેલા રેલવેના ૭૦ કોચ ધૂળ ખાય છે !

પશ્ચિમ રેલવેના અમદાવાદ વિભાગમાં કોવિડ દર્દીઓ માટે રેલવેના ૭૦ આઇસોલેટેડ કોચ કે જેમાં ૧,૧૨૦ બેડ છે તે છેલ્લા એક વર્ષથી ગાંધીધામ, સાબરમતી અને અમદાવાદ રેલવે સ્ટેશને ધૂળ ખાઇ રહ્યા છે. લાખો રૂપિયાના ખર્ચ બાદ પણ કોવિડ કેર સેન્ટરમાં ફેરવી દેવાયેલા આ કોચનો કોરોનાના દર્દીઓ માટે ઉપયોગ કરી શકાયો નથી. અમદાવાદમાં કોરોના વિસ્ફોટ થયો છે. કોરોનાના દર્દીઓને સારવાર માટે પુરતા બેડ મળતા નથી. સરકાર આમતેમ ફાંફા મારીને વિવિધ ગ્રાઉન્ડોમાં બેડની વ્યવસ્થા ઉભી કરી રહી છે અને તે માટે સતત મથામણમાં છે. તેવામાં સરકારે જ ગત માર્ચ માસમાં કોચને કોવિડ આઇસોલેટેડ વોર્ડમાં ફેરવી દેવાના આદેશ આપી તેનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું હતું.

### વિસનગરની હોસ્પિટલમાં ૧૧૦ દર્દીઓ ઓક્સિજનની વ્યવસ્થા કરવા રઝળપાટ

સરકાર અને તેના તંત્રની નિષ્ક્રીયતા તેમજ બેદરકારીના કારણે કોરોનાની સારવાર લેતા દદઓ મંગળવારે ઓક્સીજન વગર તરફડી રહ્યા હતા. વિસનગરની નૂતન હોસ્પિટલમાં સારવાર લેતા ૧૧૦ દદઓનો શ્વાસ અટકી ન જાય તે માટે પ્રાણવાયુ પુરો પાડવા હોસ્પિટલની ત્રણ ટીમોએ આખી રાત રઝળપાટ કરી હક્સ વિસનગરની નૂતન હોસ્પિટલમાં સંસ્થાના પ્રમુખ પ્રકાશ પટેલે આખી હોસ્પિટલ કોરોનાના દદઓની સારવાર માટે ફાળવવા તૈયારી દર્શાવી હતી. નૂતન હોસ્પિટલમાં ઓક્સીજન સાથે ૧૭૦ બેડ તૈયાર છે ત્યારે ઓક્સીજન પુરો પાડવામાં નહી આવતા દાખલ કરાયેલા ૧૧૦ દદઓનો જીવ જોખમાય તેવી પરિસ્થિતિ ઉદ્ભવી હતી. ઓક્સીજન નહી આવે તો હોસ્પિટલ નવા દર્દીઓને પ્રવેશ આપશે નહીં.

# ગુજરાતમાં કોરોનાની મુસીબત સરકાર સર્જિતઃ પ્રદેશ કોંગ્રેસ

## ઓક્સિજનના વાંકે ૮૦ના મોત થયા સરકાર સામે માનવ વધનો ગુનો દાખલ કરવા માગણી

વડોદરા : વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને નિષ્ણાતોએ ચેતવણી આપી હોવા છતાં ગુજરાત સરકારે ૧૩ મહિનામાં કશું કર્યું નહીં અને માત્ર તાયફા, ઉત્સવ અને ક્રિકેટ મેચના આયોજન કર્યા. જેના કારણે કોરોના મહામારી સરકારના મિસ મેનેજમેન્ટથી સ્ફોટક બની અને લોકો ટપોટપ મરવા લાગ્યા. આ મહામારી સરકાર સર્જિત ડિઝાસ્ટર છે તેવો આક્ષેપ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે કર્યો છે .વડોદરામાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે સરકારએ ઓક્સિજનની વ્યવસ્થા ન કરી અને એની અછત થી ૮૦ના મોત થયા છે. આ મોત બિમારીથી નહીં પણ ઓક્સિજન ન મળવાને લીધે થયા છે તેઓ આક્ષેપ કરી તેમણે ઉમેર્યું હતું કે આ જાણીજોઈને કરેલી હત્યા છે, અને સરકાર સામે માનવવધનો ગુનો દાખલ થવો જોઈએ.મદ્રાસ હાઈકોર્ટે પણ ચૂંટણી પંચ સામે પોતાના અવલોકનમાં હત્યાનો ગુનો દાખલ કરવા કહ્યું છે ,એમ કહીને તેમણે જણાવ્યું હતું કે સરકાર ને કોરોનાના બીજા તબક્કાની ખબર હતી. ઓક્સિજન, દવા ,બેડ, વેન્ટિલેટર, ઈન્જેક્શન વગેરેની વ્યવસ્થા ન કરી .શાસકની અણઆવડત અને ભૂલને કારણે પ્રજા મરતી હોય તો માનવ વધનો ગુનો બને છે. ૧ વર્ષ પહેલા ગુજરાતમાં કેસ ઓછા હતા ત્યારે કોઈને પૂછ્યા વિના લોક ડાઉન નાખી દીધું હતું.

### ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા ખેડૂત હિત રક્ષક સમિતિની માંગણી

ગુજરાતના રાજ્યપાલને ખેડૂત હિત રક્ષક સમિતિએ લેખિત આવેદન આપી રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા માંગ કરતા ચકચાર મચી ગઈ છે. ખેડૂત હિત રક્ષક સમીતિના સંયોજક અતુલ શેખડાએ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને લખેલાપત્રમાં વધુમાં જણાવાયું છે કે, કોરોના મહામારીએ સ્થિતિ વણસાવી છે. જેને રોકઠામમાંપણ સરકાર ખાસ કોઈપગલા લઈ શકી નથી. જામનગર મેડીકલ કોલેજના ૩૧ રેસીડેન્ટ ડોકટરો આ રોગનો ભોગ બન્યા છે અને કોરોનામાં આખું ગુજરાત ઓક્સિજન વિના તરફડી રહ્યું છે. રાજ્યની આઠેય કોર્પોરેશન તેમજ અન્ય રોડની હાલત એટલી હદે ખરાબ છે કે, સરેરાશ બે આંકડામાં લોકો મોતને ભેટી રહ્યા છે. શિક્ષણનું સ્તર કથળી ચુક્યું છે. આ ઉપરાંત રાજ્યમાં એલઆરડી ભરતી કૌભાંડ, મુખ્ય સેવિકા ભરતી કૌભાંડ, બિન સચિવાલય કલાર્કોની ભરતી રદ કરવા જેવી બાબતો સરકારની નિષ્ફળતા છતી કરે છે.

## ગુજરાતમાંથી રેમડેસિવર ઈન્જેક્શન લેવા માટે ૧૦ રાજ્યો કતારમાં

અમદાવાદઃ ગુજરાતમાં પણ મોટા શહેરોમાં ઈન્જેક્શન માટે દોડાદોડી કરવીપડી રહી છે. હજી ભારતના બીજા ૧૦ રાજ્યને ગુજરાતમાંથી ૧,૯૩,૪૦૦ ઈન્જેક્શાનનો પુરવઠો મોકલવામાં આવનાર છે. ભારત સરકારે દરેક રાજ્યો માટે ક્વોટા ફિક્સ કરી આપ્યો છે. ભારતમાં રેમડેસિવિર ઉત્પાદન કરતા ગુજરાત, મહારાષ્ટ્ર અને છેલ્લે કર્ણાટક છે. ગુજરાતમાં રેમડેસિવિર ઈન્જેક્શાનનું ઉત્પાદન ઝાયડ્સ કેડિલા કંપની કરે છે. જો કે, અત્યાર સુધીમાં ગુજરાતમીંથી બિહારે વિમાન મોકલીને ૧૪,૦૦૦ વાયલ લઈ લીધા છે. ગુજરાતને માત્ર ૧,૨૦,૦૦૦ વાયલ જ મળનાર છે. જો કે, તેની માંગ વધુ છે. તેથી મહારાષ્ટ્ર, કર્ણાટક અને ગોવા એમ બીજા રાજ્યોમાંથી બીજી કંપનીઓના ૪૩,૫૦૦ જેટલા ઈન્જેક્શાનન મેળવી શકાશે. કુલ મળીને ભારત સરકારે ગુજરાતને ૧,૬૩,૫૦૦ વાયલ આપવાનો નિર્ણય કર્યો છે.

# હોસ્પિટલમાં નોકરી માટે લાખોના પગારની ઓફરો છતાં પ્રતિસાદ નહીં

સુરત : સુરત સહિત સમગ્ર ગુજરાતમાં એક મહિના કરતાપણ વધુ સમયથી કોરોના મહામારીની બીજી લહેરની ઘાતક અસર વર્તાઈ રહી છે. આવા સંજોગોમાં દર્દીઓને સારવાર આપવા માટે સરકારી તથા ખાનગી હોસ્પિટલમાં સ્ટાફની અછતપડી રહી છે. તેથી કોરોનાના દર્દીઓને યોગ્ય રીતે સારવાર આપવા સાથે સ્ટાફની અછત દૂર કરવા માટે સિવિલ તંત્ર અને ખાનગી હોસ્પિટલના સંચાલકો દ્વારા કવાયત થઈ રહી છે. આજે ગુજરાતના ચાર મોટા શહેરોમાં હોસ્પિટલમાં અને કલિનીકમાં અધધ કહી શકાય તેવી સંખ્યામાં નોકરીની જગ્યા ખાલીપડી છે. આ જગ્યાપર ભરતી કરવા માટે તંત્ર અને ખાનગી હોસ્પિટલના સંચાલકો દ્વારા ઊંચાપગાર સાથે ઓફોરો આપ વામાં આવી રહી છે. કિન્તુ કોરોનાના સંકટ વચ્ચે નોકરી કરવા કરતા ઉમેદવારો ઓછાપગારમાં બીજે નોકરી કરવાનુંપસંદ કરી રહ્યા છે.

લાખોનાપગારની ઓફર છતાં નોકરી સ્વીકારવા કોઈ તૈયાર નથી. જેનું કારણ હાલ ચાલી રહેલી કોવીડની મહામારી છે. મળતી વિગતો મુજબ સુરતમાં ૨૦ સ્પેશિયાલિસ્ટ ડોક્ટર માટે ભરતી કરવા ખાનગી હોસ્પિટલના સંચાલકે જાહેરાત આપી હતી.પરંતુ ઈન્ટરવ્યુના દિવસે માત્ર ૪ જ ઉમેદવાર આવ્યા હતા. આ ઉપરાંત ૪૦૦ નર્સિંગ સ્ટાફની જરૂર સામે માત્ર ૧૦ ઉમેદવારો આવ્યા હતા. જયારે વર્ગ ૪ની ૬૦૦ જગ્યા માટે માત્ર ૫૦ જ ઉમેદવારો ઈન્ટરવ્યૂમાં ફરક્યા હતા. સામાન્ય દિવસો કરતા અત્યારે લાખો રૂપિયાનોપગાર ચુકવવા સંચાલકો તૈયાર છે. છતાંયે ઉમેદવારો ઈન્ટરવ્યૂ માટે ફરકવાપણ તૈયાર નથી.

## એક જ દિવસમાં ત્રણ સાધુ- સાધ્વીજી ભગવંત કોરોનાથી કાળધર્મ પામ્યા

અમદાવાદઃ અમદાવાદ ખાતે મંગળવારે બે સાધુ ભગવંત આચાર્ય પ્રસન્નકિર્તીસાગરસૂરીશ્વરજી, પંન્યાસપ્રવર નિપુણચંદ્ર વિજયજી તેમજ સાધ્વીજી ભગવંત સૂર્યયશાજી કોરોનાથી કાળધર્મ પામ્યા છે. શ્રીમદ્ બુધ્ધિસાગરસુરી સમુદાયના ગચ્છાધિપતિ આચાર્ય સુબોધસાગરજી મ.સા.ના શિષ્ય આચાર્ય પ્રસન્નકિર્તીસાગરસૂરીશ્વરજી મ.સા. પુનિતધામ મુકામે ૪:૦૫ કલાકે કાળધર્મ પામ્યા હતા. તેઓને સાંજે અગ્નિદાહ આપવાવામાં આવ્યો હતો. લિમ્બોદરા ખાતે ૪ મે ૧૯૫૫માં તેમનો જન્મ થયો હતો. આ ઉપરાંત આચાર્ય ભુવનભાનુસૂરીજી સમુદાયના પંન્યાસ પ્રવર નિપુણચન્દ્ર વિજયજી જૈન નગર ખાતે અને ધર્મવિજયજી સમુદાયના સાધ્વીજી સૂર્યયશાજી વાસણા ખાતે કોરોનાથી કાળધર્મ પામ્યા છે. દરમિયાન સાગરસમુદાયના આચાર્ય નિરંજનસાગર સૂરીજી વેજલપુર ખાતે કાળધર્મ પામ્યા છે.

# પારડીમાં રિવાજોને બાજુએ મુકી પીઠી ચોળેલી હાલતમાં યુવાને બજાવ્યો માનવધર્મ

વલસાડઃ કોરોના મહામારી વચ્ચે અનેક કિસ્સા માનવતાને ઉજાગર કરી રહ્યા છે. દેશમાં સર્જાયેલી ભયંકર દારુણ સ્થિતિમાં દવા, ઈન્જેકશ અને ઓક્સિજન વિના લોકો મોતને ભેટી રહ્યા છે. તેવા સમયે કોરોનાના આ કપરાકાળમાં સેવાભાવી સંસ્થા અને નાગરિકોપણ શકય તેટલી મદદ જરૂરિયાતમંદોને કરી રહ્યા છે. હાલ વલસાડ જિલ્લાનાપારડી ખાતે ડાઘુ તરીકે ફરજ બજાવતા એક યુવાને લગ્નના આગલા દિવસે જપીઠી ચોળેલી હાલતમાં ૩ મૃતદેહોના અગ્નિસંસ્કાર કર્યા હતા. પારડીના વૈકુંઠધામ સ્મશાનગૃહમાં આવતા મૃતદેહને અગ્નિદાહ આપવાના કાર્યમાં ગૌરવ કમલેશભાઈ ઘણાં સમયથી જોતરાયા છે. સ્મશાનગૃહમાં ડાઘુ તરીકેની ફરજ બજાવતા આ યુવાનના લગ્ન બુધવારે નક્કી કરાયા હતા. તેથી તેના ઘરે લગ્નની તૈયારી થઈ ચૂકી હતી. મંગળવારે આ યુવાનનેપીઠી લગાડવામાં આવી હતી. બસ આ જ સમયેપારડીના સ્મશાનઘરમા ૩ મૃતદેહ અંતિમ સંસ્કાર માટેપહોંચ્યા હતા.

હિંદુ રીતિ રિવાજો મુજબ યુવાન કે યુવતીને લગ્ન માટેપીઠી લગાડાય તેપછી તે ઘરના બહાર જતા નથી.પીઠી લગાડ્યા બાદ બીજા દિવસે સ્નાન કર્યાપછી તે સીધા લગ્નના મંડપમાં જાય છે. પરંતુપારડીમાં સર્જાયેલી સ્થિતિમાં યુવાન સામે એકતરફ રીતિરિવાજો તો બીજી તરફ માનવ ધર્મ આવીને ઉભા હતા. આ સમયેપીઠી ચોળેલી હાલતમાંપણ આ ડાઘુએ મંગળવારે સ્મશાનમાં ૩ મૃ તકોને અગ્નિદાહ આપી કોરોના મહામારીમાં ઉમદા ફરજ અદા કરી હતી.

# જામનગરમાં ભાભીની હત્યાનો પ્રયાસ કરી યુવાને પોતાને પણ છરીના ઘા ઝીંકતા મોત

- જામનગરમાં દિયર-ભોજાઈ વચ્ચેના અનૈતિક સંબંધનો કરૂણ અંજામ

જામનગર : જામનગરમાં ગુલાબનગર નજીક પ્રભાત નગર વિસ્તારમાં રહેતી હેતલબેન ગોપાલભાઈ પરમાર નામની ૪૦ વર્ષની મહિલા સવારે દસેક વાગ્યાના અરસામાં પોતાના ઘેર હાજર હતી અને પોતાના પાંચેય બાળકો ઘરમાં હતા.જે દરમિયાન તેનો કૌટુંબિક દિયર ધ્રોલ તાલુકાના ખીજડીયા ગામ માં રહેતો કિશન ખેતુભાઈ પરમાર (ઉ.વ.૨૫) ધસી આવ્યો હતો, અને પોતાની સાથે ફરીથી સંબંધ રાખવા દબાણ કરી તકરાર કરી હતી તથા ઉશ્કેરાટમાં આવી જઈ હેતલબેનનો ત્રણથી ચાર છરીના જીવલેણ ઘા ઝીંકી દીધા હતા. જેથી લોહિયાળ ખેલ ખેલાયો હતો. અને હેતલબેન લોહીલુહાણ પડી જતા ઘરમાં હાજર રહેલા બાળકો એ બૂમાબૂમ કરી મૂકી હતી. ત્યાર પછી કિશને પણ પોતે મરી જવાનો મનસૂબો ઘડીને પોતાના હાથમાં રહેલી છરી ના આધેધડ પોતાના પેટ સહિતના ભાગે ઝીંકી દીધા હતા. જેથી તે પણ લોહીલુહાણ થઈ ને ઘરમાં જ ઢળી પડયો હતો. બનાવની જાણ થતા જાણ થતાં ૧૦૮ ની ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને લોહી નીતરતી હાલતમાં કિસન તેમ જ હેતલબેન ને સારવાર માટે જી. જી. હોસ્પિટલ માં પહોંચાડયા હતા. જ્યાં સારવાર મળે તે પહેલા કિશનનું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે હેતલબેન ની હાલત અત્યંત નાજુક ગણાવાઈ રહી છે.

## એમ્બ્યુલન્સ, ઓક્સિમીટર અને ફળોના ભાવ વધ્યા

અમદાવાદઃ ભારતમાં કોરોના મહામારીનું સંકટ સૌ કોઈની પરેશાનીનું કેન્દ્ર બની ગયું છે. દેશમાં ઓક્સિજન, દવા અને ઈન્જેકશનની અછત સરકાર અને તબીબી જગત સાથે જ દર્દીઓની મોટી મુશ્કેલી બની છે. તેવા સમયે માનવતા મરી પરિવારી હોવાની હિસ્સાપણ બની રહ્યા છે. કોરોનાના આ કાળમાં દવા, ઈન્જેકશન સહિતની સુવિધાને નામે લૂંટાણુ ચાલી રહ્યું છે. જેની સામે સરકારપણ લાચાર બની ગઈ છે. એપ્રિલ મહિનામાં જ ગુજરાતમાં રેમડેસીવિર ઈન્જકેશનના કાળાબજારમાં ભાવ ૮૦૦૦ રૂપિયા સુધી પહોંચી ગયો હતો. ગુજરાતના વડોદરા અને સુરતમાં તો દવા અને ઈન્જેકશનના કાળા બજારના વેપલાને રોકવાપોલીસે કવાયત આદરીને કેટલાક લોકોને જેલભેગા કરી દીધા છે.

# ગોંડલમાં વાહન ન મળતા બેભાન વૃદ્ધાને ડોકટર પોતે લારીમાં હોસ્પિટલ લઈ ગયા

ગોંડલઃ ગોંડલમાં એક કિસ્સાના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે. જેમાં ગોંડલની શ્યામવાડી નજીક વૃદ્ધા રીક્ષામાંથી ઊતર્યા બાદ બેભાન સ્થિતિમાં નીચેપડ્યા હતા. આ ઘટના અંગે નજીકમાં દવાખાનું ચલાવતા ડૉક્ટર ડૉ. હીતેશ કાલરિયાને જાણ થતાં જ તેઓ તે વૃ દ્ધાપાસે દોડી ગયા હતા. જે બાદ તેઓ તથા ત્યાં એકત્ર થયેલા લોકોએ એમ્બ્યુલન્સ કે કોઈ વાહન મેળવવા માટે પ્રયાસો કર્યા હતા. જેથી વૃદ્ધાને સારવાર માટે હોસ્પિટલ સુધી લઈ જવાય.પરંતુ કોરોનાના બેફામ સંક્રમણની સ્થિતિમાં કોઈ વાહન મળ્યું ન હતુ. આખરે તે વૃદ્ધાને રેકડીમાં સૂવડાવીને ડોકટરપોતે જ હોસ્પિટલ સુધી લઈ ગયા હતા. આ ડૉક્ટરપણ બાજુમાં આવેલી ગોકુલ હોસ્પિટલમાં ગાયનેક તરીકે પ્રેક્ટિસ કરે છે. ડૉક્ટરે એને રેકડીમાં સુવડાવીને, જાતે રેકડી ચલાવીને નજીકમાં આવેલી ગોકુલ હોસ્પિટલ સુધી ખસેડ્યા હતા. આખરે વૃદ્ધાને હોસ્પિટલમાં સમયસર સારવાર મળતા તેનો જીવ ઉગરી ગયો હતો. તબીબની આ માનવતા અને સેવાભાવનાની હાલ સમગ્ર સૌરાષ્ટ્રપંથકમાં ચર્ચા થઈ રહી છે. ઘટના બાદ ડૉ. હિતેશ કાલરિયાએ જણાવ્યું હતું કે, ૬૫થી ૭૦ વર્ષના એક દાદી જ્યાં હું રહું ત્યાં રિક્ષાંમાં આવ્યા હતા. થોડા દિવસથી એમને અશક્તિની સમસ્યા રહેતી હતી. રવિવારે તેઓ રિક્ષમાંથી ઊતરતા જ બેભાન થઈ ગયા હતા. જે બાદ અમોએ તેને ફરી રિક્ષામાં લઈ જવા માટે પ્રયત્ન કર્યો હતોપરંતુ વજનદાર શરીરને કારણે તે શક્ય બન્યું ન હતુ.

## સાબરમતી નદીમાંથી ચાલુ વર્ષે ૪૩ લાશો મળી આવી

અમદાવાદઃ અમદાવાદમાં ચાલુ વર્ષે તા.૨૮ એપ્રિલ સુધીમાં સાબરમતી નદીમાંથી ૪૩ લાશો મળી આવી હતી. જ્યારે ૧૧ લોકોને નદીમાંથી ફાયરબિગ્રેડ વિભાગની બોટના જવાનોએ ડૂબતા બચાવી લીધા હતી. ગત વર્ષ ૨૦૨૦માં કુલ ૧૧૩ લોકોના મોતો નદીમાં ડૂબી જવાથી થયા હતા. સાબરમતી નદીમાં ઝંપલાવીને આપઘાત કરી લેવાનો સિલસિલો દર વર્ષની જેમ આ વર્ષે પણ યથાવત જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૧૯માં નદીમાં પડવાના કુલ ૧૦૮ કિસ્સા સામે આવ્યા હતા. જેમાંથી ૮૮ લોકોના મોત નદીમાં ડૂબી જવાના કારણે થયા હતા. જ્યારે ૨૦ લોકોને ફાયરબ્રિગેડના જવાનોએ બચાવી લીધા હતા. વર્ષ ૨૦૨૦ માં ૧૪૨ લોકોએ નદીમાં ઝંપલાવ્યું હતું. જેમાંથી ૧૧૩ લોકોના મોત થયા હતા જ્યારે ૨૯ લોકોના જીવ બચાવવામાં સફળતા મળી હતી.

# દક્ષિણ ગુજ.માં રોજ ૩૦૦-૪૦૦ મેટ્રિક ટન ઓક્સિજન ઉત્પાદન છતાં વલખાં

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં અલગ અલગ કંપનીઓ દ્વારા દરરોજનો ૩૦૦ થી ૪૦૦ મેટ્રિક ટન ઓકિસજનનું ઉત્પાદન થઈ રહ્યુ હોવા છતા સુરત કે આજુબાજુના જિલ્લાને ઓકિસજન મેળવવા માટે વલખા મારવા પડે છે તે સૌથી મોટી નામોશી છે.

## સ્મિમેર અને સિવિલના દરવાજા બંધ કરવા પડ્યા

**સુરતઃ છેલ્લા ત્રણથી ચાર દિવસથી સુરતમાં ઓક્સિજનની કટોકટિ સર્જાઇ રહી છે. ત્યારે બુધવારે સ્થિતિ વધુ ગંભીર બની હતી. ઓક્સિજન અને ઇન્જેક્શન ન હોવાથી સુરત શહેરની સ્મિમેર હોસ્પિટલ અને સિવલ હોસ્પિટલના દરવાજા બંધ કરવામાં આવ્યા હતા.**

સુરત શહેર સહિત દક્ષિણ ગુજરાતમાં કોરોનાના કેસો વધવાની સાથે જ ગંભીર દર્દીઓની સંખ્યામાં પણ વધારો થતા ઓકિસજનની જરૂરિયાત ઉભી થઈ છે. હાલ ઓકિસજન સુરત શહેર અને આજુબાજુની જ કંપનીમાં બનતો હોવા છતા દર્દીઓને આપવા માટે રીતસરના ફાંફા મારવા પડી રહ્યા છે. સુરત જિલ્લા કલેકટરને કોગ્રેસ દ્વારા આવેદનપત્ર પાઠવીને રજુઆત કરાઈ હતી કે દક્ષિણ ગુજરાતમાં હજીરાની આઈનોકસ, દહેજની લીંડે ઈન્ડિયા અને બિરલા કોપર, ભરૂચની જી.એન.એફ.સી, તથા ઝઘડીયાની એકલીંક, સુરતમાં પદમાવતી પ્રોડકશન અને વિજ્ઞોશ પ્રોડકશન સહિતની બધી કંપનીઓ મળીને આશરે ૩૦૦ થી ૪૦૦ મેટ્રિક ટન ઓકિસજનનું ઉત્પાદન કરી રહી છે. તેમજ સુરતની હોસ્પિટલોને ૨૧૦ કે ૨૨૦ મેટ્રિક ટન ઓકિસજનની જરૂરિયાત હોવા છતા જે મુશ્કેલીઓ આવી રહી છે.

# કોરોનાથી ફટકોઃ સુમુલ ડેરીને એક વર્ષમાં ૩૦૦ કરોડનું નુકશાન

સુરત- કોરોનાની મહામારીમાં સુમુલને દુધ અને દુધની પ્રોડકટના વેચાણ પર ગત વર્ષે ૩૦૦ કરોડથી વધુનો ફટકો પડયો હોવાછતા પશુપાલકોની સ્થિતિ ધ્યાનમાં રાખીને ગાય અને ભેંસના દુધમાં કિલો ફેટે રૂા.૨૦ નો વધારો કર્યાનો મંગળવારે બોર્ડમાં નિર્ણય લેવાયો હતો.

સુરત અને તાપી જિલ્લાના ૨.૫૦ લાખ પશુપાલકોને પણ કોરોનાની અસર થવાની સાથે મોંઘવારી પણ નડી રહી છે. પશુદાણ, ધાસચારો, પશુ સારવાર ખર્ચમાં અસહય વધારો થયો હોવાથી સુરત જિલ્લા કોગ્રેસ દ્વારા ગાય અને ભેંસના દુધમાં કિલો ફેટે વધારો કરવા માંગ કરાઈ હતી. મંગળવારે સુમુલની મળેલી બોર્ડમાં આ માંગણીને ધ્યાનમાં રાખીને કિલો ફેટે રૂા.૨૦ નો વધારો કરાયો હતો. જેમાં ગાયના ફેટમાં કિલોએ રૂા.૬૬૦ હતા.

તે વધીને ૬૮૦ થઈ ગયા છે. જયારે ભેંસના કિલો ફેટે ૬૭૫ હતા. તેમાં ૨૦ નો વધારો થતા ૬૯૫ થઈ ગયા છે. છેલ્લા એક વર્ષમાં કોરોનાના કારણે લોકડાઉન ત્યારબાદ લાખ્ખો મજુરોના પલાયનના કારણે દુધના વેચાણમા ધરખમ ઘટાડો થયો હતો. આ સિવાય દુધ પ્રોડકટના વેચાણમાં પણ ખાસ્સો એવો ઘટાડો થયો હોવાથી ગત વર્ષે ૩૦૦ કરોડના ફટકો પડયો હતો.

# કરુણાંતિકા : લગ્નના સાત ફેરાને બદલે દીકરીના થયા અંતિમસંસ્કાર

વલસાડઃ કપરાડા તાલુકાના મોટાપોઢા ગામે બનેલી આ ઘટના અંગે મળતી વિગતો એવી છે કે, ઓમ કચ્છ ફળિયામાં રહેતાંપટેલપરિવારની દીકરી મનિષા વાપીની એક ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે કામ કરતી હતી. જેના લગ્ન તારીખ ૨૪-૪-૨૧ના રોજ સેલવાસના રખોલી ગામના યુવક સાથે કરવાનું નક્કી કરાયું હતુ. લગ્ન માટેપરિવારે કંકોત્રી છપાવી અને સ્નેહીજનો અને સબંધોઓને નિમંત્રણપણપાઠવાયું હતુ. ઘરમાં દિકરીના લગ્નપ્રસંગને કારણેપરિવારમાં ખૂબ જ ઉત્સાહ હતો. જો કે, અઠવાડિયાપહેલાં જ અચાનક જ મનિષાને તાવ આવ્યો હતો. ત્યારબાદ તેની તબિયત લથડતા પરિવારે કોરોનાના ટેસ્ટ કરાવ્યા હતા. જેમાં મનીષા કોરોનાગ્રસ્ત હોવાનું બહાર આવ્યું હતુ.

વાપી અને વલસાડમાં ઓક્સિજન અને વેન્ટિલેટર સાથેના બેડ ખાલી ન હોવાથી મનીષાને સારવાર માટે સેલવાસની હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. આખરે મનીષાને રિકવરી ન આવતાં વેન્ટિલેટર પર રાખવાની નોબત આવી હતી. દરમિયાન પીઠી લગાડવાના દિવસે જ મનીષાએ દમ તોડી દીધો હતો. ઘટના સાથે જ પરિવાર શોકમગ્ન થઈ ગયો હતો.

# સુરત આયુષ હોસ્પિટલના કોવિડ વોર્ડમાં આગ લાગતા પાંચ દર્દીના કરૂણ મોત

## • વેન્ટિલેટરના ત્રણ અને અન્ય દર્દીએ સલામત સ્થળે ખસેડાયા

સુરતના લાલ દરવાજા ખાતે આવેલી હોસ્પિટલના આઈસીયુમાં આજની દુર્ઘટના બાદ અન્ય હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયેલ પાંચ દર્દીના મોત થયા છે. શોર્ટ સર્કિટને કારણે લાગેલી આગમાં ICUના ૧૦ દર્દીઓને અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી આજે સારવાર દરમિયાન પાંચ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. આટલી ગંભીર ઘટના હોવા છતાં પણ તંત્ર કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી.

ઉલ્લેખનીય છે કે સુરતના લાલ દરવાજા ખાતે આવેલી આયુષ હોસ્પિટલના પાંચમા માળે કોવિડના વોર્ડમાં મોડીરાત્રે અચાનક આગ ભભૂકી ઉઠી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ એસીમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી જોતજોતામાં આગ વધુ ફેલાઈ ગઈ હતી. આગ લાગ્યાની જાણ ફાયર વિભાગને તાત્કાલિક કરી દેવામાં આવી હતી. હોસ્પિટલમાં આગ લાગી હોવાને કારણે બ્રિગેડ કોલ જાહેર કરી દેવાયો હતો જેના કારણે ૧૫થી વધુ ફાયર ફાઈટર અને ૧૫થી વધુ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

આગ વધુ પ્રસરે તે પહેલા ફાયર વિભાગની ટીમે કોવીડના વોર્ડમાં વેન્ટિલેટર પર સારવાર લઈ રહેલા ઉપરાંત સારવાર લઈ રહેલા અન્ય ૧૭ દર્દીઓને સહી-સલામત બહાર કાઢ્યા હતા. સલામત રીતે બહાર કઢાયેલા આ દર્દીને અન્ય જગ્યાએ શિફ્ટ કરવામાં આવ્યા હતા. જોકે, વેન્ટિલેટર પર સારવાર લેતા દર્દીને અન્ય હોસ્પિટલમાં ખસેડાયા બાદ તેઓએ દમ તોડયો હતો.

# પવિત્ર માસ રમઝાનના ઉપવાસ (રોઝા)નો મહિમા તથા મહત્વતા



## મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

**ઈસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

ભાગ - ૨

પવિત્ર રમઝાન માસમાં ઉપવાસ (રોઝા)નો ગાળો સુર્યોદયના થોડાક સમય પહેલા એટલે કે લગભગ પરોઢિયાના સમયથી લઈને સુર્યાસ્તના સમય સુધી હોય છે. આ ગાળા દરમિયાન શ્રધ્ધાળુઓ કશું પણ ખાવાનું કે પીવાનું તદ્દન બંધ રાખે છે એટલે કે જરા જેટલું પણ નહિં. સુર્યાસ્ત થયા પછી તરત જ ઉપવાસ (રોઝા)નો અંત લાવે છે. પરોઢિયા સમયે જે ખાવા પીવાનું હોય છે તેને "સહેરી" અને સુર્યાસ્ત પછી જે ખાવાનું હોય છે તેને "ઈફતાર" કહેવામાં આવે છે.

આ રીતે પવિત્ર માસ રમઝાન, જે ઈસ્લામી વર્ષમાં એક વાર આવે છે તેના ૨૯ કે ૩૦ ઉપવાસ (રોઝા) દરેક શ્રધ્ધાળુ પર ફરજીયાત છે. આ ઉપવાસ (રોઝા) રાખવા માટે કયા પ્રકારનો બદલો એટલે કે પુણ્ય શ્રધ્ધાળુઓને મળશે, તે વિષે કુરાન મજીદમાં કશું વિગતવાર નથી કહેવામાં આવેલ, પરંતુ પ્રકરણ ૨ના શ્લોક ૧૮૩માં કેવળ એટલું કહેવામાં આવેલ છે કે આ ઉપવાસો (રોઝાઓ) થકી શ્રધ્ધાળુઓ સંયમી (પરહેઝગાર) એટલે કે પાલનહાર અલ્લાહથી ડર રાખનારા અને નઠારા કાર્યોથી દૂર રહેનારા બની જશે. પાલનહાર અલ્લાહનું આટલું કહેવું જ શ્રધ્ધાળુઓ માટે સ્વર્ગ પામ્યા સમાન છે.

પવિત્ર માસ રમઝાનમાં શ્રધ્ધાળુઓ (મોમીનો-ઈમાનવાળાઓ) બંદગી પણ અન્ય માસ કરતા વધુ પ્રમાણમાં કરે છે. આ પવિત્ર માસની એક ખાસ બંદગી એ છે કે રાત્રીના સમયની સમુહગત બંદગી (નમાઝ)ને ખાસ લંબાવવામાં આવે છે અને પુરા માસ દરમ્યાન રાત્રીની આ લંબાવેલ બંદગી (નમાઝ)માં પુરા કુરાન મજીદનું મૌખિક પઠન કંઠસ્તે કરવામાં આવે છે. આ પઠન કરનાર અને સમુહગત રાત્રીની બંદગી (નમાઝ)ની દોરવણી કરનારને "હાફીઝ" કહેવામાં આવે છે, કારણકે તેને કુરાન મજીદના પુરેપુરા ૧૧૪ પ્રકરણો એટલે કે ૬,૨૩૬ શ્લોકો (આયતો) કંઠસ્તે (મોઢે) યાદ હોય છે. તે ઉપરાંત શ્રધ્ધાળુઓ પણ આ પવિત્ર માસમાં ખાસ કરીને કુરાન મજીદનું પઠન વધારે કરે છે.

પવિત્ર માસ રમઝાનના ઉપવાસ (રોઝા) ઈસ્લામી વર્ષ અને ઈસ્લામી માસ અનુસાર રાખવામાં આવે છે. એટલે કે "લુનાર" (ચંદ્રના સમયની ગણતરીને આધારિત) વર્ષ અનુસાર અને ન કે "સોલાર" (સુર્યના સમયની ગણતરીને આધારિત) વર્ષ અનુસાર. ચંદ્રના સમયની ગણતરીને લાગતા વર્ષ અને સુર્યના સમયની ગણતરીને લાગતા વર્ષમાં અંદાજે ૧૧ દિવસનો તફાવત હોય છે. સુર્યની ગણતરીના વર્ષમાં ૩૬૫ કે ૩૬૬ દિવસ હોય છે, જયારે ચંદ્રની ગણતરીના વર્ષમાં ૩૫૪ કે ૩૫૫ દિવસ હોય છે. આ પ્રમાણે પવિત્ર માસ રમઝાન જો અત્યારે ગરમીના દિવસોમાં હશે, તો અમુક વર્ષો પછી તે સરદીના દિવસોમાં હશે.અને આ પ્રમાણે પાલનહાર અલ્લાહે સર્વે શ્રધ્ધાળુઓ (મોમીનો) માટે સરળતા પણ કરી આપેલ છે કે પુરા જીવનમાં કયારેક પવિત્ર માસ રમઝાન અતિ ગરમીના દિવસોમાં, તો કયારેક સહેજ ગરમીના દિવસોમાં અને કયારેક અતિ સરદીના દિવસોમાં તો કયારેક સહેજ સરદીના દિવસોમાં આવે છે. આ પધ્ધતિ અને રચના થકી ઉપવાસ (રોઝા) દર વર્ષે થોડા ભિન્ન પ્રકારના હોય છે અને ખાસ કરીને સરદીના દિવસોમાં પરોઢિયાથી લઈને સુર્યાસ્ત સુધીના ગાળામાં ભુખ તરસ સહેલાઈથી સહન કરી શકાય છે.

પવિત્ર રમઝાન માસ પુર્ણ થઈ ગયા પછી એટલે કે ૨૯ કે ૩૦ ઉપવાસ (રોઝા) પૂર્ણ થઈ ગયા પછી નવા ઈસ્લામી દસમા માસ 'શવ્વાલ'નો નવો ચંદ્ર સાંજે દર્શન થઈ ગયા પછી તે નવા માસ "શવ્વાલ"નો પહેલો દિવસ જગતના સર્વે મુસ્લિમો "રમઝાન ઈદ" તરીકે ઉજવે છે. આ ઉજવણીને "ઈદુલ ફીત્ર" પણ કહેવામાં આવે છે. આ શુભ અવસરે ઘરોમાં મીઠી વાનગી પકાવવામાં આવે છે તથા સગા સ્નેહીઓ તથા મિત્રોને રમઝાન ઈદની શુભેચ્છાઓ અને મુબારકબાદ પાઠવવામાં આવે છે. આ દિવસે પાલનહાર અલ્લાહનો આભાર વ્યકત કરવા માટે સવારની વધારાની સમુહગત બંદગી (નમાઝ) જેને "ઈદની નમાઝ" કહેવામાં આવે છે, તે સર્વે મુસ્લીમો પોતાના વિસ્તારના મોટા પ્રાર્થના સ્થાન એટલે કે મસ્જીદમાં અથવા મોટા મેદાનમાં કે કોઈ બીજી મોટી જગ્યાએ સમુહગત રીતે કરે છે.

પવિત્ર રમઝાન માસ દરમ્યાન અથવા તો પૂર્ણ થઈ ગયા પછી તરત જ દરેક મુસ્લીમ એક ખાસ રકમ દરિદ્રો નિરાધારો તથા નિર્ધનોને દાન કરે છે. આ દાન સર્વ મુસ્લીમો પર ફરજિયાત છે અને રમઝાન ઈદની સવારની સમુહગત બંદગી (નમાઝ) પહેલાં જ આ દાન કરી દેવામાં આવે છે, જેથી દરિદ્રો, નિરાધારો તથા નિર્ધનોને આ રકમ મોકાસર કામ આવી શકે અને તેઓ પણ રમઝાન ઈદની ઉજવણી કરી શકે. આ દાનને 'ફીત્રો' કહેવામાં આવે છે. ઉત્તર અમેરિકામાં આ રકમ અત્યારે અંદાજે દસ ડોલરની થાય છે.

આ પવિત્ર માસ રમઝાન આ રીતે મુસ્લીમોના જીવનમાં એક પરિવર્તન લાવે છે કે તેઓ વર્ષમાં એક મહિનો ભુખ અને તરસ સહન કરીને સંયમિ થઈ જાય છે, તથા આરોગ્યના નિયમો અનુસાર પણ આ ઉપવાસો (રોઝાઓ) તેમના શરીરને ફાયદો પહોંચાડે છે. અને સૌથી મહત્વની વાત એ છે કે આ ઉપાવાસો (રોઝાઓ) થકી તેઓ પાલનહાર અલ્લાહના આદેશોનું પાલન કરે છે, જે એક પુણ્ય સમાન છે.

# દેશના ૬ રાજ્યોએ રસીકરણ માટે હાથ ઊંચા કર્યા

નવી દિલ્હી : ભારતમાં ચાલી રહેલા વિશ્વના સૌથી મોટા કોરોના રસીકરણ અભિયાનના ચોથા તબક્કાના પ્રારંભ પહેલાં જ આશાઓ વિખેરાઈ રહી છે. પહેલી મેથી ૧૮ વર્ષથી વધુ વયના નાગરિકોને કોરોનાની રસી આપવાના કેન્દ્ર સરકારના એલાન પર રસીની અછતનું ગ્રહણ લાગી ગયું છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન અને છત્તીસગઢે પહેલી મેથી ૧૮ પ્લસ લોકોને કોરોનાની રસી આપવાનું મોકુફ રાખવાનો નિર્ણય કર્યા પછી ગુરુવારે વધુ રાજયોએ રસીની અછતનું કારણ આગળ ધરીને રસીકરણ શરૂ કરવા પર નિઃસહાયતા વ્યક્ત કરી છે. આ ત્રણ રાજ્યો પછી હવે દિલ્હી, પંજાબ, ઓડિશા, કેરળ, મધ્યપ્રદેશ અને જમ્મુ-કાશ્મીરની સરકારોએ પણ ૧ મેથી રસીકરણ શરૂ કરવા પર અસમર્થતા વ્યક્ત કરી છે.

દિલ્હીના આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને ગુરુવારે જણાવ્યું હતું કે, અમારી પાસે કોરોનાની રસીનો જથ્થો નથી. તેથી અમે ૧૮ વર્ષથી ઉપરનાને ૧ મેથી કોરોનાની રસી આપવાની સ્થિતિમાં નથી. અમે કંપનીઓને ઓર્ડર આપેલા છે. અમારી પાસે રસીનો જથ્થો આવશે ત્યારે અમે તેની જાણ કરીશું. અમે રસીકરણની તમામ તૈયારી કરી લીધી છે પરંતુ અત્યારે અમારી



પાસે રસી નથી. ઓડિશામાં રસીકરણના ઈનચાર્જ બિજયા પનિગ્રહીએ જણાવ્યું હતું કે, રાજ્ય પાસે વેક્સિન વિલંબથી આવશે તેથી ૧ મેથી રસીકરણ શરૂ થવાની કોઈ સંભાવના નથી. ૧૨ જિલ્લામાં રસીકરણની કામગીરી ઠપ છે. આશા છે કે ૧૫ મે સુધીમાં રસીનો જથ્થો અમને મળે. જમ્મુ-કાશ્મીર સરકારના સૂત્રોએ જણાવ્યું હતું કે, અમે ઓર્ડર આપ્યો છે પરંતુ અમને સપ્લાય મળ્યો નથી. પંજાબના આરોગ્ય મંત્રી બલબીર સિદ્ધુએ જણાવ્યું હતું કે, પંજાબમાં કોરોનાની રસીની ભાર અછત છે. ૧ મેથી ૧૮ વર્ષથી વધુ વયના લોકોના રસીકરણ માટે અમારી પાસે રસી ઉપલબ્ધ નથી. ઘણા શહેરોમાં પ્રાઈવેટ હોસ્પિટલોમાં રસી ન હોવાના કારણે કામગીરી ઠપ પડી છે.

૧ મેથી શરૂ થઈ રહેલા કોરોના રસીકરણના ચોથા તબક્કામાં ૧૮થી ૪૪ વર્ષના ૧.૨૩ કરોડથી વધુ લોકોએ રસી મેળવવા માટે નોંધણીના પહેલા જ દિવસે બુધવારે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું પરંતુ તેમને પહેલી મેથી રસી મળશે કે કેમ તે નિશ્ચિત નથી. ઘણા રાજ્યોમાં પ્રવર્તી રહેલી રસીની અછતના કારણે નોંધણી કરાવનારાઓને તેમના શિડયુલ અંગે જાણ કરાઈ નથી.

સીરમ ઈન્સ્ટિટયુટે રાજ્યો માટેની કોરોના રસીની કિંમતમાં ઘટાડો કર્યાના એક દિવસ પછી ભારત બાયોટેકે તેના દ્વારા નિર્મિત કોરોનાની રસી કોવેક્સિનની કિંમત રૂપિયા ૬૦૦થી ઘટાડીને રૂપિયા ૪૦૦ કરી છે. કંપનીએ જણાવ્યું હતું કે, અમે દેશમાં મહામારીની સ્થિતિ અંગે ઘણા ચિંતિત છીએ.

## ઓક્સિજનના કાળાબજાર, દિલ્હીમાં એક સિલિન્ડરનો ભાવ ૫૦ હજાર

નવી દિલ્હી : કોરોનાના હાહાકાર વચ્ચે દિલ્હીમાં ઓક્સિજનની અછત વચ્ચે ઓક્સિજન સિલિન્ડર માટે લોકો વલખા મારી રહ્યા છે, લોકો હોસ્પિટલોમાં ઓક્સિજન વગર મોતને ભેટી રહ્યા છે. અને બીજી તરફ લેભાગુઓ માનવતાને નેવે મુકીને તેના પૂરજોશમાં કાળાબજાર કરી રહયા છે. દિલ્હીમાં હાલત એ છે કે, એક ઓક્સિજન સિલિન્ડર બ્લેક માર્કેટમાં ૫૦,૦૦૦ રૂપિયામાં વેચાઈ રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે સાઉથ દિલ્હી પોલીસે બાતમીના આધારે આવી એક ગેંગ પર દરોડો પાડીને ૩ લોકોની ધરપકડ કરી છે. તેમની પાસેથી એક મોટો અને એક નાનો ઓક્સિજન સિલિન્ડર પણ મળી આવ્યો છે. પૂછપરછમાં આ ત્રણે લોકોએ કહ્યુ હતુ કે, અમે ઓક્સિજનનો નાનો સિલિન્ડર ૩૦૦૦૦ રૂપિયા અને મોટો સિલિન્ડર ૫૦૦૦૦ રૂપિયા સુધીમાં વેચતા હતા. પૂછપરછ બાદ પોલીસે આ લોકોએ દર્શાવેલી અન્ય એક જગ્યાએ પણ દરોડો પાડ્યો હતો.જ્યાંથી ચાર ઓક્સિજન સિલિન્ડર અને પાંચ નાઈટ્રોજન સિલિન્ડર પણ મળી આવ્યા હતા.

### યુપીમાં શુક્રવારથી મંગળવાર સુધી સંપૂર્ણ લોકડાઉન

ઉત્તરપ્રદેશમાં અચાનક કોરોના વાયરસના કેસોનો ધડાકો થતા હવે રાજ્યનું વહીવટી તંત્ર સ્થિતિને કાબૂમાં લેવાના તમામ પ્રયાસો કરી રહ્યું છે. જેમાં હવે વિકએન્ડમાં એક દિવસનો વધારો કરી દેવામાં આવ્યો છે. યોગી સરકારે મહત્વનો નિર્ણય લઈને શુક્રવાર રાત્રે ૮ વાગ્યાથી મંગળવારે સવારે ૭ વાગ્યા સુધી યુપીના તમામ જિલ્લામાં લોકડાઉન લગાવવાનો નિર્ણય કર્યો છે. એક દિવસ અગાઉ અલ્હાબાદ હાઈકોર્ટે યુપી સરકારને ૫ મોટા શહેરોમાં ૧૪ દિવસનું સંપૂર્ણ લોકડાઉન લગાવવાનો આગ્રહ કર્યો હતો.

## મહારાષ્ટ્રમાં કોરોનાનો રેકોર્ડ : ૧ જ દિવસમાં ૯૦૦ લોકોનાં મોત

મુંબઈ : મહારાષ્ટ્રમાં કોરોના વાયરસ કહેર વરસાવી રહ્યો છે, બુધવારે એક જ દિવસમાં રેકોર્ડ ૯૦૦ લોકોનાં મોત થયા છે, જો કે મુબઈમાં લોકડાઉન સફળ થતું જોવા મળી રહ્યું છે, અને શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાનાં કેસમાં સતત ઘટાડો થતો જોવા મળી રહ્યો છે.

રાજ્યના આરોગ્ય વિભાગના આંકડા મુજબ, મહારાષ્ટ્રમાં બુધવારે ૬૬,૩૫૮ નવા કેસ નોંધાયા છે. આ સિવાય ૮૯૫ લોકોએ જીવ ગુમાવ્યો હતો. બુધવાર ડિસ્ચાર્જ થનારાની સંખ્યા ૬૭,૭૫૨ છે, જ્યારે કેસોની કુલ સંખ્યા વધીને ૪૪,૧૦૦,૮૫ થઈ ગઈ છે. તો, રાજધાની મુંબઈમાં છેલ્લા ૨૪ કલાકમાં, મુંબઈમાં ૪૦૧૪ નવા કેસ નોંધાયા છે. આ સાથે, છેલ્લા ૨૪ કલાકમાં ૮૨૦૦ થી વધુ દર્દીઓએ કોરોનાને હરાવ્યો છે.

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા જારી કરાયેલા આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૩૦૪૨૮ સેમ્પલોનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. તેમાંથી ૪૦૧૪ લોકો કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે જ દેશની આર્થિક રાજધાનીમાં કોરોનાનો આંકડો ૫૩,૦૨,૪૯૦ પર પહોંચી ગયો છે.

### દિલ્હીમાં અંતિમ સંસ્કાર માટે ૨૦ કલાકનું વેઇટીંગ

રાજધાની દિલ્હીમાં કોરોનાની સ્થિતી એ હદે વણસી છે કે સેંકડો લોકોનાં મોત થઇ રહ્યા છે, મોતની સાથે મૃતદેહનાં અગ્નિ સંસ્કાર માટે પણ ૨૦ કલાક સુધી રાહ જોવી પડી રહી છે કેટલાક પરિવારને અગ્નિ સંસ્કાર માટે જગ્યા ન મળતા મૃતદેહને ભાડાનાં ફ્રિજમાં રાખવાની ફરજ પડી રહી છે, પરિવારજનો માટે તેમનાં આત્મિયજનનો અગ્નિ સંસ્કાર કરવામા પડી રહેલી મુશ્કેલી પિડાજનક બની છે.

### રાજસ્થાન સીએમ અશોક ગેહલોત કોરોના પોઝિટિવ

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેના પહેલા તેમના પત્ની સુનીતા ગેહલોત કોરોના સંક્રમિત આવ્યા હતા. બંને ઘરે જ આઈસોલેટ થયા છે. રાજસ્થાન કોંગ્રેસના અધ્યક્ષ ગોવિંદ સિંહ ડોટાસરાએ મુખ્યમંત્રી અશોક ગેહલોત જલ્દી સ્વસ્થ થાય તેવી કામના કરી હતી.

## કોરોનાગ્રસ્ત લોકોનું જીવન બચાવવા સ્ટેરોઈડ-બ્લડ થિનર ઉપયોગી : તજજ્ઞો

લખનૌ : કોરોના મહામારીના પ્રકોપ વચ્ચે દેશમાં રેમડેસિવિયર ઈન્જેક્શનની ખૂબ જ અછત પડી રહી છે. જોકે હવે નિષ્ણાંતોએ જણાવ્યું કે રેમેડસિવિયર કરતા પણ વધુ સારી રીતે કેટલાક ખાસ સ્ટેરોઈડ અને બ્લડ થિનર કોરોનાગ્રસ્ત ગંભીર દર્દીઓ માટે જીવન બચાવનાર નિવડી રહ્યા છે.

સ્ટેરોઈન્ડ અને બ્લડ થિનર એવા ગ્રુપની દવાઓ છે જેનો ઉપયોગ બીમારીઓના એક સમૂહની સારવાર માટે થાય છે. આ બંને ડ્રગ પોતપોતાની રીતે શરીરમાં મેડિકલ પ્રોબ્લેમ દૂર કરવા માટે કામ કરે છે. સ્ટેરોઈડમાં એન્ટી ઈન્ફલામેન્ટરી પ્રોપ્રટી હોય છે. જ્યારે બ્લડ થિનર શરીરમાં લોહીના ગાઠા જામવા દેતું નથી.

સંજય ગાંધી પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટચ્યુટ ઓફ મેડિકલ સાયન્સના ડિરેક્ટર પ્રો. આર. કે. ધિમને કે જેઓ ખૂબ જ ગંભીર દર્દીઓની સારવાર કરી રહ્યા છે તેમણે જણાવ્યું કે 'કોરોના વાયરસના જુદા જુદા સ્ટ્રેન આપણા શરીરના કોષો પર હુમલો કરે છે અને એવી સ્થિતિ પેદા કરે છે જેમાં શરીરમાં ઈન્ફલામેશન વધે અને લોહીના ગાઠા જામે. તેથી જો તેને સમયસર કાબૂમાં કરવામાં ન આવે તો દર્દીનું જીવન ગંભીર જોખમ હેઠળ આવી જાય છે. જેનાથી મલ્ટિ ઓર્ગન ફેલ્યોરની શક્યતા વધી જાય છે. અમે નોંધ્યું છે કે જ્યારે રેમડેસિવિયર બિમારીના સમયગાળાની લંબાઈને ઘટાડવામાં મદદ કરે છે ત્યારે સ્ટેરોઈડ અને બ્લડ થિનર દર્દીનો જીવ બચાવવામાં મદદ કરે છે.

### ઉત્તર પ્રદેશ પંચાયત ચૂંટણીની ફરજ પર રહેલા ૧૩૫ લોકોના મોત

ઉત્તર પ્રદેશ પંચાયત ચૂંટણી દરમિયાન ચૂંટણી ડ્યુટી માટે નિમણૂંક કરાયેલા ૧૩૫ લોકોના મોત અંગે હવે અલ્લાહાબાદ હાઇકોર્ટે ચૂંટણી પંચને આડેહાથ લીધું છે. કોર્ટે ચૂંટણી પંચ ફટકારતા નોટિસ ફટકારી છે. નોટિસમાં કોર્ટે સવાલ પુછ્યો છે કે ચૂંટણી દરમિયાન સરકારી ગાઇડલાઇનનું પાલન કેમ નથી કરાયું? હવે ચૂંટણી ફરજ પર ગયેલા ૧૩૫ લોકોના મતના સમાચાર આવ્યા છે. ત્યારે કોર્ટે ચૂંટણી પંચ પાસે જવાબ માંગ્યો છે કે તેમને આરોપી બનાવીને કેસ કેમ ના ચલાવવામાં આવે? સાથે જ કોર્ટે ચૂંટણી દરમિયાન તરત કોરોના ગાઇડલાઇનનું પાલન સુનિશ્ચિત કરવાનો આદેશ આપ્યો છે. સાથે જ આ આદેશ ના માનનારા ચૂંટણી અધિકારીઓ પર કાર્યવાહીની ચેતવણી પણ આપી છે. સાથે જ કોરોના વાયરસ સામે લડવાની સરકારી નીતિની પણ કોર્ટે આલોચના કરી છે.

### વેક્સિનેશન અભિયાનમાં કરોડોના કાંડનો દાવો કરતી અરજી સુપ્રીમમાં

દેશમાં ચાલી રહેલી કોરોના વાયરસની બીજી લહેર વચ્ચે સુપ્રીમ કોર્ટ અને દિલ્હી હાઈકોર્ટમાં કોવિડ સાથે સંબંધિત વિવિધ અરજીઓની સુનાવણી ચાલી રહી છે. આના અનુસંધાને ગુરૂવારે સુપ્રીમ કોર્ટમાં વધુ એક અરજી દાખલ કરાઈ છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, વેક્સિનેશન અભિયાનમાં ૩૨,૦૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ થયું છે. વકીલ દીપક આનંદ મસીહે આ અરજી દાખલ કરી છે. અરજીમાં કોરોનાનો સામનો કરવા માટે કેન્દ્ર સરકારની નીતિઓ સામે પણ સવાલ ઉઠાવવામાં આવ્યા છે. અરજીકર્તાના કહેવા પ્રમાણે પશ્ચિમી દેશોમાં કોરોના વેક્સિન તૈયાર કરી દેવામાં આવી પરંતુ તેની પડતર અને કિંમત ૧૫૦-૨૦૦ રૂપિયાથી વધુ નથી.

### દિલ્હી હાઇકોર્ટ : દવા અને ઓક્સિજનના ધોળા દિવસે કાળા બજાર થયા

નવી દિલ્હી : કોરોના મહામારી વચ્ચે દિલ્હી સહિત અનેક રાજ્યોમાં ઓક્સિજનની મોટી અછત જોવા મળી રહી છે ત્યારે દિલ્હી હાઇકોર્ટે સરકારનો ઉધડો લેતા કહ્યું હતું કે તમારી સિસ્ટમ નિષ્ફળ રહી છે. સાથે જ ઓક્સિજનનું જે બ્લેકમાર્કેટિંગ ચાલી રહ્યું છે તેને લઇને આકરા પગલા લેવાનો આદેશ પણ હાઇકોર્ટે આપ્યો હતો. હાઇકોર્ટે સાથે જ દિલ્હી સરકારને કહ્યું છે કે તે તાત્કાલીક ધોરણે ઓક્સિજન રીફિલિંગ યુનિયને પોતાના હાથમાં લઇ લે. હાઇકોર્ટે દિલ્હી સરકારને કહ્યું હતું કે આદેશનું યોગ્ય પાલન કરો, હવે બહુ થયું. જો તમે આ આદેશનું પાલન કરી શકો તેમ ન હોય તો અમને કહો, અમે કેન્દ્ર સરકારના અધિકારીઓને મોકલવાનો આદેશ આપીશું.

### કેન્દ્ર સરકાર : કોઈપણ દેશમાં ઓક્સિજનનો અમર્યાદિત પૂરવઠો ન હોય

કોરોના મહામારીની વકરતી સ્થિતિ વચ્ચે દેશભરમાં ઓક્સિજનના પૂરવઠાની અછત મુદ્દે કેન્દ્ર સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટમાં લૂલો બચાવ કરતાં દલીલ કરી હતી કે દુનિયાના કોઈપણ દેશમાં મેડિકલ ઓક્સિજનનો અમર્યાદિત પૂરવઠો ન હોય. વડાપ્રધાન મોદીની દેખરેખ હેઠળ યુદ્ધના ધોરણે કોરોનાના દર્દીઓ માટે ઓક્સિજન પૂરવઠો વધારવામાં આવી રહ્યો છે. સરકારે કહ્યું કે દેશમાં કોઈપણ સમયે બધા જ રાજ્યો માટે સંતૂલિત રીતે ઓક્સિજનનો પૂરવઠો ઉપલબ્ધ છે. વધુમાં કેન્દ્ર સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટમાં ૨૦૦ પાનાનું સોગંદનામુ રજૂ કરી કોરોના સામે લડવા માટે નેશનલ પ્લાન અંગે માહિતી આપી હતી.

### ચૂંટણી પંચ : નિયમોનું પાલન કરાવવાની જવાબદારી રાજ્યોની છે

પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન કોરોનાના નિયમોનું યોગ્ય પાલન ન થવા બદલ ટીકાઓનો સામનો કરી રહેલા કેન્દ્રીય ચૂંટણી પંચે જણાવ્યું હતું કે કોરોનાને અટકાવવા માટે નિયમોનું પાલન કરાવવાની જવાબદારી રાજ્યોની ડિઝાસ્ટર મેનેજમેન્ટ બોડીની છે. સતત રાજ્ય અને જિલ્લા સત્તાવાળાઓને કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના નિર્દેશોનું પાલન કરાવવા કહ્યું હતું. ચૂંટણી પંચે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે કોરોના મહામારી અટકાવવાના નિયમોનું પાલન કરાવવાની જવાબદારી એસડીએમએની છે અને કોઇ પણ સંજોગોમાં તે આ જવાબદારી પોતાના માથે લઇ શકે નહીં.

## કોરોના સામે ભારત બેબશ

# ૧૭ દેશો ભારતની મદદે દોડી આવ્યા

## ભારતીય એરફોર્સના સી-૧૭ વિમાનને ત્રણ ઓક્સિજન કન્ટેનર લાવવા માટે સિંગાપોર મોકલી દેવામાં આવ્યું

નવી દિલ્હી :કોરોનાના બીજા વેવ સામે લડી રહેલાં ભારતની ઓક્સિજન કન્સન્ટ્રેટરથી લઇને વેક્સિન, વેન્ટિલેટસથી લઇને માસ્ક જેવી જરૂરીયાતને પુરી કરવા માટે વિશ્વના દેશો આગળ આવી રહ્યા છે. અત્યાર સુધીમાં વિશ્વના ઓછામાં ઓછા ૧૭ દેશો ભારતની મદદ માટે આગળ આવ્યા છે અને તેમાં પડોશી દેશોથી લઇને વિશ્વના સુપર પાવર દેશોનો સમાવેશ થાય છે. કેનેડાએ મેડિકલ સાધનોની ખરીદી માટે ભારતીય રેડક્રોસને એક કરોડ ડોલરનું ભંડોળ ફાળવ્યું છે તો સિંગાપોરે તત્કાળ ૨૫૬ ઓક્સિજન સિલિન્ડર ભરેલાં બે વિમાન ભારતને મોકલી આપ્યા છે. સત્તાવાર નિવેદન અનુસાર ભારતીય એરફોર્સના સી-૧૭ વિમાનને ત્રણ ઓક્સિજન કન્ટેનર લાવવા માટે સિંગાપોર મોકલી દેવામાં આવ્યું છે. જ્યારે ભુટાન ભારત માટે ઓક્સિજન સપ્લાઇ કરી રહ્યું છે ત્યારે અમેરિકા કદાચ આગામી મહિને અસ્ટ્રાઝેનેકા વેક્સિનને પણ ભારત સાથે શેર કરી શકે છે.

દક્ષિણ કોરિયા પણ ભારતની મદદે આવી ગયું છે, જરૂરી મેડિકલ ઈક્વિપમેન્ટ્સની સપ્લાઈ કરશે. જે દેશો ભારતને આ મુશ્કેલીની ઘડીમાં મદદ મોકલી રહ્યા છે તેમાં અન્ય દેશોની સાથે અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, આયરલેન્ડ, બેલ્જિયમ, રોમાનીયા, લક્સમબર્ગ, પોર્ટુગલ. સ્વીડન, ઓસ્ટ્રેલિયા, ભુટાન, સિંગાપોર, સાઉદી અરબ, હોંગકોંગ, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ અને યુએઈનો સમાવેશ થાય છે.




## ભારત કોરોના વાયરસનો બોલાવશે ખાતમો, ૨ સ્વદેશી વેક્સીન વચ્ચે આવી પહોંચી ૧ વિદેશી રસી

ભારતમાં કોરોનાનું સામે રક્ષણ આપતી બબ્બે વેક્સીન આપવામાં આવી રહી છે. ૧લી તારીખથી રસીકરણ અભિયાન વધારે વેગીલુ બનાવવામાં આવી રહ્યું છે. જ્યારે બીજી બાજુ કોરોનાના કેસનો પણ રાફડો ફાટ્યો છે ત્યારે રશિયાની કોરોનાની અસરકારક વેક્સીન ભારત આવી રહી છે. ભારતમાં કોરોનાની ત્રીજી રસીનું આગમ થઇ રહ્યું છે. રશિયાની સ્પૂતનિક રસી ભારત આવી ગઇ છે. રશિયાથી બે વિમાન દ્વારા આ રસી ભારતમાં લાવવામાં આવી હતી. પહેલી મેથી ૧૮થી ૪૫ વર્ષની વયનાને રસી આપવાનું શરૂ થશે, જેમને રશિયાની આ રસી પણ આપવામાં આવશે. બીજી તરફ ઓક્સિજનની અછતના કારણે દરરોજ લોકોના મોતના સમાચાર આવી રહ્યા છે. દર્દીના પરિજનો ઓક્સિજનો માટે આમથી તેમ ભટકી રહ્યા છે. ત્યારે આ ઓક્સિજન સંકટ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહત્વનો નિર્ણય કર્યો છે. વડાપ્રધાન મોદીએ પીએમ કેયર્સ ફંડમાંથી એક લાખ પોર્ટેબલ ઓક્સિજન કંસંટ્રેટર ખરીદવાની મંજૂરી આપી છે. બુધવારે પીએમ મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં નિર્ણય કરવામાં આવ્યો છે.

### અમેરિકા ભારતને વેક્સિનની મશીનરી સપ્લાઇ કરશે

અમેરિકન પ્રેસિડેન્ટ જો બાઇડને મંગળવારે વ્હાઇટ હાઉસમાં જણાવ્યું હતું કે અમે ભારતને તત્કાળ જરૂરી તમામ મદદ પહોંચાડવા ઝડપી પ્રયાસો કરી રહ્યા છીએ જેમાં રેમડેસિવિર અને અન્ય દવાઓનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું હતું કે, વેક્સિન બનાવવા માટે જરૂરી મશિનરી માટે વાસ્તવિક મિકેનિકલ પાટ્‌ર્સ મોકલી રહ્યા છીએ. તેમણે ઉમેર્યું હતું કે વડાપ્રધાન મોદી સાથેની વાતચીત દરમિયાન અમેરિકા ક્યારે વાસ્તવમાં વેક્સિન સપ્લાઇ કરી શકશે તેની ચર્ચા કરવામાં આવી હતી.

### યૂરોપના દેશો તરફથી મદદનો ધોધ વહ્યો

ઇયુના નાગરિક રક્ષણ તંત્ર મારફત આયરલેન્ડ ૭૦૦ ઓક્સિજન કન્સનટ્રેટર, એક ઓક્સિજન જનરેટર અને ૩૬૫ વેન્ટિલેટર્સ ભારતને મોકલી રહ્યું છે. જ્યારે બેલ્જિયમ રેમડેસિવિરના ૯૦૦૦ ડોઝ તથા સ્વીડન ૧૨૦ વેન્ટિલેટર્સ ઉપલબ્ધ કરાવી રહ્યા છે. રોમાનિયા ૮૦ ઓક્સિજન કન્સનટ્રેટર, ૭૫ ઓક્સિજન સિલિન્ડર અને લક્સમબર્ગ ૫૮ વેન્ટિલેટર્સ ભારતને મોકલી રહ્યા છે. જર્મની ભારતને મોબાઇલ ઓક્સિજન પ્લાન્ટ મોકલી રહ્યું છે, જે ત્રણ મહિના માટે ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત જર્મની ૧૨૦ વેન્ટિલેટર્સ અને આઠ કરોડ દ્વ્દ્વલ્પ માસ્ક મોકલશે. પોર્ટુગલ ભારતને રેમડેસિવિરની ૫૫૦૩ ડોઝ તથા દરેક સપ્તાહે ૨૦,૦૦૦ લીટર ભારતને મોકલવાની પ્રક્રિયા હેઠળ છે. સ્વીડન ૧૨૦ વેન્ટિલેટર્સ મોકલી રહ્યું છે. ઓસ્ટ્રેલિયા પણ ૫૦૦ વેન્ટિલેટર્સ અને અન્ય મેડિકલ ઈક્વિપમેન્ટ્સને ભારત મોકલવાની પ્રક્રિયા હેઠળ છે.

### બુર્જ ખલિફા ઈમારત ત્રિરંગાથી ઝગમગી ઉઠી

ભારતમાં કોરોના વાયરસના હાહાકારથી દુનિયા પણ ચિંતિત છે.ભારતના મિત્ર દેશો ભારતની પડખે ઉભા રહેવાનુ એલાન કરી રહ્યા છે. સંખ્યાબંધ દેશોએ ભારતને શક્ય હોય તેટલી મદદ કરવાનો વાયદો કર્યો છે ત્યારે યુનાઈટેડ આરબ અમિરાતે પોતે ભારત સાથે છે તેવો સંદેશો આપવા માટે દુબઈ સ્થિત દુનિયાની સૌથી ઉંચી ઈમારત બુર્જ ખલિફાને ત્રિરંગાના રંગમાં રંગી હતી.

### ફ્રાન્સનું આઠ ઓક્સિજન જનરેટર મોકલવા વચન

ફ્રાન્સના વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે ભારત માટે કરવામાં આવી રહેલી મદદમાં આઠ ઓક્સિજન જનરેટરનો પણ સમાવેશ થાય છે જેમાં પ્રત્યેકમાં લગભગ ૧૦ વર્ષ માટે ૨૫૦ પથારીની હોસ્પિટલ માટે સતત ઓક્સિજન પુરવઠો ઉપલબ્ધ કરાવવા સક્ષમ છે. ફ્રાન્સ લિક્વિડ મેડિકલ ઓક્સિજનના પાંચ કન્ટેનર્સ પણ મોકલી રહ્યું છે કે જે એક દિવસમાં ૧૦,૦૦૦ દર્દીઓની ઓક્સિજનની જરૂરીયાત પુર્ણ કરવા સક્ષમ છે. તેણે જણાવ્યું હતું કે તેઓ ભારતને ૨૮ વેન્ટિલેટર્સ પણ મોકલી રહ્યા છે.

## પંજાબના બઠિંડા ખાતે કાર શોરૂમમાં લાગી આગ, ૧૦૦થી વધુ ગાડીઓ બળીને રાખ

- શોરૂમમાં ગાડીઓ ઉપરાંત રિપેરિંગ માટે આવેલી ગાડીઓ પણ સળગી, કરોડોનું નુકસાન

ચંડીગઢ : પંજાબના બઠિંડા ખાતે આવેલા મહિન્દ્રા કંપનીના એક કાર શોરૂમમાં ભારે મોટી આગ હોનારત નોંધાઈ છે. આ દુર્ઘટનામાં ૧૦૦થી પણ વધારે ગાડીઓ સળગીને રાખ થઈ ગઈ હોવાનું અનુમાન છે. આગ હોનારત અંગે જાણ થતા જ ફાયર વિભાગની ૬ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગને કાબૂમાં લેવાનો પ્રયત્ન શરૂ કરી દીધો હતો.

આગનું સ્વરૂપ ખૂબ જ વિકરાળ હોવાથી ફાયર વિભાગની અન્ય ગાડીઓને પણ ઘટના સ્થળે પહોંચવા જાણ કરવામાં આવી હતી. શોરૂમના માલિકના કહેવા પ્રમાણે કરોડો રૂપિયાનું નુકસાન થયાની આશંકા છે.



શોરૂમમાં રહેલી નવી ગાડીઓની સાથે જ જે ગાડીઓ રિપેરિંગ માટે આવી હતી તે પણ સળગી ગઈ છે. શોરૂમના મેનેજરે શોટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન દર્શાવ્યું હતું. આ દુર્ઘટનામાં કેટલું નુકસાન થયું તેનો ચોક્કસ આંકડો થોડા સમય બાદ સામે આવશે.

## આસામમાં ૬.૪ના ૧૦ ભૂકંપના આંચકા અનેક લોકો ઈજાગ્રસ્ત, ભારે નુકસાન

ગુવાહાટી : આસામમાં ૬.૪ની તિવ્રતાના ભૂકંપ બાદ અનેક આંચકા આવ્યા હતા. જેમાં કેટલાક લોકો ઘવાયા હોવાના અહેવાલો છે. જ્યારે અનેક ઈમારતોન નુકસાન થયું હતું. પ્રાપ્ત જાણકારી અનુસાર ભુકંપના આંચકાની હરોળ સર્જાઈ હતી, એક બાદ એક નાના મોટા આંચકા અનુભવાયા હતા, જેને પગલે થોડા સમય માટે નાસભાગ જોવા મળી હતી. લોકો પોતાના ઘરોની બહાર આવી ગયા હતા.

કોઈ જાનહાનીના અહેવાલો નથી પણ કેટલાક લોકો ઘવાયા હતા, જ્યારે કેટલીક ઈમારતોને સામાન્ય નુકસાન પણ થયું હતું. આસામના સોનિપુતના હેડક્વાર્ટર તેજપુરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. વહેલી સવારે ૭.૫૧ કલાકે પ્રથમ આંચકો અનુભવાયો હતો. આસામમાં આવેલા ભૂકંપની અસર બાદમાં સમગ્ર ઉત્તરપૂર્વ પ્રાંતમાં જોવા મળી હતી. જેમાં પશ્ચિમ બંગાળ, ભુતાન અને બાંગ્લાદેશનો પણ સમાવેશ થાય છે.

પ્રથમ આંચકાની તિવ્રતા ૬.૪ની હતી જ્યારે બાકીના અન્ય આચકાની તિવ્રતા ૪.૭, ૪ અને ૩.૬, ૩.૬ની હોવાનું જાણવા મળ્યું છે.

## પશ્ચિમ બંગાળમાં અંતિમ ચરણમાં ૩૫ બેઠકો માટે ૭૬ ટકા મતદાન થયું

કોલકાતાઃ પશ્ચિમ બંગાળ વિધાનસભાની ૩૫ બેઠક માટે ગુરુવારે ભારે મતદાન થયું હતું. સાંજે પાંચ વાગ્યા સુધીમાં ૭૬.૦૭ ટકા મતદાન થયું હતું. પ. બંગાળમાં ગુરુવારે આઠમા અને અંતિમ તબક્કાનું વિધાનસભાની ૩૫ બેઠક માટેનું મતદાન સંપન્ન થયું હતું જેમાં રાજ્યના ૮૪ લાખથી વધુ મતદાતાઓ ૨૮૩ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે સવારથી જ મતદાન મથકોની બહાર લોકોની લાંબી સર્પાકાર લાઈનો જોવા મળી હતી. અગાઉના તબક્કાના મતદાન સમયે થયેલી હિંસાને ધ્યાનમાં લઈને મતદાનમથકો પર જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. મતદાન સમયે જુદા જુદા મતદાન કેન્દ્ર પર હિંસાના છૂટાંછવાયાં બનાવ નોંધાયા હતા, પણ એકંદર મતદાન શાંતિપૂર્ણ રહ્યું હતું. મધ્ય કોલકાતાના મહાજતી સદનની સામે ક્રૂડ બૉમ્બ ફેંકવાનો બનાવ નોંધાયો હતો.

## ૨૦૨૧-૨૨માં ભારતનો જીડીપી ૧૧ ટકા રહેવાનો અંદાજ : એડીબી

- ઝડપી અને મજબૂત રસીકરણ કાર્યક્રમને ધ્યાનમાં રાખીને એડીબીએ ભારતીય અર્થતંત્રના વિકાસનો અંદાજ મૂક્યો

નવી દિલ્હી : વેક્સીનેશન મજબૂત કાર્યક્રમને પગલે ચાલુ નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્ર ૧૧ ટકાના દરે વિકાસ કરશે તેવો અંદાજ એશિયન ડેવલોપમેન્ટ બેંક(એડીબી) દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. જો કે એડીબીએ કોરોનાની બીજી લહેરથી ભારતને સાવચેત રહેવા જણાવ્યું છે.એશિયન ડેવલોપમેન્ટ આઉટલૂક(એડીઓ), ૨૦૨૧ના જણાવ્યા અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૧માં ભારતનો જીડીપી ૧૧ ટકા રહે તેવી શક્યતા છે. એડીબી દ્વારા ૩૧ માર્ચ, ૨૦૨૨ના રોજ પૂરા થતા વર્ષનો ભારતીય અર્થતંત્રના વિકાસનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. કોરોના સામેના મજબૂત રસીકરણ કાર્યક્રમને ધ્યાનમાં રાખીને એડીબી દ્વારા ભારતીય અર્થતંત્રનો આ અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.જો કે વર્તમાન સમયમાં ચાલી રહેલ કોરોનાની બીજી લહેર ભારતીય અર્થતંત્રના વિકાસ સામે અવરોધ ઉભો કરી શકે છે. એડીબીએ વધુમાં જણાવ્યું છે કે પબ્લિક ઈન્વેસ્ટમેન્ટમાં વધારો, ઝડપી વેક્સિનેશન અને ઘરેલુ બજારમાં માગમાં વધારો ભારતીય અર્થતંત્રને વેગ આપશે.

## કોરોના ઈફેક્ટ : ઉત્તરાખંડની સરકારે આગામી ચારધામ યાત્રાને રદ કરી દીધી

નવી દિલ્હી : ઉત્તરાખંડ સરકારે કોવિડ મહામારી વચ્ચે આગામી ચારધામ યાત્રાને રદ કરી દીધી છે. મુખ્યમંત્રી તીરથ સિંહ રાવતે મીડિયાને આ જાણકારી આપી હતી. આ મામલે ગુરૂવારે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું અને તીરથ સિંહે ચારધામના કપાટ પોતાના નિર્ધારિત સમયે જ ખુલશે તેમ જણાવ્યું હતું. પરંતુ માત્ર પુજારીઓ અને પુરોહિતો જ ધામોમાં પૂજા-અર્ચના કરી શકશે. યાત્રિકોને ત્યાં જવાની મંજૂરી નહીં આપવામાં આવે. દેવસ્થાનમ બોર્ડના મીડિયા પ્રભારી ડૉ. હરીશ ગૌડના કહેવા પ્રમાણે સરકારે મે મહિનામાં શરૂ થનારી ચારધામ યાત્રાને લઈને નિર્ણય લીધો છે. ૧૭ મેના રોજ મેષ લગ્નમાં સવારે ૫:૦૦ કલાકે કેદારનાથ ધામના કપાટ ખોલવામાં આવશે. ભગવાન બદ્રી વિશાલના કપાટ ૧૮ મેના રોજ પ્રાતઃ ૪:૧૫ કલાકે શ્રદ્ધાળુઓ માટે ખોલી દેવામાં આવશે.

# વોશિંગ્ટનમાં વીકએન્ડમાં કોરોનાનાં નિયંત્રણો હળવા કરાશે

## ૧ મેથી જિમ, ફિટનેસ સેન્ટર ૫૦ ટકા ક્ષમતા સાથે ખુલશે, આઉટડોર સ્થળોમાં લાઈવ મ્યુઝિક કાર્યક્રમો થશે

વોશિંગ્ટન : અમેરિકામાં કોરોનાનો કહેર ઓછો થઈ રહ્યો છે ત્યારે વોશિંગ્ટન ડીસીમાં આ વીકએન્ડમાં કોરોનાનાં નિયંત્રણો હળવા કરવામાં આવશે. આશરે એક વર્ષનાં સમયગાળા પછી લોકોને કોરોનાનાં નિયમોમાં છૂટછાટ અપાશે. કોરોનાનું સંક્રમણ સામાન્ય થઈ રહ્યુ છે ત્યારે લોકોને તેમાં રાહત મળશે. કોરોનાની મહામારીને કારણે છેલ્લા એક વર્ષ કરતા વધુ સમયથી વોશિંગ્ટન ડીસીમાં ટૂરિઝમ અને અન્ય વેપાર ધંધા ઠપ થઈ ગયા હતા. હવે ટૂરિસ્ટ સ્થળો અને વેપાર ધંધા ફરી ધમધમતા થશે. વોશિંગ્ટન ડીસીનાં મેયર મુરિઅલ બોવઝરે જણાવ્યું હતુ કે, ૧ મેથી જિમ, ફિટનેસ સેન્ટર ૫૦ ટકા ક્ષમતા સાથે ખોલી શકાશે. બગીચાઓ અને આઉટડોર સ્થળોમાં લાઈવ મ્યુઝિક કાર્યક્રમો શરૂ કરી શકાશે. એક ટેબલ પર ૧૦ વ્યક્તિઓ સાથે આઉટડોર રેસ્ટોરાં ખોલી શકાશે. ઈન્ડોર ડાઈનિંગ હોલમાં ૨૫ ટકા લોકોને જ પ્રવેશ આપી શકાશે.

### સ્પુતનિક-વીની આયાત કરવા બ્રાઝિલનો ઈનકાર

રશિયાની વેક્સિન સ્પુતનિક – ફની આયાત કરવા બ્રાઝિલે ઈનકાર કર્યો છે. બ્રાઝિલનાં હેલ્થ નિયમનકાર અન્વિસાએ કહ્યું છે કે આ વેક્સિન આપ્યા પછી લોકોને આડઅસરો થવાનાં કેટલાક જોખમો રહેલા છે. આ ઉપરાંત તેમાં કેટલીક ગંભીર ખામીઓ રહેલી છે. તેથી તેની આયાત કરવા મંજૂરી આપી શકાય તેમ નથી. રશિયા દ્વારા વેક્સિન લીધા પછી તેની સુરક્ષા, ગુણવત્તા તેમજ અસરકારકતા અંગે પણ કોઈ માહિતી આપવામાં આવી નથી.

### સંપૂર્ણપણે વેક્સિનેટેડ થઈ ચુકેલા અમેરિકનોને બાઈડને કહ્યું- 'હવે માસ્કની જરૂર નથી'

કોરોના મહામારીના સંકટનો બહુ ખરાબ રીતે સામનો કરી ચુકેલા અમેરિકામાં હવે સ્થિતિ સામાન્ય બની રહી છે. અમેરિકાના સ્વાસ્થ્ય અધિકારીઓના કહેવા પ્રમાણે સંપૂર્ણપણે વેક્સિનેટેડ થઈ ચુકેલા અમેરિકનોએ ભારે ભીડ સિવાયની જગ્યાઓએ માસ્ક પહેરવાની જરૂર નથી. અનેક અમેરિકનોએ કોરોના સંક્રમણમાં પોતાનો જીવ ગુમાવ્યો છે પરંતુ હવે અમેરિકાની સ્થિતિ સુધરી રહેલી જણાય છે. વેક્સિનેશન બાદ અમેરિકામાં બધુ પહેલા જેવું બની રહ્યું છે. અમેરિકાની પ્રમુખ સ્વાસ્થ્ય સંસ્થા સીડીસીએ સ્પષ્ટપણે કહ્યું છે કે, સંપૂર્ણપણે વેક્સિનેશન કરાવી ચુક્યા હોય તેવા અમેરિકનોએ અજાણ્યા લોકોની ભારે ભીડ હોય તેવા સ્થળોને છોડીને અન્ય જગ્યાએ માસ્ક પહેરવાની જરૂર નથી. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને પણ ટ્વીટમાં લખ્યું હતું કે, કોવિડ-૧૯ સામેની લડાઈમાં આપણે જે અસાધારણ પ્રગતિ કરી છે,

## ચંદ્ર પર અપોલો-૧૧ ઉતારનાર અંતરિક્ષ યાત્રી માઈકલ કોલિંસનું ૯૦ વર્ષે નિધન

વોશિંગ્ટન : મિશન અપોલો-૧૧ સફળતાપૂર્વક ચંદ્ર પર ઉતારનારા અમેરિકી અંતરિક્ષયાત્રી માઈકલ કૉલિંસનું ૨૮ એપ્રિલ, ૨૦૨૧ના રોજ અવસાન થયું છે. તેમની ઉંમર ૯૦ વર્ષની હતી અને સમગ્ર વિશ્વ તેમને અપોલો-૧૧ મિશન માટે ઓળખતું હતું. ઉલ્લેખનીય છે કે, અપોલો-૧૧ મિશનના ચંદ્ર પરના ઉતરાણ બાદ જ નીલ આર્મસ્ટ્રોન્ગે ચંદ્રની સપાટી પર પહેલો પગ મુક્યો હતો અને ત્યાર બાદ બઝ એલ્ડ્રિન ઉતર્યા હતા. માઈકલ કૉલિંસનો એક માત્ર ઉદ્દેશ્ય એ જ હતો કે, અપોલો-૧૧ને સફળતાપૂર્વક ચંદ્રની સપાટી પર ઉતારે અને ત્યાર બાદ નીલ અને બઝને લઈને ધરતી પર પાછા આવી શકે. નીલ અને બઝ અપોલો-૧૧માંથી નીકળીને જે મોડ્યુલમાં ચંદ્ર સુધી પહોંચ્યા હતા તેનું નામ ધ ઈગલ હતું. તે ત્રણેય માટે ચંદ્રની મુસાફરી સરળ નહોતી. યાત્રા શરૂ થઈ કે તરત જ ધરતી સાથેનો રેડિયો સંપર્ક તૂટી ગયો હતો. ત્યાર બાદ કોમ્પ્યુટરમાં ગ્લિચ આવી ગયું હતું અને ધ ઈગલનું ઈંધણ પણ ખૂટી રહ્યું હતું. આ મિશન પૂરૂ કરવા માટે ૪૦,૦૦૦થી વધારે લોકોએ પોતાની મહેનત અને સમયનું યોગદાન આપેલું. નાસા એક્ટિંગ એડમિનિસ્ટ્રેટર સ્ટીવ જુરસિકે માઈકલ કૉલિંસના અવસાન પર આજે વિશ્વએ એક સાચો અંતરિક્ષયાત્રી ખોઈ દીધો તેમ કહ્યું હતું.

## ચાઈનાએ હવે ભારત સરહદે આર્મી તેમજ એરફોર્સની જોઈન્ટ ડીફેન્સ સિસ્ટમ ગોઠવી



બેઈજિંગ : ચીનનાં પીપલ્સ લિબરેશન આર્મી (ન્છ) દ્વારા ભારતની બોર્ડર પર પહેલીવાર વેસ્ટર્ન થીયેટર કમાન્ડ ખાતે એરફોર્સ કમાન્ડ ચેઈન તેમજ આર્મી એર ડીફેન્સ યુનિટ તહેનાત કરીને કમ્બાઈન્ડ એર ડીફેન્સ સિસ્ટમ ઊભી કરવામાં આવી છે. ચીનની સરકારનાં અખબાર દ્વારા જણાવવામાં આવ્યું છે કે નવી જોઈન્ટ સિસ્ટમ એ વેસ્ટર્ન કમાન્ડ થીયેટર્સ દ્વારા યુદ્ધની તૈયારીઓનાં ભાગરૂપે ગોઠવવામાં આવી છે. જેમાં આર્મી અને એરફોર્સ બંનેની સિસ્ટમ યુધ્ધના સમયે સાથે મળીને કામ કરશે.

ચીનની વેસ્ટર્ન થીયેટર કમાન્ડ એ ભારતની સરહદે કામ કરે છે. જ્યાં મોટા પાયે સેનાનો ખડકલો કરવામાં આવ્યો છે. પૂર્વ લદાખમાં એક વર્ષ લાંબી મડાગાંઠ પછી પેંગોંગ ત્સો લેક ખાતેથી બંને દેશ દ્વારા આંશિક રીતે સેના પાછી ખેંચી લેવામાં આવી છે ચીનની સરકારનાં અખબારે કહ્યું હતું કે ભારતની સરહદે આ નવું ફોર્મેશન સંયુક્ત રીતે યુદ્ધ લડવા તેમજ સંયુક્ત રીતે સેનાને તાલિમ આપવા માટે મહત્વનું અને નક્કર પગલું છે. આ જોઈન્ટ સિસ્ટમને ક્યા ગોઠવવામાં આવી છે તેનાં લોકેશનને ગુપ્ત રાખવામાં આવ્યું છે.

## બગદાદની એક હોસ્પિટલમાં આગ ભભૂકતા કોરોનાના ૮૨ દર્દીઓ ભડથું, ૧૧૦ ઘાયલ

બગદાદ : બગદાદની એક હોસ્પિટલના આઈસીયુમાં આગ ફાટી નીકળતા કોરોનાની સારવાર લઈ રહેલા ૮૨ લોકોનાં મોત થયા છે અને ૧૧૦ લોકો ઘાયલ થયા છે તેમ ઈરાકના ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે. મંગળવારે ઈબ્ન અલ ખતિબ હોસ્પિટલના કોરોના આઈસીયુ વોર્ડમાં ઓક્સિજન સિલિન્ડરમાં વિસ્ફોટ થતાં આગ ફાટી નીકળી હતી. આ ઘટના માટે હોસ્પિટલ સત્તાવાળાઓની બેદરકારીને જવાબદારી ઠેરવવામાં આવી છે. ઈરાકના વડાપ્રધાને આ ઘટના પછી હોસ્પિટલના અધિકારીઓની ઝાટકણી કાઢી હતી. દેશના સ્વતંત્ર માનવાધિકાર પંચના પ્રવક્તા અલી અલ બયાતીએ ટ્વિટર પર જણાવ્યું હતું કે મૃતકોમાં વેન્ટીલેટર પર રાખેલા ૨૮ દર્દીઓ પણ સામેલ હતાં. ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગના કર્મચારીઓ તાત્કાલિક હોસ્પિટલ પહોંચી



ગયા હતાં. એમ્બ્યુલન્સમાં ઘાયલ દર્દીઓને અન્ય હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતાં. ૨૦૦ લોકોને હાસ્પિટલમાંથી બચાવવામાં આવ્યા હતાં. દરરોજ કોરોનાના ૮૦૦૦થી વધુ કેસો સપાટી પર આવી રહ્યાં છે.

## માઈક્રોસોફ્ટે ૧૫.૫ અબજ ડોલર અને ગૂગલે ૧૭.૯ અબજ ડોલર નફો કર્યો

વોશિંગ્ટન : અમેરિકી કંપનીઓના પ્રથમ ૩ માસના પરિણામો જાહેર થયા હતા. એ પ્રમાણે ગૂગલની માલિકી ધરાવતી આલ્ફાબેટે પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૫૫.૩ અબજ ડૉલરની રેવન્યુ નોંધાવી હતી. જ્યારે આ સમયમાં તેનો નફો ૧૭.૯ અબજ ડૉલર રહ્યો હતો. ગયા વર્ષ કરતા આવકમાં ૩૪ ટકા, જ્યારે નફામાં ત્રણગણો વધારો થયો હતો. માઈક્રોસોફ્ટે ૩ મહિનામાં ૪૧.૭ અબજ ડૉલરની રેવન્યુ અને ૧૫.૫ અબજ ડૉલરનો નફો નોંધાવ્યો હતો. માઈક્રોસોફ્ટનો નફો ગયા વર્ષના પ્રથમ ૩ માસની સરખામણીએ ૪૪ ટકા વધ્યો હતો. માઈક્રોસોફ્ટની ઓપરેટિંગ સિસ્ટમ આખા જગતના કમ્પ્યુટરોમાં વપરાય છે. તેના કુલ વપરાશકારો ૧.૩ અબજ થયા છે. આ આંકડો અત્યાર સુધીમાં સૌથી વધારે છે. ઓપરેટિંગ સિસ્ટમ ઉપરાંત માઈક્રોસોફ્ટે ક્લાઉડ કમ્પ્યુટિંગમાં પ્રવેશ કર્યો છે. એ સેગમેન્ટમાં પણ તેની કમાણી ઘણી સારી છે. હવે કંપનીની કુલ નેટવર્થ ૨ લાખ કરોડ (ટ્રિલિયન) ડૉલરની નજીક પહોંચી છે. ગૂગલ-આલ્ફાબેટની આવકમાં હંમેશ મુજબ અવિરત વધારો જોવા મળ્યો હતો. ગૂગલની કુલ રેવન્યુમાંથી ૩૧.૯ અબજ ડૉલર એડવર્ટાઈઝિંગમાંથી નોંધાઈ હતી.

## સાઉદી અરબના પાઠ્ય પુસ્તકમાં હવે રામાયણના પાઠનો કરાયો સમાવેશ

રિયાધ : સર્વશ્રેષ્ઠ ગ્રંથ તરીકે રામાયણની ગણના માત્ર ભારતમાં જ નહીં હવે ઈસ્લામિક દેશ સાઉદી અરેબિયાએ રામાયણનો સમાવેશ પોતાના પાઠ્ય પુસ્તકમાં કર્યો છે, આ સમાચારથી ઉત્સાહિત રામાયણ ધારાવાહિકનાં લક્ષ્મણ સુનિલ લહરીએ આ બાબતને ગૌરવનો વિષય ગણાવ્યો છે. સુનિલ લહેરીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું છે, તમામ ભારતીયો માટે ગર્વની વાત છે કે સાઉદી અરેબિયાએ રામાયણને પોતાના પાઠ્યક્રમનો ભાગ બનાવ્યો છે, સુનિલ લહેરીની આ પોસ્ટ અંગે તેમના ફોલોઅર્સે ખુશી વ્યક્ત કરી. સાઉદી અરેબિયામાં રામાયણને પાઠ્યુસ્તકમાં સમાવેશ કરવાનાં સમાચાર અલબત્ત પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનના વિઝન ૨૦૩૦નાં ટ્વિટ પછી બહાર આવ્યા હતા, જેમાં તેમણે વિવિધ દેશોની સંસ્કૃતિ અને ઈતિહાસને સમાવવાની યોજનાઓ જણાવી હતી.

## ૨૦૨૧માં અરાજકતા : પૃથ્વી સાથે મોટો ગ્રહ ટકરાશે : નોસ્ટ્રાદેમસની આગાહી

- ૨૧મી સદીમાં મોટા નેતાની હત્યા થશે અને તેના કારણે ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળશે, યુદ્ધ પછી પશ્ચિમનો પાવર ઘટી જશે

અમદાવાદ : નોસ્ટ્રાદેમસની આગાહીઓનું વિશ્લેષણ કરનારા નિષ્ણાતોએ દાવો કર્યો હતો એ પ્રમાણે નોસ્ટ્રાદેમસે લખ્યું હતું : ૨૦૨૦માં માનવજાત સામે મોટી મુસીબત આવી પડશે. પરંતુ તેનાથી પણ મોટો પડકાર ૨૦૨૧માં ત્રાટકશે. જ્યારે ખતરનાક દુકાળ પડશે. એ દુકાળ દુનિયાનો સૌથી ભયાનક દુકાળ સાબિત થશે. દુકાળનો અંત આવશે અને એ સાથે સ્થાપિત હિતોની સત્તાનો પણ અંત આવશે. નોસ્ટ્રાદેમસે તો ત્યાં સુધી કહ્યું છે કે ૨૧મી સદીમાં ભયાનક ત્રીજું વિશ્વયુદ્ધ થશે. ભગવાનનું શહેર હિંસાથી ભડકશે. બે ભાઈઓ વચ્ચે લડાઈ થશે એટલે એ છૂટા પડી જશે. એક મોટા નેતાની હત્યા થશે અને તે ત્રીજા વિશ્વયુદ્ધનું કારણ બનશે. યુદ્ધ પછી પશ્ચિમનું જગત નબળું પડશે અને પૂર્વમાં સત્તા-સમુદ્ધિનો સૂર્યોદય થશે. ૨૦૨૧માં પૃથ્વી સાથે વિશાળ અવકાશી ગ્રહ ટકરાશે અને તેના કારણે વિનાશ વેરાશે એવું પણ નોસ્ટ્રાદેમસે ભવિષ્યકથન કર્યુ હતું. ૨૦૨૧માં પહેલીવાર એવા સૈનિકો આવશે, જેના દિમાગમાં માઈક્રોચીપ લાગેલી હશે અને તેનાથી એ યુદ્ધ લડશે. આ ઈશારો ચીનના સૈનિકો તરફ હોવાની શક્યતા છે.

## શ્રીલંકામાં બુરખો-નકાબ પહેરીને બહાર નિકળવા પર પ્રતિબંધ, કેબિનેટની મંજુરી

કોલંબો : શ્રીલંકાની કેબિનેટે મંગળવારે જાહેર સ્થળોએ તમામ પ્રકારનાં ચહેરા પરનાં નકાબને રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમી હોવાનું જણાવી પ્રતિબંધ મૂકવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે, જો કે, કોવિડ -૧૯ થી સુરક્ષા માટે માસ્ક પહેરવાને મંજૂરી આપી છે. આ પગલું એવા સમયે આવ્યું છે જ્યારે જાહેર સંરક્ષણ પ્રધાન સરત વીરસેકરાએ માર્ચ મહિનામાં એક દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા હતા જેમાં બુરખા પર પ્રતિબંધ મૂકવાની કેબિનેટ મંજૂરીની માંગ કરવામાં આવી હતી. બુરખાનો ઉપયોગ મુસ્લિમ મહિલાઓ ચહેરા અને શરીરને ઢાંકવા માટે કરે છે. કેબિનેટ પ્રવક્તા અને માહિતી પ્રધાન કેહલીયા રામબુકવેલાએ અહીં પત્રકારોને જણાવ્યું હતું કે કેબિનેટે જાહેર સ્થળોએ તમામ પ્રકારના માસ્ક પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે.

# પૃથ્વી શો ઝળક્યોઃ ૧૮ બોલમાં અડધી સદી ફટકારી

## દિલ્હી કેપિટલ્સે કોલકાતા નાઇટ રાઇડર્સને સાત વિકેટે પરાજય આપ્યો



અમદાવાદઃ ઓપનર પૃથ્વી શૉએ પ્રથમ ઓવરમાં જ છ બોલમાં છ ચોગ્ગા ફટકારવા ઉપરાંત ૧૮ બોલમાં ફટકારેલી અડધી સદીની મદદથી દિલ્હી કેપિટલ્સે અહીં રમાયેલી આઈપીએલની લીગ મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સને સાત વિકેટે પરાજય આપ્યો હતો. બર્થ-ડે બોય આન્દ્રે રસેલના આક્રમક ૪૫ રન વડે કોલકાતાએ છ વિકેટે ૧૫૪ રન નોંધાવ્યા હતા. તેના જવાબમાં ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરનાર દિલ્હીની ટીમે ૧૬.૩ ઓવરમાં ત્રણ વિકેટના ભોગે ૧૫૬ રન બનાવી લીધા હતા. કોલકાતાનો સાત મેચમાં પાંચમો પરાજય થયો છે. રનચેઝ કરનાર દિલ્હી માટે પૃથ્વી અને શિખર ધવને (૪૬) પ્રથમ વિકેટ માટે ૧૩૨ રનની ભાગીદારી નોંધાવીને મુકાબલો એક તરફી બનાવી લીધો હતો. પૃથ્વીએ ૪૧ બોલમાં ૧૧ બાઉન્ડ્રી અને ત્રણ સિક્સર વડે ૮૨ રન બનાવ્યા હતા. પંત ૧૬ રન બનાવીને આઉટ થયો હતો.

## ૩૦ ઓસ્ટ્રેલિયન IPL છોડે તેવી શક્યતા

ભારતમાં કોરોનાના વધી રહેલા સંક્રમણના કારણે આઈપીએલમાં રમી રહેલા ઓસી ક્રિકેટરોમાં ચિંતાનો માહોલ છે. કેન રિચર્ડસન, એડમ ઝેમ્પા, એન્ડ્રુ ટાય તો પહેલા જ ટુર્નામેન્ટ છોડી ચુક્યા છે અને હવે બીજા ક્રિકેટરો પણ અધવચ્ચે સ્વદેશ પાછા જવાનુ વિચારી રહ્યા છે.જેમ કે દિલ્હી કેપિટલ્સમાંથી રમતા સ્ટીવ સ્મિથ અને સનરાઈઝર્સ હૈદ્રાબાદના કેપ્ટન ડેવિડ વોર્નર પણ ઓસ્ટ્રેલિયા પાછા ફરે તેવી શક્યતા છે. એક મીડિયા રિપોર્ટ પ્રમાણે આઈપીએલમાં ભાગ લઈ રહેલા ઓસી ક્રિકેટરો ઉપરાંત કોચ, કોમેન્ટેટર સહિતની ભૂમિકા ભજવી રહેલા ૩૦ ઓસ્ટ્રેલિયન ક્રિકેટરો અને પૂર્વ ક્રિકેટરો ઓસ્ટ્રેલિયા પાછા ફરવા માંગે છે.

## ચાર્ટર્ડ ફ્લાઈટ નહીં મોકલાયઃ ઓસી. પીએમ મોરિસ

ઓસ્ટ્રેલિયાના એક પ્લેયર અને મુંબઈ ઈન્ડિયન્સમાંથી રમતા ક્રિસ લીને કહ્યુ હતુ કે, ઓસ્ટ્રેલિયાએ અમારા માટે ચાર્ટર્ડ પ્લેન મોકલવુ જોઈએ.જોકે ઓસ્ટ્રેલિયાના પીએમ સ્કોટ મોરિસને કહ્યુ છે કે, ઓસી ખેલાડીઓએ ભારત પાછા ફરવાની વ્યવસ્થા જાતે કરવી પડશે.તેમના માટે કોઈ વિશેષ વ્યવસ્થા કરવામાં નહીં આવે, આ ક્રિકેટરો જાતે ગયા હતા અને આ ઓસ્ટ્રેલિયાનો સત્તાવાર પ્રવાસ નથી.

## ખેલાડીઓને વતન સુરક્ષિત મોકલીશું : BCCI

ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સ્કોટ મોરિસને આઇપીએલમાં રમી રહેલા ઓસ્ટ્રેલિયન પ્લેયર્સે જાતે જ વ્યવસ્થા કરીને વતન પરત ફરવું પડશે અને સરકાર આ બાબતમાં કોઇ મદદ કરશે નહીં તેવા કરેલા નિવેદનમાં સંદર્ભમાં બીસીસીઆઇએ પ્રતિક્રિયા વ્યક્ત કરીને જણાવ્યું હતું કે આઇપીએલમાં રમી રહેલા વિદેશી ખેલાડીઓને લીગ પૂરી થયા બાદ કોઇ પણ અંતરાય વિના સુરક્ષિત રીતે વતન પરત મોકલવા માટે પોતાની સંભિવત તમામ મદદ કરશે.

## આર્ચરી કપલ દીપિકા અને અતનુ દાસને ગોલ્ડ મેડલ

ગ્વાટેમાલા સિટીઃ ભારતીય તીરંદાજોની સ્ટાર જોડી દીપિકા કુમારી અને તેના પતિ અતનુ દાસે બે વ્યક્તિગત ગોલ્ડ મેડલ જીતતા ભારતે વર્લ્ડ કપમાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને ટૂર્નામેન્ટના પ્રથમ તબક્કામાં ત્રણ ગોલ્ડ અને એક બ્રોન્ઝ પોતાના નામે કર્યા હતા. વિશ્વની ભૂતપૂર્વ પ્રથમ ક્રમાંકિત દીપિકાએ પોતાની કારકિર્દીમાં વર્લ્ડ કપનો ત્રીજો વ્યક્તિગત ગોલ્ડ મેડલ જીત્યો છે. બીજી તરફ અતનુએ વર્લ્ડ કપમાં પોતાનો પ્રથમ ગોલ્ડ જીતીને મેન્સ રિકર્વ વ્યક્તિગત ઇવેન્ટમાં બાજી મારી હતી.

## BCCI એ વિમેન્સ ટી-૨૦ ચેલેન્જ ટૂર્ના. રદ કરી

નવી દિલ્હીઃ ભારતભરમાં ચોમેર કોરોના વાઇરસની મહામારી ફેલાયેલી છે ત્યારે બીસીસીઆઇએ વિમેન્સ ટી૨૦ ચેલેન્જ ટૂર્નામેન્ટને રદ કરવાનો નિર્ણય કરી લીધો છે અને આ બાબતની સત્તાવાર જાહેરાત કરવાની બાકી છે. ત્રણ ટીમોની આ ટૂર્નામેન્ટ મેન્સ આઇપીએલની ૧૪મી સિઝનના પ્લે ઓફ તબક્કા દરમિયાન રમાડવામાં આવનાર હતી. આ લીગમાં ઘણા વિદેશી ખેલાડીઓ પણ રમે છે. બીસીસીઆઇના એક અધિકારીએ જણાવ્યું હતું કે વર્તમાન કપરી પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા વિમેન્સ ટૂર્નામેન્ટનું આયોજન કરવું અત્યંત કપરું છે.

## બેંગલોરે દિલ્હીને એક રને હરાવ્યું

રોયલ ચેલેન્જર્સ બેંગલોરએ દિલ્હી કેપિટલ્સને ૧ રને હરાવ્યું છે. ૧૭૨ રનના પડકારનો પીછો કરવા ઉતરેલી દિલ્હીની શરૂઆત ખરાબ રહી હતી. શિખર ધવન ૬ અને સ્મિથ માત્ર ૪ રન બનાવી આઉટ થયા હતા.ત્યાર બાદ પૃથ્વી શૉ ૨૧, માર્કસ સ્ટોઇનિસ ૨૨ રન બનાવી આઉટ થયા હતા. જો કે ઋષભ પંત ૫૮ અને શિમરોન હેટમાયર ૫૩ રન બનાવી નોટ આઉટ રહ્યા હતા. જો કે છેલ્લી ઓવરમાં ૧૪ રન કરવાના હતા. જો કે તેઓ માત્ર ૧૨ રન જ કરી શક્યા હતા. આમ દિલ્હીની ૧ રને હાર થઈ હતી. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી બેગ્લોરની ટીમે ૨૦ ઓવરમાં ૫ વિકેટ ૧૭૧ રન બનાવ્યા હતા.

## પોઈન્ટ ટેબલ

| ટીમ | મેચ | જીત | હાર | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ચેન્નઈ | ૬ | ૫ | ૧ | ૧૦ |
| દિલ્હી | ૭ | ૫ | ૨ | ૧૦ |
| બેંગલુરુ | ૬ | ૫ | ૧ | ૧૦ |
| મુંબઈ | ૬ | ૩ | ૩ | ૬ |
| કોલકાતા | ૭ | ૨ | ૫ | ૪ |
| પંજાબ | ૬ | ૨ | ૪ | ૪ |
| રાજસ્થાન | ૬ | ૨ | ૪ | ૪ |
| હૈદરાબાદ | ૬ | ૧ | ૫ | ૨ |

## એકતરફી મેચમાં ચેન્નઇએ હૈદરાબાદને હરાવ્યું

નવી દિલ્હીઃ ઓપનર ફાફ ડુ પ્લેસિસ અને ઋતુરાજ ગાયકવાડે પ્રથમ વિકેટ માટે નોંધાવેલી સદીની ભાગીદારી વડે ચેન્નઇ સુપર કિંગ્સે અહીં રમાયેલી આઇપીએલની લીગ મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદને એકતરફી અંદાજમાં સાત વિકેટે પરાજય આપ્યો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર હૈદરાબાદની ટીમે ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૧૭૧ રન બનાવ્યા હતા. તેના જવાબમાં ચેન્નઇએ ૧૮.૩ ઓવરમાં ત્રણ વિકેટના ભોગે ૧૭૩ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. બેટિંગ માટે સ્વર્ગસમી પિચ ઉપર ઓપનર ડુ પ્લેસિસ અને ગાયકવાડે પ્રથમ વિકેટ માટે ૧૨૯ રનની ભાગીદારી નોંધાવીને ચેન્નઇના ટીમના વિજયનો પાયો નાખી દીધો હતો.





# CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from **$0.89** per square feet only

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

Ceramic tiles starting from **$0.50** per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24" * 24" | 12" * 24" | 24" * 48" | 4" * 8" | 4" * 12"

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

https://clubceramic.com Email : sales@clubceramic.com



Chapel Ridge

FUNERAL HOME & CREMATION CENTRE

**416.993.0826**

**24/7 # 905.305.8508**



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. *(St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)*

ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત **$4270**

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત **$595** એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* *This is not a general insurance. Applies only in case of a death away from home.*

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com